F.Y.B.A

# ઈતિહાસ: પેપર – 02

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ. ૮મી સદી સુધી)

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 9

## છઠ્ઠીથી આઠમી સદી દરમ્યાન ભારતીય સંક્રાન્તિકાળ
## (Transition to Early Medieval India)

એકમ 36
આર્થિક પરિવર્તનો (Changes in Economy) 8

એકમ 37
સમાજમાં પરિવર્તનો (Changes in Society) 18

એકમ 38
રાજ્યવ્યવસ્થાનું માળખું (Structure of Polity) 27

એકમ 39
ધર્મમાં વિકાસ (Developments in Religion) 32

## Expert Committee

Prof. K.N. Panikkar (*Chairman*)

Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (*Convenor*)
Dr. A.R. Khan
IGNOU, New Delhi

## Course Preparation Team

Dr. Bhairvi Prasad Sahu
Department of History
University of Delhi
Delhi

Dr. Y. Subbrayalu
University of Tanjavour
Tanjavour

Prof. B.D. Chattopadhyaya
(Course Editor)
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Dr. P. Shanmugham
University of Madras
Madras

**Faculty Members : Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar }
Mr. Salil Misra } (Course Coordinators)
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar

Mr. Swaraj Basu
Mrs. Sangeeta Pande
Mrs. Indira Sharma
Ms. Mira Rai

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

© *Indira Gandhi National Open University, 1990*
ISBN-81-7091-641-0

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
પુનર્મુદ્રણ : ૧૯૯૬

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*Printed at : Navajivan Mudranalaya, Ahmedabad - 380 014*

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 9 છઠ્ઠીથી આઠમી સદી દરમ્યાન ભારતીય સંક્રાન્તિકાળ (Transition to early medieval India)

વિભાગ 8માં તમે જોયું કે કેટલાંક મહત્ત્વપૂર્ણ પરિવર્તનો ગુપ્તયુગમાં શરૂ થવા લાગ્યાં હતાં. આ વિભાગના ચાર એકમો ગુપ્તયુગ તેમ જ અનુગુપ્ત યુગમાં થયેલાં પરિવર્તનોએ ભારતીય ઇતિહાસમાં એક નવા જ, વિશિષ્ટ કાળની કરેલી શરૂઆત વિશે સમજણ આપશે. ઇતિહાસકારો એવા વિચાર પર આવ્યા કે હવે ભારતીય ઇતિહાસનો પૂર્વકાલીન તબક્કો પૂરો થયો છે અને લગભગ ઈશુની છઠ્ઠી સદીથી આઠમી સદીનો ગાળો ભારતીય ઇતિહાસમાંના સંક્રાન્તિકાળનો ગાળો ગણી શકાય. એક તબક્કામાંથી બીજા તબક્કામાં થતું ઐતિહાસિક પરિવર્તન તે એક રાજવંશમાંથી બીજા રાજવંશમાં થતા પરિવર્તન જેટલું સરળ નથી તે તમે જોઈ શકશો. વળી આ ફેરફાર શાહી સત્તા સમા ગુપ્તયુગમાંથી પ્રમાણમાં નગણ્ય એવાં સ્થાનિક રાજ્યોમાં થયો તેવું પણ નથી તે તમે નોંધી શકશો. આ એક એવો ફેરફાર હતો જેણે સંસારનાં વિવિધ ક્ષેત્રોને નવો ઘાટ જ આપ્યો : દા.ત. રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક વગેરે ક્ષેત્રોમાં. આમ, આ વિભાગનો સંબંધ નીચે જણાવેલા પ્રશ્નો સાથે છે :

* જીવનનાં જુદાં જુદાં પાસાંઓને સ્પર્શતા કયા મહત્ત્વના ફેરફારો આ સમયે આવ્યા ?
* આ ફેરફારોને શા માટે ઇતિહાસના નવા ચરણની શરૂઆત ગણવામાં આવે છે ?
* આ ફેરફારો શાથી આવ્યા ?

તમે એ નોંધ્યું જ હશે કે મૌર્યકાલના રાજકીય નકશા કરતાં ગુપ્તકાલનો નકશો ઘણો જુદો છે, પરંતુ તેમના વિસ્તારને લગતો તફાવત નથી. મૂળ નોંધનીય તત્ત્વ એ છે કે ગુપ્ત સામ્રાજ્યની બહારના પ્રદેશો તેમ જ અંદરના પ્રદેશોમાં જુદી જુદી કક્ષાનાં શાસક કુટુંબો અસ્તિત્વમાં હતાં. અલ્લાહાબાદની 'પ્રશસ્તિ'ના શિલાલેખથી આપણને એ ખ્યાલ આવે છે કે સમુદ્રગુપ્તે અનેક રાજાઓને જીતી લીધા હતા, પરંતુ ઘણાં દૂરનાં સ્થળોએ તે શાસકોની સત્તા ચાલુ રહી હતી. આ શિલાલેખમાં એક મહત્ત્વનો ઉલ્લેખ છે ''અટવિ-રાજ્યો''નો, જે જંગલ-સ્થિત રાજ્યો હતાં. અશોકે પોતાના શિલાલેખમાં પોતાને માટે સમસ્યાઓ ઊભી કરતા જંગલના લોકોનો ઉલ્લેખ કર્યો હતો. ગુપ્તકાલમાં આ પ્રદેશો તથા અન્ય વિસ્તારોમાં 'રાજ્ય'નો ઉદ્‌ગમ થયો છે તેમ જણાય છે. આમ રાજકીય માળખાં તથા સંબંધોમાં શરૂ થયેલો ફેરફાર સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે. રાજાઓએ અનુદાનમાં આપેલી જમીનના માલિકોનો વર્ગ પણ સર્જાયો હતો જેણે પોતાના વિસ્તારોમાં રાજકીય સત્તા હાંસલ કરી હોય એમ બને. આમ એક અભિનવ વિકાસને લીધે જ નવી રાજ્યવ્યવસ્થાનું નિર્માણ થયું. તેમાં રાજ્યસત્તાના પ્રતીક તરીકે રાજા ન હતો. બલકે રાજકીય સત્તા જુદી જુદી કક્ષાના શાસકો વચ્ચે વહેંચાયેલી હતી. દા.ત. સામંતો, મહાસામંતો, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો, માંડલિકો, રાવતો, રાણકાઓ વગેરે.

ખેતી પરનો અંકુશ એ રાજકીય સત્તાનો મુખ્ય આધાર હતો. આને પરિણામે વિભિન્ન પ્રકારની સત્તાઓનો ઉદ્‌ભવ થયો જે રાજકીય હતી અથવા તેની સાથે સંકળાયેલી હતી અને સાથે જ તેનો અર્થ એ પણ હતો કે ખેતીવાડી અને મહેસૂલની પદ્ધતિઓમાં પણ પરિવર્તન થાય. જે વિસ્તારોમાં બ્રાહ્મણોને અને અન્ય લાભાર્થીઓને મંદિરો માટે, અથવા બીજા હેતુઓ માટે જમીન અનુદાનમાં આપવામાં આવેલી, તે બધાં તે વિસ્તારોમાંના ખેડૂતો તથા ગ્રામ્ય પ્રજાના અન્ય વર્ગો પર વિવિધ પ્રકારની સત્તા ભોગવવા લાગ્યા. વેપાર અને શહેરી વસાહતોમાં આવેલી પડતીને કારણે અર્થતંત્ર પર પણ નોંધપાત્ર દબાવ પડ્યો, કારણ, અર્થતંત્રનો મુખ્ય આધાર જમીનનાં સાધનો જ હતાં. રાજકીય સત્તાધારકો તેમ જ તેમની સાથે સંકળાયેલા જમીનમાલિકોએ ખેડૂતો પાસેથી જમીનની વિભિન્ન પેદાશો પર જાતજાતના કરવેરા ઉઘરાવવા માંડ્યા. ઇતિહાસકારોએ બતાવ્યું છે કે ખેડૂતોને અગાઉ કરતાં અનુગુપ્તકાલમાં ઘણા વધારે કરવેરા ભરવા પડતા હતા. જોકે એવું નહોતું કે આને પરિણામે ખેડૂતો, એક વર્ગ તરીકે જટિલ દાસત્વમાં જકડાઈ ગયા. પરંતુ તેઓની પરિસ્થિતિ ધીરે ધીરે જટિલ થતી જતી હતી ખરી. ખેડૂતોની કક્ષાઓ પણ જુદી જુદી હતી, જેમાં જમીનવિહોણા ખેડૂતોથી લઈને ખૂબ સમૃદ્ધ ખેડૂતોનો સમાવેશ થતો હતો. પ્રભાવશાળી ખેડૂતો અથવા આટવિક (tribal)નાં જૂથો પણ રાજકીય સત્તા માટે મહત્ત્વાકાંક્ષા રાખી શકતા. જ્યાં એક જ વિસ્તારમાંથી ઘણા શાસક વર્ગો ઉદ્‌ભવ્યા ત્યાં આખરે આટવિક ક્ષેત્રોમાં પણ આમ જ થયું.

સમાજની અંતર્ગત થયેલાં પરિવર્તનોમાં ચાર મુખ્ય વર્ણો જાણીતાં હતા જ. તેમ જ વિભિન્ન પ્રદેશો અંતર્ગત આ સમય દરમિયાન જ્ઞાતિપ્રથા પણ સારી રીતે વ્યાપી હતી. ગુપ્તકાલથી કાયસ્થો જેવી નવી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓનો પણ ઉદ્‌ભવ થવા લાગ્યો. ઘણા જૂના વ્યવસાયોવાળા અને સમુદાયોએ પણ જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓનાં લક્ષણો વિકસાવ્યાં. ઘણા પ્રદેશોમાં અસ્તિત્વ ધરાવતાં સામાજિક જૂથોને એક કે બે જૂથમાં મૂકવામાં આવ્યાં કે બ્રાહ્મણોથી અલગ કરાયાં અને બ્રાહ્મણોનું પણ વિસ્તૃત જૂથ બનાવવામાં આવ્યું. મુખ્યત્વે

બ્રાહ્મણો અને શૂદ્રોનાં જૂથો વિશાળ બન્યાં, અને તે પ્રત્યેકમાં ઉપજાતિઓ પણ હતી.

ધાર્મિક પરિવર્તનોની શરૂઆત અગાઉના સમયથી જ થઈ ગઈ હતી, અને આ સમયમાં તે જુદા જુદા સ્વરૂપે દેખાવા લાગ્યાં. વૈદિક યજ્ઞોની પરંપરા ચાલુ રાખવા અને વેદોના અધ્યયન સારુ વ્યાપક ધોરણે જમીનોનાં અનુદાન મેળવતી રૂઢિચુસ્ત બ્રાહ્મણીય વ્યવસ્થામાં વૈષ્ણવ અને શૈવ વ્યવસ્થાનો પણ સમાવેશ કરવામાં આવ્યો. વિવિધ પ્રકારનાં ધાર્મિક કર્મકાંડ અને માન્યતાઓમાં વ્યસ્ત એવાં આ વિવિધ જૂથો ઇતિહાસવિદોના અભિપ્રાયમાં પૌરાણિક હિન્દુત્વનું પ્રતિનિધિત્વ ધરાવતાં હતાં. વૈવિધ્યપૂર્ણ ધાર્મિક પદ્ધતિ અંતર્ગત રહેલાં કેટલાંક જૂથોએ વેદો અને બ્રાહ્મણોનો પણ વિરોધ કર્યો હતો એટલું જ નહિ પરંતુ તે પદ્ધતિ અંતર્ગત કેટલાંક વિરોધીઆંદોલનો પણ ઉદ્ભવ્યાં. દા.ત. દખ્ખણમાં શૈવ લિંગાયતોનું આંદોલન જુદા જુદા વૈચારિક મતો ધરાવતાં જૂથો વચ્ચે થતા. અતિ તીવ્ર તાત્ત્વિક વાદવિવાદોથી સ્પષ્ટ થયું કે હિંદુ ધાર્મિક પદ્ધતિમાં પરસ્પર હિંસક વિચારો અને ભિન્ન વિચારસરણીનો સમાવેશ થયો હતો. માત્ર બ્રાહ્મણ ધર્મમાં જ નહીં પરંતુ બૌદ્ધ અને જૈન ધર્મોમાં પણ મંદિરો અને મઠો જેવી ધાર્મિક સંસ્થાઓ હતી. આ સંસ્થાઓને પણ જમીનો અનુદાનમાં મળતી. અન્ય વિવિધ પ્રકારનું અનુદાન પણ મળતું. આ ઉપરાંત, બધા ધર્મો - બ્રાહ્મણ, બૌદ્ધ કે જૈનમાં તાંત્રિક વિધિઓ અને 'શક્તિ'ની ઉપાસનાના વિચારોનો પ્રભાવ જણાય છે. આ ત્રણે ધર્મોમાં ઘણે અંશે લાક્ષણિક સમાનતા પણ જોવા મળે છે.

સમાજને ચરિતાર્થ કરતાં અનુગુપ્તકાલમાં થયેલાં આ પરિવર્તનો મહત્ત્વપૂર્ણ છે. પરંતુ ભારતીય ઇતિહાસમાંના નવાં પગરણની શરૂઆત ક્યારથી શરૂ થઈ તે કહેવું મુશ્કેલ છે. આ પરિવર્તનોનું શું મહત્ત્વ છે અને તે કેવી રીતે થયાં તે અંગે ઇતિહાસકારોમાં મતાંતર છે. જો આપણે એક તરફ અનુગુપ્તકાલીન પરિવર્તનોને લાક્ષણિક ગણીને પૂર્વકાલીન લક્ષણો સાથે સરખાવીએ, અને બીજી તરફ તે પછીના કાળમાં લક્ષણો સાથે સરખાવીએ, તો જણાય છે કે તે વેદકાલ અથવા મૌર્યકાલના સમાજ કરતાં પ્રસ્તુત સમાજ સાથે વધુ મળતાં આવે છે. છતાં, આ બધાં પરિવર્તનો આવવાનાં કારણો અથવા તે માટે મુખ્ય જવાબદાર પરિબળો કયાં હતાં તે વિશે ઇતિહાસકારો જુદી જુદી સમજૂતી આપતા રહ્યા છે. ઇતિહાસવિદોએ પ્રસ્તુત કરેલી સ્પષ્ટતા આપખુદ નથી પણ ભૂતકાલીન પુરાવાઓ પ્રત્યેના તેમના અભિગમ પર આધારિત રહેલ છે. આથી તમે કોઈ ચોક્કસ દેશ કે ચોક્કસ સમયગાળાનો અભ્યાસ કરો ત્યારે તમારે ઇતિહાસવિદોએ અપનાવેલા વિવિધ અભિગમો વિશે સમજ કેળવશો ત્યારે તે સંપૂર્ણ સ્પષ્ટ થશે કે ભારતીય ઇતિહાસને 'હિન્દુ' 'મુસ્લિમ' અને 'બ્રિટિશ' કાલમાં વિભાજિત કરવાના ખ્યાલને શાથી છોડી દેવામાં આવ્યો, અને તેને બદલે ભારતીય સમાજ જે વિવિધ કાલાનુક્રમ તબક્કાઓમાં વિકાસ પામ્યો તે અંગે વિચારવાની તેમણે શરૂઆત કરી.

# એકમ 36 આર્થિક પરિવર્તનો (Changes in Economy)

રૂપરેખા

36.0 ઉદ્દેશો
36.1 પ્રસ્તાવના
36.2 આર્થિક પરિવર્તનોનું સ્પષ્ટીકરણ
36.3 વેપારમાં પડતી
36.4 સિક્કાની અછત
36.5 શહેરોની પડતી
36.6 ખેતીવિષયક વિસ્તૃતીકરણ
36.6.1 ખેતીવિષયક જ્ઞાન તથા તકનિકી વિકાસ
36.6.2 વનસ્પતિ અને ફસલ
36.7 ગ્રામીણ વસાહતો
36.8 ખેતીવિષયક નવા સંબંધો
36.8.1 ખેડૂતોની જવાબદારીઓ
36.8.2 જાગીરી જમીનમાલિકી હક્ક
36.8.3 સંવૃત્ત અર્થતંત્રનો વિકાસ
36.9 સારાંશ
36.10 ચાવીરૂપ શબ્દો
36.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 36.0 ઉદ્દેશો

આ એકમમાં અમારો હેતુ ગુપ્તકાલ, અને ખાસ કરીને અનુગુપ્તકાલમાં થયેલાં આર્થિક પરિવર્તનોનો તમને ખ્યાલ આપવાનો છે. આથી છઠ્ઠી-આઠમી સદી દરમિયાનના સંક્રાન્તિકાળના એક મુખ્ય પાસાનું આપણે અહીં અધ્યયન કરીશું. આ એકમના અભ્યાસ પછી તમને આટલા મુદ્દાઓ સ્પષ્ટ થશે :

* જમીનદાનોના આર્થિક સૂચિતાર્થો અને મૂળ સ્થાન ;
* શહેરો તથા અન્ય વસાહતોની ક્રમશઃ પડતીની પ્રક્રિયા તેમ જ તેનાં પરિણામો ;
* ગામોનું અને ગ્રામઅર્થકારણનું સ્વરૂપ,
* ખેતીવિષયક સંબંધોનું સ્વરૂપ, અને
* ખેતીની પેદાશોમાં સુધારણા લાવતાં પરિવર્તનો.

## 36.1 પ્રસ્તાવના

ગુપ્તકાલ અને અનુગુપ્તકાલમાં ભારતીય અર્થતંત્રમાં કેટલાંક લાક્ષણિક પરિવર્તનો આવ્યાં.

એકમ 8 (એકમ 33)માં આપણે જોયું જ છે કે અર્થતંત્રનાં મુખ્ય પાસાંઓ જેવાં કે વ્યાપાર અને શહેરી વસાહતોની ગુપ્તકાળમાં જ પડતીની શરૂઆત થઈ. આ પરિવર્તનને દર્શાવતાં કેટલાંક તત્ત્વો પર નજર નાખીએ :

(1) તક્ષશિલા, કૌશામ્બી અને પાટલિપુત્ર જેવાં કેટલાંક મહત્ત્વનાં શહેરો ગુપ્તકાળ પછી અસ્તિત્વમાં રહ્યાં નહિ. શહેરી વસાહતોનું આ પતન છૂટીછવાઈ ઘટના ન હતી, બલકે વ્યાપક હતી એમ જણાય છે.

(2) વિવિધ કારણોથી વ્યાપારની પ્રવૃત્તિઓને પણ જબરદસ્ત ધક્કો લાગ્યો. સૌથી વધુ સ્પષ્ટ એંધાણ એ છે કે સિક્કાઓને પાડવાની તેમ જ ચલણમાં વાપરવાની પ્રથા પણ અગાઉની સરખામણીમાં લુપ્ત થતી જતી જણાય છે.

આ પરિવર્તનોની વિગતે ચર્ચા પછીથી કરીશું. અત્રે એ નોંધવું જોઈએ કે આ પરિવર્તનો ગુપ્તકાળ દરમિયાન જ શરૂ થઈ ચૂક્યાં હતાં. શહેરોની પડતીનો અર્થ એ નહોતો કે આખુંયે આર્થિક માળખું તૂટ્યું હતું. છતાં એટલું પણ ખરું જ કે અર્થતંત્રના બે પગ - ખેતી અને વ્યાપાર - માંથી હવે હસ્તકલા અને વેપારી શહેરી પ્રવૃત્તિઓ એક જ પગ પર ચાલતી હતી, અને અર્થતંત્ર ખેતીપ્રધાન થવા લાગ્યું હતું.

## 36.2 આર્થિક પરિવર્તનોનું સ્પષ્ટીકરણ (Explaining the Economic Changes)

આવાં પરિવર્તનો વિશે કઈ રીતે ખુલાસો કરી શકાય ? વિકસતી શૃંખલાનું આવશ્યક તત્ત્વ જમીનોનાં અપાતાં અનુદાનની પ્રવૃત્તિ હતું એવું તારણ ઇતિહાસવિદોના મૂલ્યાંકનનું છે. ગુપ્તકાળ અને અનુગુપ્તકાળમાં જમીનોને અનુદાનમાં આપવાના પ્રમાણમાં ખૂબ જ વધારો થયો. બ્રાહ્મણો, તેમ જ મઠો, વિહારો, મંદિરો જેવી ધાર્મિક સંસ્થાઓને મોટા પ્રમાણમાં રાજાઓ, નાયકો, સામંતો અને રાજકુટુમ્બોના સભ્યો તરફથી જમીનો અનુદાનમાં મળતી. અગાઉ દખ્ખણના સાતવાહન રાજાઓએ મહેસૂલ પરના હક્કોનું જ દાન કર્યું હતું. પાંચમી સદીથી તો દાનમાં આપેલી જમીનોનું મહેસૂલ જ નહિ બલકે તે વિસ્તારની ખનિજ સંપત્તિ અને ખાણોનું હસ્તાંતરણ દાતાઓને થવા લાગ્યું. અનુદાન અપાયેલ જમીન, ગામ અથવા ગામો રાજાના અધિકારીઓ અને સૈનિકોની દખલગીરીથી મુક્ત હતાં. ક્રમશઃ રાજાઓ અને રાજકુમારોએ દાન લેનારા બ્રાહ્મણોને તેમનાં કુટુમ્બ, ખાનગી મિલકત અને વ્યક્તિ વિરુદ્ધ કરેલા કોઈ પણ ગુનાને માટે તે વિસ્તારના રહીશોને સજા કે દંડ ફટકારવાના હક્કો પણ આપ્યા. આમાંથી થતી દંડની આવક પણ તેઓ જ ભોગવતા.

રાજ પ્રત્યેની સેવાના બદલામાં વિવિધ કક્ષાના અધિકારીઓને અપાતા અનુદાનની ક્ષમતા ધાર્મિક અનુદાનના પ્રમાણમાં ઘણી ઓછી હતી. સમકાલીન 'ધર્મશાસ્ત્રો'માં સૂચન મુકાયું છે કે રાજ્યના અધિકારીઓને પગારના બદલે જમીનો ફાળવવી અથવા તેમાંથી પ્રાપ્ત થતું મહેસૂલ આપવું. જોકે આવા બિન-ધાર્મિક જમીન અનુદાનોની સંખ્યા અધ્યયન હેઠળના સમયમાં મર્યાદિત હતી. તેમાં થયેલો વધારો 9મી-10મી સદીથી નોંધપાત્ર બન્યો હતો. બ્રાહ્મણો, મંદિરો અને મઠોને અપાતાં અનુદાનોમાં દર્શાવ્યા મુજબના જ હક્કો અને છૂટછાટ આ અધિકારીઓને અપાતાં અનુદાનો સાથે સંલગ્ન હતાં.

અન્ય પ્રશ્નો ઉપરાંત જમીન-દાનનો સંબંધ જમીનના હક્કો, ખેડૂતોની આર્થિક-સામાજિક સ્થિતિ, દાનમાં આપેલાં શહેરોના કારીગરો તથા વેપારીઓને મુક્ત સાહસના હકો, અને સંવૃત્ત કે સંકુચિત અર્થતંત્રના ઉદ્ભવ સાથે પણ હતો. દાનમાં આપેલાં ગામો કે શહેરોના નિવાસીઓને કહેવામાં આવતું કે લાભાર્થીઓના હિતમાં હુકમ પ્રમાણે કામ કરે. વળી તેમને જુદી જુદી જાતના કરવેરા પણ ભરે. 7મી સદીમાં બે બનાવટી દાન-પત્રો જે 'સમુદ્રગુપ્ત'નાં હોવાનું મનાય છે, તે અનુસાર, કર ભરતા ખેડૂતો અને કારીગરો પોતાનાં ગામ છોડી કરમુક્ત ગામોમાં હિજરત કરી શકે નહિ. છઠ્ઠી સદી દરમિયાન મધ્ય ભારત, ઓરિસા, અને ગુજરાતમાં જમીનની સાથે ખેડૂતોને પણ હસ્તાંતરિત કરવાની પ્રથા દાન લેનારના લાભાર્થે શરૂ થઈ. અને આઠમી સદીની આસપાસ તો ભારતના ઘણા વિસ્તારોમાં આ પ્રથા સામાન્ય બની ગઈ. બીજું, કારીગરો અને વેપારીઓ પણ પોતાના વતન સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા હતા, જેથી સ્થાનિક ગ્રાહકો અને માલિકોની માગણીઓ સંતોષી શકાય. દખ્ખણ તથા દક્ષિણ ભારતમાં કારીગરોનું દાન મંદિરો તેમ જ મઠોને કરવામાં આવતું.હ્યુ એન સાંગ (Huen Tsang) પણ આવા દાનનું સમર્થન કરતા પુરાવા આપ્યા છે. વેપારીઓની સ્થિતિ પણ બહુ સારી નહોતી. છઠ્ઠી-આઠમી સદીનાં કેટલાંક પશ્ચિમી દખ્ખણનાં દાનપત્રો એવું સૂચવે છે કે અમુક મર્યાદામાં રહીને જ વેપારીઓએ કામ કરવું પડતું. ખેડૂતો, કારીગરો અને વેપારીઓના પોતપોતાની વસાહતો સાથેનો લગાવ અને હલનચલનની રુકાવટોને કારણે એક એવું વાતાવરણ સર્જાયું જેથી એનું પરિણામ સંવૃત્ત અર્થતંત્રમાં આવે તે સાહજિક હતું.

## 36.3 વેપારમાં પડતી (Decline of Trade)

ગુપ્તકાળ અને અનુગુપ્તકાળ દરમિયાન આવેલું એક નોંધપાત્ર પરિવર્તન હતું આંતરિક અને બાહ્ય વેપારની પડતી. અનુમૌર્યકાળમાં વિદેશો સાથેનો વ્યાપાર ચરમ સીમાએ પહોંચ્યો હતો. તે સમયે ભારતે રોમીય સામ્રાજ્ય, મધ્ય એશિયા અને અગ્નિ એશિયામાં વ્યાપાર કર્યો. પરંતુ ગુપ્તકાળ દરમિયાન વાણિજ્યક પડતી શરૂ થઈ જે છઠ્ઠી સદીના મધ્યમાં તો ઘણી તીવ્ર બની. ઈશુની પ્રારંભની સદીઓ પછી મોટી માત્રામાં ભારતમાં આવતા રોમીય સિક્કાઓનો આવરો અટકી ગયો. બીજા પણ કેટલાક પાશ્ચાત્ય દેશો સાથેનો ભારતનો સંપર્ક રહ્યાના પુરાવા મળતા નથી. વધુમાં પછીના સમયે રોમીય સામ્રાજ્ય પણ જાતે જ તૂટી પડ્યું. વેપારમાં સ્પર્ધકો તરીકે આરબો તથા પર્શિયનોનો ઉદ્ભવ થયો તે પણ ભારતીય વ્યાપારીઓ માટે કોઈ સારાં શુકન નહોતાં. આંધ્ર તથા

કર્ણાટકમાંથી છઠ્ઠી સદી સુધીના કેટલાક બાયઝેન્ટાઈન સિક્કાઓ હાથ લાગ્યા છે. પરંતુ સંખ્યાની દૃષ્ટિએ શરૂઆતનો રોમીય સિક્કાનિધિઓ સાથે તેને સરખાવી શકાય નહિ. ઇન્ડો-બાયઝેન્ટાઈન વેપારમાં રેશમ તથા તેજાના મુખ્ય ચીજો હતી. પરંતુ છઠ્ઠી સદીના મધ્યમાં બાઈઝેન્ટાઈને રેશમના કીડાની ઉત્પાદનકળા શીખી લીધી. પરિણામે, આપણા રેશમના વ્યાપારને મોટો ફટકો પડ્યો. ગુજરાતમાંથી રેશમના વણકરોની હિજરત અને તેમનું અન્ય વ્યવસાય પ્રત્યે વળવું આ સંદર્ભે અર્થસભર જણાય છે. મધ્ય એશિયા સાથે પણ ગુપ્ત સામ્રાજ્યના સંબંધો નબળા પડ્યા હતા. જે કંઈ બચ્યા હતાં તે ત્યાર પછીના હૂણોનાં આક્રમણોને લીધે તૂટી પડ્યા હતા.

એમ કહેવાય છે કે કાંઠા પરનાં ભારતીય શહેરો ચીન તથા અગ્નિ એશિયાના દેશો સાથે કેટલોક વેપાર પણ કરતાં હતાં. પરંતુ આ વ્યાપાર બહુ ધીકતો હોય તેમ જણાતું નથી. પ્રારંભિક ઐતિહાસિક કાળ તેમ જ છઠ્ઠી-આઠમી સદી દરમિયાન અગ્નિ એશિયામાં ભારતનો સાંસ્કૃતિક પ્રભાવ પડેલો હતો એવા પુરાવા મળે છે. પરંતુ માટીકામની ચીજો, સિક્કાઓ અને અન્ય કોઈ એવી ચીજો બન્ને ઠેકાણેથી એવી નથી મળતી જેનાથી ધીકતા વ્યાપારનું સૂચન મળી શકે. પહેલાં તો ભારતે મણકા તેમ જ અન્ય ચીજોનો વેપાર અગ્નિ એશિયાના કેટલાક વિસ્તારોમાં કર્યો, પરંતુ ઈશુની ચોથી સદી પછી આવા વેપારના અસ્તિત્વનો કોઈ પુરાવો મળતો નથી. ચીન મોકલાયેલાં ભારતીય 'પ્રતિનિધિ મંડળો'થી પણ કશું જાણવામાં આવતું નથી. છઠ્ઠી સદીથી તો આવાં મંડળોની સંખ્યા પણ તદ્દન ઘટી ગઈ. બીજું કે, ચિનાઈ સિક્કાઓ અને સેલડોન વાસણો તામિલનાડુમાંથી હાથ લાગેલાં છે તેને નવમી સદી કે ત્યાર બાદના કાળમાં મૂકવામાં આવે છે. તેની પહેલાં કોઈ એવા ભૌતિક અવશેષ પ્રાપ્ત નથી થયાં જે વડે ભારતનો ચીન સાથે વ્યાપારિક સંબંધ પુરવાર થઈ શકે.

વ્યાપારમાં ઘટાડો માત્ર વિદેશી વ્યાપાર પૂરતો સીમિત ન હતો. સમુદ્રકાંઠાનાં શહેરો અને આંતર્ભાગનાં નગરો તેમ જ દૂરનાં નગરો અને ગામોની વચ્ચેનો સંચાર તૂટી જતાં લાંબા અંતરના આંતરિક વ્યાપારને પણ ઘણો ધક્કો લાગ્યો. શહેરોમાં ચીજોનું ઉત્પાદન ઘટવું, નગરોનું પતન થવું અને વ્યાપારમાં ઘટાડો થવો- આ બધી પરસ્પર જોડાયેલી સમસ્યાઓ હતી. આ સમય દરમિયાન વેપારીઓ અને સોદાગરોના મોભાની પડતીને કારણે વ્યાપાર અને વાણિજ્યની કમનસીબી સૂચિત થાય છે. જમીનધારકોના પ્રભાવ હેઠળ ઉદ્ભવેલા સંખ્યાબંધ સ્વાયત્ત એકમોએ પણ વેપાર ઉપર વિપરીત અસર પાડી. અનુકાલીન 'કથાસરિત્સાગર' સૂચવે છે કે વેપારીઓ જંગલોમાંથી પસાર થવાનું પસંદ કરવા લાગ્યા જેથી તેમને જાતજાતના કરવેરાઓ ચૂકતે કરવા ન પડે. દરિયાઈ મુસાફરી અને લાંબા અંતરની મુસાફરી ઉપર પ્રતિબંધ મુકાયો. એ હકીકત છે કે આવાં પગલાંથી વ્યાપારના વિકાસમાં મોટા અંતરાયો ઊભા થાય.

તેમ છતાં, એનો અર્થ એ નથી થતો કે મીઠું, લોઢાની ચીજો જેવી મૂળભૂત જરૂરિયાતની ચીજોનો વ્યાપાર ચાલુ નહોતો. આવી આવશ્યક ચીજવસ્તુઓ બધે પ્રાપ્ત થતી હોતી નથી. વળી લાંબા અંતરના વેપારમાંથી જ મળે તેવી કેટલીક મોજશોખની વસ્તુઓ જેવી કે કીમતી પથ્થરો, રત્નો, હાથીદાંત, ઘોડાઓ વગેરેની માગ ઉચ્ચ વર્ગોમાં સતત રહ્યા જ કરતી, જેમાં ખાસ તો રાજાઓ અને સામંતો હતા. એવું જણાય છે કે કેટલીક સદીઓ માટે વ્યવસ્થિત અને મોટા પાયા પરના વ્યાપારને બદલે સતત પ્રવાસ કરતા નાના અને અસ્થાયી વેપારીઓ અને સોદાગરો નાને પાયે કરતા તેવો વેપાર ચાલ્યા કર્યો.

## 36.4 સિક્કાની અછત ( Paucity of Coins)

અનુગુપ્તકાળમાં ઊભી થયેલી સિક્કાની અછત પણ વ્યાપારની પડતીનો નિર્દેશ કરે છે. કુષાણકાલ અને ગુપ્તકાલ દરમિયાન સોનાના સિક્કાનું જે પ્રમાણ હતું તે છઠ્ઠી સદી પછીથી તદ્દન બંધ થઈ ગયું. તે સાથે જ ચાંદીના તેમ જ તાંબાના સિક્કાઓની ગેરહાજરી પણ ધ્યાનાકર્ષક છે. અત્રે યાદ રાખવું જોઈએ કે ગુપ્ત સિક્કાઓમાં સોનાનું પ્રમાણ સતત ઘટતું જતું હતું અને છેલ્લા છેલ્લા ગુપ્ત શાસકોના સિક્કાઓનું પ્રમાણ કુષાણ શાસકોના સિક્કાઓ કરતાં માત્ર અડધું જ રહેવા પામ્યું હતું. વળી, સમગ્ર રીતે જોતાં ગુપ્તકાલના સોનાના સિક્કાઓનો જથ્થો ઈશુની આરંભની સદીઓ કરતાં ઘણો ઓછો હતો. આ સમયના સિક્કાઓ અંગેના અભિલેખિત પુરાવાથી યા ચોક્કસ શોધખોળથી વિશેષ માહિતી મળતી નથી. હર્ષવર્ધનના સિક્કાઓ તો સાવ જ ઓછા છે, અને રાષ્ટ્રકૂટો તેમ જ પાલ રાજાઓ અનુક્રમે દખ્ખણ અને બંગાળમાં આઠમી સદીમાં સત્તા પર આવ્યા ત્યારે તેમણે સિક્કાઓ પડાવ્યા જ ન હતા. આમ ધાતુનું ચલણ ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં તેમ જ બંગાળ, ઓરિસા, મધ્ય ભારત અને દખ્ખણમાં અસ્તિત્વ ધરાવતું નહોતું. આ પ્રદેશો માટે જે લાગુ પડે છે તે જ દક્ષિણ ભારતને પણ લાગુ પડે છે. વિવિધ અધ્યયનોથી એવું સૂચિત થાય છે કે આ સમયે સિક્કા બનાવવાનાં બીબાં કે વાણિજ્યક મુદ્રાઓ હતી નહિ. આવી સામાન્ય સ્થિતિ દેશના મોટા ભાગમાં પ્રવર્તતી હોવા છતાં, ભારતીય ઉપખંડના પંજાબ અને ઉત્તર-પશ્ચિમ વિભાગોમાં ઘણા સિક્કાઓ લગભગ ઈ.સ. 1000 સુધીના મળી આવે છે. કાશ્મીરમાંથી પણ સિક્કાઓ મળ્યા હોવાના અહેવાલો છે.

કેટલાક ઇતિહાસવિદોએ એવી દલીલ કરી છે કે આરંભકાળના સિક્કાઓ પછીના સમયમાં ચલણના હેતુ અર્થે

ઉપયોગમાં લેવાતા હતા અને તેથી નવા સિક્કા પડાવવાની આવશ્યકતાનો છેદ ઊડ્યો. પરંતુ, ખરું જોતાં, આ સમયે ખેતીવાડીમાં જે ઝડપી વિકાસ થયો તે ધ્યાનમાં રાખીએ તો ધાતુના ચલણની જરૂરિયાત વધી જવી જોઈતી હતી. બીજું, સિક્કાઓ તો સાર્વભૌમત્વની અભિવ્યક્તિરૂપ હતા. ગંભીર સ્વરૂપનાં દબાણો ન હોય તો ભાગ્યે જ કોઈ શાસક પોતાના નામાના સિક્કા પડાવવાનો અધિકાર જતો કરે. વ્યાપારમાં થયેલો ઘટાડો, તેમ જ સેવાના બદલામાં ઉચ્ચ અધિકારીઓને અપાતાં જમીન-દાનોને લીધે સિક્કામાં રોકડા પગાર આપવાની પ્રથા બંધ જ થઈ ગઈ અને સિક્કાની જરૂર ઓછી થઈ. ઉપરાંત, રોજિંદી લેવડદેવડમાં ચલણના માધ્યમ તરીકે વિનિમય અને કોડીના ઉપયોગ વિશે પુરાવાઓ પણ સાંપડે છે.

## 36.5 શહેરોની પડતી (Decline of Towns)

વ્યાપારમાં ઘટાડો, સિક્કાની અછત અને સિક્કા બનાવવાનાં બીબાંઓ તેમ જ વ્યાપારી મુદ્રાઓની ગેરહાજરીથી આર્થિક પડતીનું અને તૈયાર માલની ઘટતી જતી માંગનું સૂચન થાય છે. અનુમૌર્યકાળ દરમિયાન જે શહેરો હસ્તકલાના ઉત્પાદનનાં સક્રિય કેન્દ્રો હતાં તેમણે પડતી તેમ જ નિર્જનતાનો અનુભવ કર્યો. ઉત્તર ભારતમાં પ્રાક્કુષાણકાલીન નગરો તેમ જ દખ્ખણમાં સાતવાહનો સાથે સંકળાયેલાં શહેરો પણ ત્રીજી અને ચોથી સદીથી પડતીનો અનુભવ કરવા લાગ્યાં. જે અનુભવો ઉત્તર ભારત, માળવા અને દખ્ખણમાં થયા, તેવા જ અનુભવો દક્ષિણ ભારતમાં પણ થયા. હકીકતમાં, શહેરોની પડતી બે તબક્કાઓમાં થઈ હતી. પહેલો તબક્કો ગુપ્ત સમ્રાટોના ઉદયકાળની સાથે થઈ ગયો. આ કાળ દરમિયાન ઉપરવાસ અને મધ્યવાસનાં ગંગાનાં મેદાનોમાં સ્થિત સંઘોલ, હસ્તિનાપુર, અંત્રજીખેડા, મથુરા, સોંખ, શ્રાવસ્તી, કૌશામ્બી, ખૈરાડીહ, ચીરંડ, તામલૂક વગેરે સ્થળોએ પડતીનો અનુભવ કર્યો. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સ્થિત ઉજ્જૈન, નગર, પૌણી, ટેર, ભોકરડાન,નાસિક, પૈઠણ વગેરે જેવાં અગાઉનાં સમૃદ્ધ કેન્દ્રોએ પણ આવો જ અનુભવ કર્યો. તામિલનાડુમાંના આરિકમેડુ અને આંધ્ર પ્રદેશ તથા કર્ણાટક સ્થિત સાતવાહનોનાં શહેરી કેન્દ્રો પણ અપવાદરૂપ ન હતાં. ચોથી-છઠ્ઠી સદી દરમિયાન આ બધાં સ્થળોએ રહેણાક-વસવાટની આછી પાતળી પુરાણી અગાઉની સદીઓની સરખામણીએ ઓછી હતી અને તેમાંથી પ્રાપ્ત અવશેષો નબળા તેમ જ પ્રમાણમાં ઓછા હતા. ઘણી જગ્યાએ ગુપ્તકાળના પુરાવશેષીય સ્તરો એની એ જ વસ્તુને ફરીથી ઉપયોગમાં લીધી હોય તેવી લાગે. દા.ત. અગાઉના બાંધકામની ઈંટોનો ફરીથી વપરાશ થયેલો છે. શહેરોનો વધેલો વિસ્તાર અને નાગરિક સવલતોની ઉપલબ્ધિ જેવી બાબતો અગાઉના કુષાણકાળમાં મળતી હતી તેનાથી આ સમયે નિમ્ન સ્તરમાં (નીચી કક્ષાની) મળે છે. આ પડતીનો તબક્કો આંબી જવામાં બહુ ઓછી સંખ્યાનાં શહેરો સફળ થયાં. પાટલિપુત્ર, વૈશાલી, વારાણસી અને ભીટા તેમાં મુખ્ય ગણાય. આ શહેરો ગુપ્ત સામ્રાજ્યના કેન્દ્રીય વિભાગમાં હોવાથી કદાચ આ સફળતા મેળવી શક્યાં હશે તેમ જણાય છે. શહેરોની પડતીનો બીજો તબક્કો છઠ્ઠી સદી પછી શરૂ થયો, અને ત્યારે આ કેન્દ્રો પણ શહેરો તરીકેનું અસ્તિત્વ ગુમાવી જ બેઠાં.

પડતીની આ સામાન્ય પરિસ્થિતિમાં કલાકારીગરી અને ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘટ્યું ત્યારે પથ્થરના મણકા, છીપની ચીજો, હાથીદાંત અને કાચની ચીજો બનાવવાના ઉદ્યોગો તો એકદમ જ ભાંગી પડ્યા. પાંચમી સદી પછી તો રહેઠાણની જગ્યાઓમાં આવી ચીજો મળવી મુશ્કેલ જ છે. અનુગુપ્તકાળના માટીકામની ચીજો પણ કોઈ વિશિષ્ટ કલાત્મકતા ધરાવતી નથી અને તે બધી સામાન્ય પ્રકારની જ છે.

નગરો અને શહેરોની પડતીનાં પ્રતિબિંબ આપણને સમકાલીન સાહિત્યમાં તેમ જ શિલાલેખોમાં પણ જોવા મળે છે. છઠ્ઠી સદી સુધી શિલાલેખો તથા મુદ્રાઓમાં ઉલ્લેખો દ્વારા શહેરી જીવનમાં કારીગરો, કલાકારો અને વેપારીઓનું કેવું મહત્ત્વ હતું તેનો નિર્દેશ થાય છે. બંગાળના શિલાલેખો પરથી જણાય છે કે ત્યાંના શહેરી કારોબારમાં આ તમામ વર્ગો મહત્ત્વની ભૂમિકા નિભાવતા. પરંતુ છઠ્ઠી સદી પછી આવી કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. અનુગુપ્તકાળમાં, કેટલાક શબ્દોના અર્થમાં આવેલા ફેરફારો પણ બદલાતી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. દા.ત. 'શ્રેણી'નો પહેલાં અર્થ થતો 'એક જ ઉદેશથી કામ કરનારી મંડળી' અથવા 'નિગમ'નો અર્થ મહાજન (guild) થતો. પરંતુ પછીથી 'શ્રેણી'નો અર્થ 'જાતિ'થવા લાગ્યો અને 'નિગમનો'અર્થ 'ગામડું'થવા લાગ્યો. છઠ્ઠી સદીના પૂર્વાર્ધમાં રચાયેલ વરાહમિહિરના 'બૃહદ્સંહિતા'નામના ગ્રંથમાં પણ ઉદ્યોગો, શહેરો અને વ્યાપારમાં થતી પડતીનો ઉલ્લેખ મળે છે. ઉત્તર ભારતમાં બૌદ્ધોના વસવાટવાળાં શહેરોની પડતી વિશેની માહિતી હર્ષવર્ધનના સમયમાં ભારત આવેલા ચીની યાત્રાળુ યુઆન સ્વાંગના અહેવાલમાં નોંધાયેલી છે. વાત્સ્યાયનના 'કામસૂત્ર'માં તંદુરસ્ત શહેરી જીવન વર્ણવાયું છે, જ્યારે દામોદરગુપ્તની રચના 'કુટ્ટિણીમતમ્'(સાતમી સદી) જેવું અનુગુપ્તકાલનું સાહિત્ય ગ્રામ્ય જીવનશૈલીનું વર્ણન કરે છે.

બધી જ વસાહતો જોકે ગ્રામીણ નહોતી. અનુગુપ્તકાળમાં ખેતીને સંબંધિત ન હોય તેવાં કેન્દ્રો, વહીવટનાં સ્થળો, સૈનિક છાવણીઓ, યાત્રાનાં સ્થળો અને ધાર્મિક સ્થાનો તરીકે વધુ હતાં. પાંચમી-આઠમી સદીઓના શિલાલેખોમાં સૈનિક છાવણીઓ 'સ્કંધવર'તરીકે ઓળખાતી હતી. એવું પણ લાગે છે કે કેટલાંક શહેરો

તીર્થસ્થાનોમાં પરિવર્તિત થઈ જવાને કારણે પડતીમાંથી બચી ગયાં હતાં. 'પુર', 'પટ્ટણ', 'નગર'અને 'રાજધાની' તરીકે ઓળખાતાં કેન્દ્રોમાં ખેતી વ્યવસાય મુખ્ય ન હતો અને તે વપરાશકારોની વસતી ધરાવતાં વિભિન્ન પ્રકારનાં કેન્દ્રો હતાં, નહીં કે ઉત્પાદનનાં.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) વ્યાપારની પડતીમાં જવાબદાર પરિબળોની માહિતી દસેક લીટીમાં આપો.

........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................

(ખ) પ્રસ્તુત વિધાનોમાંથી કયાં સાચાં (✓)છે અને કયાં ખોટાં (✗)તે નિશાનીથી જણાવો.

(1) અનુગુપ્તકાળમાં વાણિજ્ય પડતીનું કારણ સિક્કાઓની અછત ન હતી. ( )

(2) અનુગુપ્તકાળમાં શહેરોની પડતી થઈ. ( )

(3) અનુગુપ્તકાળમાં ધાર્મિક સંસ્થાઓને જમીન દાન આપવાની સંખ્યા વધી ગઈ. ( )

(4) કેટલાક પ્રદેશોનાં દાન લેનારના દાનની જમીનની સાથોસાથ ખેડૂતોને પણ સ્થાનાંતરિત કરવાની પ્રથા શરૂ થઈ. ( )

(5) સમુદ્રતટનાં નગરોને અગ્નિએશિયાના દેશો સાથે કોઈ વ્યાપારી સંબંધો હતા નહિ. ( )

## 36.6 ખેતીવિષયક વિસ્તૃતીકરણ (Agrarian Expansion)

ગુપ્તયુગ તેમ જ અનુગુપ્તકાળના અભિલેખિક પુરાવાઓ સૂચિત કરે છે કે અભૂતપૂર્વ રીતે ખેતીનું વિસ્તૃતીકરણ થયું અને ગામોનો વિકાસ થયો. રાજાઓ, રાજકુમારો તથા સામંતો તરફથી ખેતીને મળતું ઉત્તેજન, સિંચાઈની સવલતોમાં થયેલો વધારો, ખેતીવિષયક વિજ્ઞાન તથા વધતા અનુભવને કારણે ગ્રામીણ અર્થતંત્ર શક્તિશાળી બન્યું.

વ્યાપારમાં આવેલી પડતીને કારણે સંખ્યાબંધ નિપુણ કારીગરો ગામડાંઓમાં જઈને વસ્યા હશે. તેમાંના કેટલાકે તો પોતાનો વ્યવસાય પણ બદલ્યો. તેમની તકનિકી કુશળતા તેમ જ અન્ય કારીગરો તેમ જ કલાકારો ગામોમાં પ્રસરી જવાને લીધે ખેતીમાં પણ વિકાસ સક્ષમ બની શક્યો. આટવિકોના વિસ્તારો સુધી પહોંચેલી જમીનદાનની પ્રવૃત્તિથી પડતર જમીન ખેડાણ હેઠળ લાવવામાં આવી.

મધ્ય ભારત અને દક્ખણમાં પાંચમીથી સાતમી સદી સુધીમાં લગભગ પચાસ જેટલા શાસકોની સત્તા અસ્તિત્વમાં હતી. એમની રાજકીય સત્તા મહારાષ્ટ્ર, પૂર્વીય મધ્ય પ્રદેશ, આંધ્ર, ઓરિસા અને બંગાળ સુધી પહોંચતી હતી. આ વિસ્તારના શાસકીય રાજવંશોએ પોતાનાં દાનપત્રો આપ્યાં, જે દ્વારા પોતાના રાજ્યના અધિકારીઓ, સૈનિકો વગેરેના અસ્તિત્વનો નિર્દેશ મળે છે. આ બધાં રાજ્યો જમીન અને ખેતીની પેદાશો પર આધાર રાખતાં હતાં. વાસ્તવમાં અનુગુપ્તકાળમાં સમગ્ર 'રાજ્ય'નો આધાર માત્ર 'ખેતી' જ હતો. આમ પહેલાં જ્યાં 'રાજ્ય' પણ નહોતાં તેવાં ક્ષેત્રોમાં હવે 'રાજ્ય'નો ઉદ્ભવ થવાથી પણ ખેતીનું વિસ્તૃતીકરણ થાય અને ગ્રામીણ અર્થતંત્રનો વ્યાપ વધતો જાય તે સ્વાભાવિક છે.

સંસ્કૃત અને બિનસંસ્કૃત બન્ને ભાષામાં નામો ધરાવતાં ઘણાં ગામો આ સમયે અસ્તિત્વમાં આવ્યાં જણાય છે. સમકાલીન સાહિત્યમાં ગ્રામીણ જીવનનું તથા ગ્રામીણ વસવાટોની સમૃદ્ધિનું આબેહૂબ વર્ણન પ્રાપ્ત થાય છે. સ્કંદ-પુરાણમાં પ્રદેશ-વાર ગામોનો ઉલ્લેખ મળે છે. પછીના સમયની કેટલીક કૃતિઓ પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં સ્થપાતી અને પ્રસરતી ગ્રામીણ વસાહતોનો નિર્દેશ કરે છે. અનુગુપ્તકાલીન દાનપત્રો પણ જાતે જ અસંખ્ય ગામોનાં નામોની નોંધ કરે છે. આમાં જૂની વસાહતોનાં નામોનો પણ સમાવેશ હોય છે, જોકે નવી

વસાહતોના ઉદ્ભવનું પ્રમાણ ઘણું વધારે છે. દાનમાં આપ્યાં હોય તે જ ગામોનાં નામોની સાથોસાથ દાની ગામોની સરહદે આવતાં ગામોનાં નામો પણ આપણને જાણવા મળે છે.

## 36.6.1. ખેતીવિષયક જ્ઞાન અને તકનિકી વિકાસ (Advances in Agricultural knowledge and Technology)

બૃહદ્સંહિતા, અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તર પુરાણ અને કૃષિપરાશરમાં ખેતી વિશે થયેલાં વિગતવાર સૂચનોથી સ્પષ્ટ થાય છે કે ખેતીવાડી વિશે લોકોમાં રસ વધતો જતો હતો. 'હર્ષચરિત'માં પણ પાક લેવા માટે ખાતરના મહત્ત્વ વિશે સ્પષ્ટ વર્ણન છે. તેમાં જણાવ્યું છે કે ગાયનું છાણ તથા કચરાપૂંજાનો ખાતર તરીકે ઉપયોગ કરવો જોઈએ. 'હર્ષચરિત'માં ખેડાણની વિવિધ પદ્ધતિઓ વિશે પણ વિગતો આપી છે, દા.ત. હળથી ખેડાણ કરવું, કોદાળીથી ખેડવું, કાપી-બાળીને વાવવું વગેરે. રાજાઓ અને જમીનના લાભાર્થીઓ તરફથી પણ ખેતી પ્રત્યે ખૂબ ધ્યાન અપાતું હતું. તેનો અંદાજ સિંચાઈની પદ્ધતિ વિશેનાં વિગતવાર વર્ણનોથી આવી શકે છે. 'હળ' નામે માપણીના એકમની લોકપ્રિયતા અને વ્યાપક પ્રસાર આ સમયે ઘણાં હતાં જે પરથી હળનું મહત્ત્વ કેટલું બધું હતું તે સ્પષ્ટ થાય છે. 'કાશ્યપીય કૃષીસૂક્તિ' નામની કૃતિમાં જેનો મુખ્ય ભાગ આઠમી નવમી સદીમાં રચાયો છે - બહુ જ વિગતથી ખેતીનાં બધાં પાસાંઓનું વર્ણન કરાયું છે. ઈશુની પ્રથમ સહસ્રાબ્દીની છેલ્લી સદીઓથી તો એવી ઘણી રચનાઓ પ્રાપ્ત થઈ છે જેમાંથી વનસ્પતિ તેમ જ પશુઓના રોગો વિશે પણ વિગતવાર માહિતી આપી છે.

'હર્ષચરિત' માં પશ્ચિમી ઉત્તર પ્રદેશમાંની સિંચાઈની કેટલીક સવલતો વિશે વર્ણન મળે છે. તેમાં 'ઉદ્ઘતઘટી' અને 'ઘટીયંત્ર' જેવાં સિંચાઈનાં સાધનો વિશે જણાવાયું છે. બંગાળના શિલાલેખોમાં ગ્રામીણ વસાહતો અને તેના સીમાડાઓ તરીકે નદી, ઝરણાં તથા નાળાંઓનો ઉલ્લેખ મળે છે. એક''દેવમાતૃકા'' શબ્દપ્રયોગ પણ જમીન માટે પ્રચલિત છે જેથી સૂચિત થાય છે કે ખેતીનો આધાર વરસાદ અને નદીઓ પર હતો. દક્ષિણ ભારતમાં તળાવો અને જળાશયો બાંધીને ખેતી માટે સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેટલાંક ગામો માટે તો આ બાબત-જળાશય વગેરે મહત્ત્વના સીમાચિહ્ન જેવી બની ગઈ હતી, જે તેનું સ્વીકૃત મહત્ત્વ કેટલું મોટું હતું તે સ્પષ્ટ કરે છે. દક્ષિણ ભારતમાં પલ્લવ શાસન દરમિયાન ગામોમાં ચૂંટી કાઢવામાં આવતી સમિતિઓ (અરી-વરિયમ્) જળાશયોનાં બાંધકામ તથા સમારકામ જેવાં કામની જવાબદારી અદા કરતી. ઘણા પલ્લવ રાજાઓ સિંચાઈના હેતુથી જળાશયો અને તળાવો બાંધતા એનું શ્રેય તેમને અપાય છે. દસમી સદી સુધીમાં 'અરઘટ્ટો 'અથવા સિંચાઈ માટેના કૂવાઓ કરવાની પ્રથા રાજસ્થાનના દક્ષિણ-પૂર્વી ભાગમાં મેવાડમાં પ્રચલિત થઈ ગઈ. આથી એવું વિચારી શકાય કે ઘણા સમય પહેલાંથી જ આ વ્યવસ્થાનો ઉપયોગ થતો આવ્યો હશે.

## 36.6.2. વનસ્પતિ અને ફસલ (Crops and Plants)

ગુપ્તકાળમાં રચાયેલી' અમરકોશ 'નામની કૃતિમાં ઘઉં, ચોખા જેવાં અનાજ તથા કઠોળ અને શાકભાજીઓનો નિર્દેશ થયેલો છે.' બૃહદ્સંહિતા' માં ફળોમાં કલમ કરવાની પદ્ધતિનું જ્ઞાન જણાવ્યું છે અનેહ્યુ એન સાંગ પણ વિવિધ પ્રકારના ચોખા, રાઈ, આદુ, જુદાં જુદાં શાકભાજી તેમ જ ફળોનું વર્ણન કરે છે.' હર્ષચરિત' પણ તે સમયની વનસ્પતિ અને ફસલો વિશે માહિતી આપે છે. જુદા જુદા પ્રકારના ચોખા, શેરડી, રાઈ, તલ, કપાસ, ઘઉં, જવ, દાળો વિશેની માહિતી મળે છે. હળદર, લવિંગ, મરી અને આદુ જેવા તેજાના પણ ઉગાડવામાં આવતાં હતાં. દૂધી, કોળું, કાકડી, ચોળી,લસણ જેવાં શાકો પણ થતાં. ફળોમાં શ્રીફળ, સોપારી, જેકફ્રૂટ, સંતરાં, મહુડાં અને કેરીનો સમાવેશ થતો. નાગરવેલના પાન પણ ઉગાડવામાં આવતાં. આમાંની કેટલીક વનસ્પતિ તેમ જ ફળોનો ઉલ્લેખ શિલાલેખોમાં પણ થયો છે. બાણના' હર્ષચરિત'માં ઉપરી અને મધ્ય ગંગાખીણના પ્રદેશો ઉપરાંત આસામ, બંગાળ અને મધ્ય ભારતની ભૌગોલિક વિગતો પણ મળે છે. તેમાંથી જ આપણને મધ્ય ભારતમાં થતા વાંસ, કપાસ તથા શણ પ્રકારના છોડ, અને પૂર્વી ભારતમાં થતા નેતર, વાંસ અને રેશમના ઉલ્લેખો મળે છે. તામિલનાડુ, પશ્ચિમી દખ્ખણ અને કર્ણાટકના કેટલાક ભાગોમાં આવેલા પલ્લવો તથા ચાલુક્યોના રાજ્યવિસ્તારોમાં ચોખા, જુવાર, બાજરી જેવાં ધાન્ય, તેલ, શેરડી વગેરેની ખેતીની વિગતો મળે છે. ઉગાડાતાં ફળોમાં કેળ, જેકફ્રૂટ, કેરી તથા નારિયેળ હતાં. ખરે જ આ બધી જ વનસ્પતિ તેમ જ ફસલો અને ફળોની વિવધતા ધ્યાનાકર્ષક છે. બ્રાહ્મણો તથા કારીગરોની ગ્રામીણ વસાહતોમાં હાજરી, ભૂમિસુધાર, તકનિકી ફેરફારો અને પ્રયોગો, સિંચાઈની વધતી સવલત વગેરેને લીધે વનસ્પતિ તેમ જ પાકોમાં આવી વિવિધતા લાવી શકાઈ હતી. પરિણામે અભૂતપૂર્વ રીતે ગ્રામ્ય અર્થતંત્રનો વિકાસ થયો.

## 36.7 ગ્રામીણ વસાહતો (Rural Settlements)

અગાઉ નિર્દિષ્ટ વિકાસ છઠ્ઠીથી આઠમી સદીમાં ભારતીય ગ્રામીણ વસાહતોમાં થયો હતો. ગામડાંઓ માટે

'ગ્રામ' શબ્દ સામાન્યતઃ વપરાશમાં હતો. પરંતુ બધાં 'ગામો 'એક જ પ્રકારનાં ન હતાં. જુદા જુદા પ્રકારની ગ્રામવસાહતો માટે વપરાતા જુદા જુદા શબ્દોનો આપણે આ સમયે પરિચય પામીએ છીએ. 'પલ્લી' નો અર્થ થતો હતો આટવિકોનું ગામ; ' પટ્ટક' એટલે ગામનો કોઈ એક વિભાગ. આમ તો પોતાને સ્વરૂપે તે એક ગામ જ હતું પણ એકંદરે કોઈ એક મોટા ગામનો જ તે વિભાગ ગણાતું. 'પટ્ટકો' ની સંખ્યા જ્યારે એક જ ગામની અંદર વધતી જાય ત્યારે તે ખેતીના વિસ્તૃતીકરણને સૂચવે છે. ગોવાળોની વસાહતોને 'ઘોષ' કહેતા. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે વિભિન્ન પ્રકારની વસાહતો માટે પ્રયોજાતા આ બધા શબ્દો અપરિવર્તનીય ન હતા તેમ જ બ્રાહ્મણોના ફેલાવા સાથે આટવિક ગામોમાં પણ ફેરફારો થતા.

ઘણાં પરિબળોના પરિચયમાં આવવાથી કેટલાંક ગામો અન્ય ગ્રામીણ વસાહતોનાં મિલનકેન્દ્ર બન્યાં અને અંતે મોટી વસાહતોમાં પરિણમ્યાં. લગભગ ઈશુની દસમી સદીથી હકીકતમાં, કેટલીક વસાહતો શહેરી કેન્દ્રો તરીકે પરિવર્તિત થઈ ચૂકી. અહીં આપણે નોંધવું જોઈએ કે વસાહતોનાં નામોમાં આવા ફેરફાર હંમેશાં પ્રતિબિંબિત થતા નથી. ગ્રામીણ વસાહતનું કદ મોટું થયા પછી અને તેના લાક્ષણિક ફેરફાર પછી પણ ગામોમાં અગાઉનાં નામોય વપરાશમાં રહ્યાં. સંસ્કૃત નામો અને બિનસંસ્કૃત નામોના આધારે ગામોનું વિભાગીકરણ થઈ શકે. બિનસંસ્કૃત નામોના આધારે ગામોનું વિભાગીકરણ થઈ શકે. બિનસંસ્કૃત નામો આટવિક ગામોનું ક્રમશઃ કૃષિવિષયક ગામોમાં પરિવર્તન સૂચવે છે, તો સંસ્કૃત નામો બ્રાહ્મણ સંસ્કારો અને વિચારોનું પ્રતિબિંબ પાડે છે.

ગામની રચના કેવી રીતે થઈ ? સામાન્ય રીતે ગામમાં રહેઠાણની (વાસ્તુ), ખેડેલી જમીન (ક્ષેત્ર) અને વણ-ખેડેલી જમીનનો સમાવેશ થતો. આ છેલ્લા વિભાગમાં ઢોર ચરાવવાની જમીન (ગોચર), ઝાડવાં અને જંગલો પણ સામેલ હતાં. તેમ છતાં ગામની હદનો પ્રશ્ન સમસ્યારૂપ હતો, કારણ કે તે માટે કોઈ ચોક્કસ ધોરણ ન હતું. આવાં ગામો હવે આપણે જાણી શક્યા છીએ તેમ હંમેશાં વિસ્તરતાં અને વિકસતાં રહેતાં. કોઈ વાર તેની હદ નદીનાળાં કે પહાડ જેવી કોઈ કુદરતી આડશો ગણી શકાતી. જ્યારે અન્યથા આ વસાહતો પરસ્પરની નજીક રહેતી ત્યારે ગામની હદ સમીપવાળા ગામના નિર્દેશથી નક્કી થતી. અનુગુપ્તકાળમાં ઘણાં બધાં તામ્રપત્રોમાં જમીનદાનોની નોંધણી કરતી વખતે તેમાં જુદા જુદા પ્રકારની જમીનોનું વર્ણન કર્યું છે. દા.ત. ખેતીલાયક, વણખેડેલી, ઊંચી, નીચી, આર્દ્ર, કાદવવાળી, ઘાસવાળી અને જંગલોવાળી. જમીનોની ઉત્પાદનશક્તિ અને તેની ગુણવ ત્તાનો નિર્ણય જમીનોના પ્રકારના વિસ્તૃત વર્ણન પર આધારિત હતો. વિભિન્ન જમીનોનાં આવાં વિગતવાર વર્ણનો ખેતીવાડી અને પશુપાલનના વધતા મહત્ત્વને સૂચિત કરે છે.

બ્રાહ્મણોને દાનમાં આપેલાં ગામોને 'બ્રહ્મદેય' અથવા 'અગ્રહાર' તરીકે ઓળખાવાતાં. જે ગામો બ્રાહ્મણોને દાનમાં આપ્યાં હોય અને તેઓ તેમાં વસવાટ કરતા હોય તેને 'બ્રહ્મદેય' કહેતા. જ્યારે 'અગ્રહાર' એ હતા જેમાં બ્રાહ્મણો ઉપરાંત અન્ય જાતિઓ પણ વસવાટ કરતી હોય. જોકે તેના માલિકીહક્કો ફક્ત બ્રાહ્મણો પાસે જ રહેતા. દક્ષિણ ભારતમાં આવાં ગામો 'મંગલમ્' તરીકે જાણીતાં હતાં. ખાસ કરીને વહીવટી તંત્ર અને સામાજિક સંગઠનના સ્તરે. બન્ને પ્રકારનાં બ્રાહ્મણીય ગામો સામાન્ય પ્રકારનાં અબ્રાહ્મણીય ગામોથી અલગ તારવવામાં આવતાં. બ્રાહ્મણીય વસાહતો' સભા'થી ઓળખાતી તો 'ઉર'થી સામાન્ય પ્રકારની વસાહતનું સૂચન થતું. બન્ને પ્રકારનાં ગામોનું આખા દેશમાં અરસપરસ શું પ્રમાણ હતું તે કહેવું કઠિન છે. સાદાં ગામો પણ, જેમ હવે આપણે જાણીએ છીએ તેમ, બ્રાહ્મણોને દાનમાં તો અપાતાં, પરંતુ એકંદરે કુલ ગ્રામીણ વસાહતોમાંથી થોડાં જ ગામો દાનમાં અપાયાં હશે એમ જણાય છે.

## 36.8 ખેતીવિષયક નવા સંબંધો (New Pattern of Agrarian Relations)

હવે આપણે જે વિશિષ્ટ સંબંધો છઠ્ઠી આઠમી સદી દરમિયાન બંધાયા તેનાં મુખ્ય લક્ષણોનો વિચાર કરીશું.

### 36.8.1. ખેડૂતોની જવાબદારીઓ (Obligations of the Peasant)

લાભાર્થીઓને અપાયેલાં દાનપત્રોથી તે ગામ/ ગામોના રહેવાસીઓ કરતાં અમુક વિશિષ્ટાધિકારો આપવામાં આવ્યા હતા. દરેક જાતના કરવેરા ઉઘરાવવાના હક્કો લાભાર્થી ભોગવતા. લાભાર્થી તેમ કરવામાં નિયમિત અથવા અનિયમિત, કે નિર્ણીત અથવા અનિર્ણીત કરવેરા ઉઘરાવતો હોય તો જ તામ્રપત્રમાં કરવેરાઓની યાદીને અંતે 'આદિ'એટલે કે 'વગેરે' જેવા શબ્દો લખાતા. તેનો ઉપયોગ પોતાની જરૂર પ્રમાણે પછીથી જમીનદારો કરતા હતા. ભાગ, ભોગ, કર અને ઉપરીકર, હિરણ્ય, ઉદ્રંગ, હલિકાકર વગેરે જેવા કરો તે પ્રાપ્ત કરતો. ઉપરાંત આ વધારાના અપવાદરૂપ લાભ પણ ભોગવતો. છઠ્ઠી-આઠમી સદી દરમિયાન ખેડૂતોને હકીકતમાં વધતા જતા કરબોજને ઉપાડવો પડતો હતો. વાકાટકોના તામ્રપત્રોમાં ચૌદ પ્રકારના કરવેરાઓનો નિર્દેશ છે. જ્યારે પલ્લવ તામ્રપત્રોમાં તો અઢારથી બાવીસ કરવેરાનો નિર્દેશ થયેલો છે. ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના અંતમાં તો કરવેરાની સંખ્યા ખૂબ જ વધી ગઈ હતી.

ગુપ્તકાલ અને અનુગુપ્તકાલના ઉત્તર મહારાષ્ટ્ર, કોંકણ, મધ્ય પ્રદેશ અને ગુજરાતને સંબંધિત જમીનોમાં દાનપત્રોમાં લાભાર્થીઓને પ્રાપ્ત સર્વોત્તમ હક્કોનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. આમાંનો એક હક્ક એવો હતો કે તે ખેડૂતોને જમીન છોડવાનું પોતાની મરજી પ્રમાણે કહી શકે અને મરજી પ્રમાણે નવા ખેડૂતોને વસાવી શકે. સાતમી સદીથી તામ્રપત્રોમાં જળાશયોનાં સ્રોત, વૃક્ષો, છોડવાઓ અને ગોચરો ઉપર પણ લાભાર્થીઓના માલિકીહક્કો થયા. દસમી સદી પછી આ વલણમાં વધારો થયો. આ પ્રકારના સ્રોતના હસ્તાંતરની પ્રક્રિયાથી દાન આપેલાં ગામોના ખેડૂતવર્ગને તો વિપરીત અસર થઈ જ, પરંતુ સાથે સાથે લાભાર્થીઓની તાકાત પણ વધતી ગઈ. સ્કંદપુરાણમાં ફરજિયાત મજૂરી (વેઠ)નો ઉલ્લેખ જોવા મળે છે. અભિલેખો પણ સૂચવે છે કે પાંચમી-છઠ્ઠી સદીથી પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતમાં વેઠની પ્રથા જાણે ઘર ઘાલી ગઈ હતી. આ ઉપરાંત દાનખતોમાં હવે એક વધારાની કલમનો ઉમેરો થવા લાગ્યો હોય તેમ જણાય છે-કે ખેડૂતોએ લાભાર્થીઓના હુકમોનું પાલન કરવું. ચંબા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને પૂર્વી ભારતના પ્રદેશોમાં ખેડૂતોની સ્થિતિમાં આમ પડતી થવા લાગી.

## 36.8.2 જાગીરી જમીન માલિકી હક્ક( Feudal Land Tenure)

સ્મૃતિકારો યાજ્ઞવલ્ક્ય અને બૃહસ્પતિ જમીનના એક જ ટુકડા માટે જમીનમાલિકી હક્કોની ચાર કક્ષાઓ ગણાવે છે. તદનુસાર, આ હક્કોના ધારણકર્તાઓ આ પ્રમાણે છે : મહીપતિ (રાજા), ક્ષેત્રસ્વામીન્ (જમીનનો હકદાર), કરક્ષક (ખેતી કરનાર) અને ગણોતિયો. જમીનખતો દ્વારા જમીન ઉપર વંશપરંપરાગત હક્કો અને જાગીરીના હક્કો અપાતા હતા. આ પ્રથાને પરિણામે જમીનદારવર્ગમાં શ્રેણી સોપાનનો ઉદય થયો, જેઓ ખરેખર ખેતી કરનારના વધારાના ઉત્પાદનનો ઉપભોગ કરતા હતા. પૂર્વ તેમ જ દક્ષિણ ભારતની ધાર્મિક સંસ્થાઓને પણ ખૂબ જ મોટા મોટા પ્રમાણમાં જમીન, રોકડ તેમ જ પશુઓનાં દાન થતાં. આથી આ સંસ્થાઓ સ્વયં મોટા જમીનદાર જેવો દરજ્જો ભોગવવા લાગી. રત્નગિરિ (ઓરિસા) અને બિહારમાં નાલંદા આનાં દાખલારૂપ છે. નાલંદા વિહારને 200 ગામોનો ભોગવટો મળ્યો હતો.

દક્ષિણમાં પલ્લવ શાસન દરમિયાન મંદિરોને પણ જમીનો તથા ગામોનાં ગામો દાનમાં અપાતાં હતાં. અનુકાલીન ચૌલવંશીય શિલાલેખોમાં પણ 'દેવદાન'(એટલે કે દેવોને કરેલું દાન) અંગે વારંવાર ઉલ્લેખો જોવા મળે છે. પલ્લવકાળથી મંદિરોના સેવકોને જમીનો દાનમાં મળતી અને તે દેનાર હતું મંદિર જ. આનાં પરિણામો સ્પષ્ટ છે. ધાર્મિક સંસ્થાઓ પોતે જમીનની લાભાર્થીઓ બની, અને પછી પોતે તેમાંની જમીનો પોતાના નાના સેવકો, કારીગરો, સંગીતકારો, કામદારો વગેરેને ફાળવવા લાગી. આ હક્કપ્રાપ્તિ છેવટે ખરેખરા ખેડૂતને ભાડાપેટે અપાતી હતી. આ પ્રમાણે મંદિરની જમીન ગણોતિયાઓને ખેડવા માટે સોંપાતી. પલ્લવ શાસન સમયથી મંદિરોને દાનમાં અપાતી જમીનોને કારણે જમીનહક્કોના ભોગવટાની પદ્ધતિમાં જટિલતાનો આવિર્ભાવ થયો. ખાસ કરીને 8મી સદીથી એક એવો ખેડૂત વર્ગ ઊભો થયો જે કરવેરાના બોજ તળે કચડાતો હતો, અને શક્તિશાળી, જમીન પર વિશિષ્ટાધિકારો ભોગવતા જમીનમાલિકોથી તેમણે દબાઈને જીવવું પડતું હતું.

## 36.8.3 સંવૃત્ત અર્થતંત્રનો વિકાસ (Growth of Closed Economy)

છઠ્ઠી-આઠમી સદી દરમિયાનનું અર્થતંત્ર ગ્રામીણ કેન્દ્રોના ઉદય અને વિકાસનો અનુભવ કરવા લાગ્યું. તેમને લેવડદેવડનાં કેન્દ્રો સાથે અને દૂરના અંતરના વેપાર સાથે સાંકળવામાં આવ્યાં ન હતાં.

લેવડદેવડનાં કેન્દ્રોનું માળખું સાવ જ ખોરવાઈ ન ગયું, પરંતુ જુદી જુદી કક્ષાના લાભાર્થીઓને હસ્તાંતરિત થયેલી વસાહતોને પરિણામે ઉત્પાદન અને વપરાશના સ્વાવલંબી સંવૃત્ત એકમોના નિર્માણ માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું. સ્થાનિક જરૂરિયાતો સ્થાનિક રીતે પૂરી થવા લાગી. સંબંધોને દૂર સુધી સાંકળનાર તત્ત્વોમાં માત્ર યુદ્ધોના સૈનિકોની હિલચાલ, ધાર્મિક કેન્દ્રો પર જતા આવતા યાત્રાળુઓ અને જમીન-દાન એકઠાં કરી તેને ભોગવતા બ્રાહ્મણો જ હવે ફક્ત સામયિક ગતિશીલતાના પ્રકારો હતા. ધર્મશાસ્ત્રોએ બ્રાહ્મણોની ગતિશીલતાને સીમિત કરી નાખી. પોતાના ઘરના અને વૈદિક અગ્નિને સતત પ્રજ્જવલિત રાખી શકાય તે હેતુથી તેમને દૂરના અંતરે પ્રવાસ માટે જવાની મનાઈ ફરમાવવામાં આવી. ખાસ તો દરિયાઈ મુસાફરી તેમના માટે પ્રતિબંધિત હતી. તે જ રીતે સ્થાનિક અને આસપાસનાં ગામોમાં જ લગ્નસંબંધો સ્થાપવાની છૂટ રહી. આ બધાને લીધે સક્ષમ સ્થાનિક લગાવ વિકાસ પામ્યો. ગ્રામીણ સ્થાનિકતા અને સ્વાવલંબનની આ ભાવનાનો વિકાસ દર્શાવનાર શબ્દો છે. 'ગ્રામધર્મ', 'ગ્રામાચાર' અને 'સ્થાનાચાર' જેને સમકાલીન પૌરાણિક સાહિત્યમાં ગ્રામીણ અને સ્થાનિક પ્રથા તરીકે નિર્દેશવામાં આવ્યા છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) ખેતીવિષયક તકનિકી ક્ષેત્રે થયેલા મહત્ત્વના વિકાસ અંગે પાંચેક લીટીમાં ચર્ચા કરો.

........................................................................

........................................................................

........................................................................

(ખ) છઠ્ઠી-આઠમી સદી દરમિયાન ખેતી વિષયક સંબંધોનાં મુખ્ય લક્ષણો વિશે દશેક લીટીમાં ચર્ચા કરો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(ગ) પ્રસ્તુત વિધાનો સાચાં(✓) છે કે ખોટાં(✗) તે નિશાનીથી જણાવો :

(1) શહેરોની પડતીથી કારીગરો ગ્રામપ્રદેશોમાં હિજરત નહોતા કરી ગયા. ( )

(2) 'હર્ષચરિત'માં સિંચાઈની સવલતો બાબત કોઈ ઉલ્લેખ નથી. ( )

(3) બધી ગ્રામ વસાહતો એક જ પ્રકારની નહોતી. ( )

(4) બ્રાહ્મણોને દાનમાં અપાયેલાં અને વસાહતી બનેલાં ગામોને 'બ્રહ્મદેય' કહેતાં. ( )

(5) ધર્મશાસ્ત્રોએ બ્રાહ્મણોની અવરજવરને મર્યાદિત કરી નાખી. ( )

## 36.9 સારાંશ

ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના મધ્યથી અર્થકારણમાં આવેલાં વિભિન્ન પરિણામોને અહીં તપાસ્યાં છે. આ પરિવર્તનો ખૂબ મહત્ત્વનાં છે, કેમ કે એક તો તેમણે પૂર્વકાલનો અંત દર્શાવ્યો, અને ભારતના ઇતિહાસમાં વિશિષ્ટ તબક્કાના પ્રારંભને સૂચિત કર્યો. જે રીતે પૂર્વકાલથી નવો તબક્કો શરૂ થયો તે સ્વયમ્ મુખ્ય ફેરફારોથી સમજાય છે. આમ ગુપ્તકાલ અને અનુગુપ્તકાલ આ રીતે વિશિષ્ટ કહી શકાય :

* જમીનદારોના વર્ગનો અને પરવશ ખેડુતવર્ગનો ખેતીવિષયક અર્થકારણમાં ઉદ્ભવ થયો તે ખાસ કરીને ગ્રામીણ હતો અને ખેતીવિષયક હતો ;
* વ્યાપારમાં નોંધનીય પડતી;
* શહેરી કેન્દ્રોની પડતી; અને
* ધાતુના સિક્કાઓની અછત.

હકીકતમાં આ કાલ પ્રચંડ ગતિશીલતાવાળો બન્યો. આ સંદર્ભમાં અનુકાલમાં આવેલાં પરિવર્તનો અહીં ધ્યાનાકર્ષક રહ્યાં.

નવી ફસલોનો વિકાસ, સિંચાઈની સગવડોનું નિર્માણ, પશુઓ અને પાકના રોગો પ્રત્યે વધતી જાગૃતિ, ખેતી સંલગ્ન અન્ય બાબતોમાં સુધારણા, કેટલીક વસાહતોના કદમાં વધારો, જે ગ્રામીણ કેન્દ્રોનાં મિલનસ્થાનો તરીકે ઊપસી આવ્યાં અને લેવડ-દેવડના મધ્ય તરીકે ઉદ્ભવ પામ્યાં.

## 36.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

દાનપત્ર (Charter): હક્ક દર્શાવતું કરારનામું

યાત્રી (Itinerant): એક સ્થળેથી બીજે સ્થળે જનાર

લાભાર્થી (Beneficiary): દાન મેળવનાર વ્યક્તિ/સંસ્થા

વિનિમય (Barter): એક ચીજનો બીજી ચીજ સાથે બદલો

સંસ્કૃતીકરણ: (Acculturation) વિશિષ્ટ સંસ્કૃતિને અપનાવવું.

## 36.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) જુઓ 3 6.3

(ખ) (1)✗ (2)✓ (3)✓ (4)✓ (5)✗

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) જુઓ 36.6.1

(ખ) જુઓ 33.8

(ગ) (1)✗ (2)✗ (3)✓ (4)✓ (5)✓

# એકમ 37 સમાજમાં પરિવર્તનો (Changes in Society)

રૂપરેખા

37.0 ઉદ્દેશો
37.1 પ્રસ્તાવના
37.2 સામંતશાહી સોપાન - શ્રેણી અને વર્ણો
37.3 કાયસ્થોનો વિકાસ
37.4 અસ્પૃશ્યો
37.5 હુન્નરો અને જાતિઓ
37.6 શૂદ્રોની પ્રગતિ તથા વૈશ્યોની અધોગતિ
37.7 વર્ણસોપાનશ્રેણીના વિચારનો વિસ્તાર તેમ જ કાયાકલ્પ
37.8 સ્ત્રીઓની સ્થિતિ
37.9 જમીનદારો અને ખેડૂતો
37.10 જાતિઓમાં પ્રચુરતા
    37.10.1 બ્રાહ્મણો
    37.10.2 ક્ષત્રિયો
    37.10.3 શૂદ્રો
37.11 સારાંશ
37.12 ચાવીરૂપ શબ્દો
37.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 37.0 ઉદ્દેશો

ગયા એકમમાં આપણે ગુપ્તકાલ અને ખાસ કરીને અનુગુપ્તકાલમાં આવેલાં મુખ્ય પરિવર્તનો વિશે જાણ્યું. આ એકમમાં આ જ સમયે સમાજનાં વિવિધ પાસાંઓ અને તેમાં આવેલાં પરિવર્તનો વિશે ચર્ચા કરીશું. આ એકમના અભ્યાસથી તમે આટલું જાણશો કે-

* વર્ણ-સોપાનશ્રેણી (hierarchy)ના માળખામાં તેમ જ વિચારમાં આવેલા પરિવર્તન માટે કયાં પરિબળો જવાબદાર હતાં;
* નવી જ્ઞાતિઓના ઉદ્ભવ અને ઝડપી સંખ્યાવૃદ્ધિની પ્રક્રિયા શું હતી;
* સમાજમાં અસ્પૃશ્યોની થયેલી દયાજનક સ્થિતિનાં કારણો કયાં હતાં; અને
* પૂર્વકાલીન જ્ઞાતિપ્રથાથી પરિવર્તન પામેલી આ જ્ઞાતિપ્રથાનાં કારણો કયાં હતાં.

## 37.1 પ્રસ્તાવના

એકમ 36માં આપણે અવલોકી ચૂકેલા આર્થિક ફેરફારો સાથે ગુપ્તકાલ અને અનુગુપ્તકાલમાં થયેલાં સામાજિક પરિવર્તનોને સંબંધ છે. આ સમયનાં મુખ્ય આર્થિક પરિબળો હતાં : મોટા પાયાનાં જમીનોનાં દાન, વ્યાપાર, શહેરી જીવન અને ઉદ્યોગોમાં પડતી, નાણાંની અછત, ખેતીનું વિસ્તૃતીકરણ, સમાજનું વિકસતું જતું ખેતીપ્રધાન લક્ષણ, અને સંવૃત્ત અર્થતંત્ર જેમાં સ્થાનિક એકમો દ્વારા જ ઉત્પાદન તથા વપરાશ (અને વિદેશો સાથે વ્યાપાર વિહીનતા). આવા આર્થિક માળખા પર આધારિત સામાજિક માળખું રચાયું જેમાં સત્તાધીશ જમીનદારોના વર્ગનો, મધ્યમ વર્ગ અને મોટી સંખ્યાના ગરીબ ખેડૂતોનો સમાવેશ થતો હતો. જમીન મિલકતની અને સત્તાની અસમાન વહેંચણીને લીધે નવાં સામાજિક જૂથો અને વર્ગો ઊભાં થવાં લાગ્યાં, જેણે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શૂદ્ર જેવા વર્ણવિભાજનની પરવા ન કરી. સામાજિક માળખામાં જે અન્ય પરિવર્તનો આવ્યાં તેમાં નવી નવી જાતિઓનો ઉદ્ભવ અને ફેલાવો, જ્ઞાતિ-સંબંધોના કઠોર નિયમો અને આટવિકોના સંસ્કૃતીકરણનો સમાવેશ થતો હતો. આટવિક જાતિઓનું સંસ્કૃતીકરણ એ માત્ર તેમના વિસ્તારોમાં જમીનદાનને કારણે થયેલી બ્રાહ્મણોની હલચલનું જ પરિણામ ન હતું. પરંતુ દૂરના વિસ્તારોમાં સ્થાનિક રાજવી કુટુમ્બોના ઉદ્ભવને કારણે આમ થયું હતું. એ રાજવી કુટુમ્બો તરફથી બ્રાહ્મણોને જે રાજ્યાશ્રય મળ્યો તેમાં જમીનનું દાન, દરબારમાં નોકરી અને

બીજા લાભોનો સમાવેશ થતો હતો. આથી એવું સ્પષ્ટ થાય છે કે જ્યાં આટવિકો રહેતા હતા ત્યાં એક અતિ જટિલ સમાજનો ઉદ્‌ભવ થયો જેમાં ખેડૂતો, બ્રાહ્મણો, કારીગરો, વેપારીઓ, શાસકો વગેરે વિવિધ જૂથોયુક્ત વિચ્છિન્ન સમાજ અસ્તિત્વમાં હતો.

## 37.2 રાજકીય અને સામાજિક સોપાન-શ્રેણી અને વર્ણો (Political and Social Hierarchy and the Varnas)

જમીનનાં અનુદાન અને તેમાંથી ઉદ્‌ભવેલા વચલા જમીનદાર વર્ગોએ આર્થિક તેમ જ રાજકીય સત્તા હાંસલ કરીને વર્ણોમાં વિભાજિત અગાઉના સમાજનું સ્વરૂપ બદલ્યું. પરંતુ આ નવાં સામાજિક જૂથો ચાર વર્ણોની વ્યવસ્થામાં ગોઠવાઈ શક્યાં નહિ. ભૂમિસંબંધિત મિલકતની અસમાન વહેંચણીથી સામાજિક વર્ગો ઉદ્‌ભવ્યા જેણે વર્ણવ્યવસ્થા આધારિત સામાજિક મોભાને હચમચાવ્યો. સામંતો અને ભૂમિસંબંધિત ઉમરાવશાહી, પોતાના સામાજિક મૂળ કે દરજ્જાને ધ્યાનમાં રાખ્યા વિના વિશિષ્ટ લક્ષણ તરીકે ઊપસી આવ્યાં. બ્રાહ્મણ જમીનધારકો આ વર્ગનો એક હિસ્સો બન્યા. તેમણે પોતાનાં પુરોહિતકાર્યો છોડી દીધાં અને તેને બદલે તેમણે જમીન અને તે પરના લોકોની વ્યવસ્થા પ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. આવાં બ્રાહ્મણજૂથો માત્ર પુરોહિતકાર્ય કરતા બ્રાહ્મણો કરતાં રાજવી કુટુમ્બો સાથે વધારે સામ્ય ધરાવતાં હતાં. પછીના સમયે તેઓ 'ઠાકુર', 'રાવત' જેવા ખિતાબોથી વિભૂષિત થયાં.

વિદેશી નૃવંશીય જૂથોનો અને દેશના આટવિક મુખીઓનો ક્ષત્રિય વર્ણમાં સમાવેશ શાસકીય ઉમરાવશાહી અંતર્ગત થતાં, તથા સંસ્કૃતીકરણ પામેલા આટવિકોનો શૂદ્ર વર્ણમાં સમાવેશ થતાં તેઓનો ફક્ત સામાજિક દરજ્જો વધ્યો એટલું જ નહિ પરંતુ વર્ણવિભાજિત સમાજનું પરિવર્તન પણ કર્યું. ઉપરાંત દ્વિજ અને શૂદ્ર વચ્ચેનો અગાઉનો તફાવત પણ આ કાલ દરમિયાન રૂપાંતર પામવો શરૂ થયો.

જમીનનું મહત્ત્વ ઝડપથી વધવા લાગ્યું. જમીન હવે સામાજિક દરજ્જાનો માપદંડ બની રહી. કોની પાસે કેટલી જમીન છે અને તે પરના કેવા માલિકી હક્કો છે? આ હક્કો પણ કોઈ એક વર્ણ સાથે જ સંકળાયેલા તો નહોતા.

આનો અર્થ એ થયો કે વ્યક્તિનો સામાજિક દરજ્જો તે જે 'વર્ણ'નો છે તે મુજબનો ન રહ્યો, પરંતુ જમીનધારકોની વિવિધ કક્ષાઓમાં જમીનધારક તરીકેના તેના સ્થાન સાથે સંકળાયેલો બનવા લાગ્યો. આ સમયમાં શરૂ થયેલાં આવાં વલણો નવમી-દસમી સદીમાં ઘણાં વધી ગયાં. ત્યારથી 'કાયસ્થો', વેપારીઓ અને સત્તાશાળી સમૃદ્ધ ખેડૂતોને પણ 'રાણક', 'નાયક' વગેરે ખિતાબો મળવા લાગ્યા. તેઓ હવે સમાજના ઉચ્ચ વર્ગના અને સત્તાધીશ જમીનદાર વર્ગના એક અંતર્ગત ભાગ બની ગયા. વરાહમિહિરની કૃતિ 'બૃહદ્‌સંહિતા' આ ફેરફારોની નોંધ લે છે, અને જન્મ-આધારિત સામાજિક દરજ્જા સાથે તેનો સુમેળ સાધવા મથે છે. સ્થાપત્યના આ સમયના ઘણા ગ્રંથો આ બાબતને પ્રતિબિંબિત પણ કરે છે.

વિભિન્ન જાતિઓનો ઉદ્‌ભવ અને વિસ્તાર એ ગુપ્તકાલ અને અનુગુપ્તકાલનું એક વિશિષ્ટ લક્ષણ હતું. નવી જાતિઓના ઉદ્‌ભવની અસર બ્રાહ્મણો, ક્ષત્રિયો, કાયસ્થો અને શૂદ્રો પર પડતી ગઈ. સંમિશ્ર જાતિઓ અને અસ્પૃશ્ય જાતિઓમાં પણ ખૂબ વધારો થયો. નગરકેન્દ્રો અને વેપારની પડતીને કારણે હુન્નર શ્રેણીઓનું 'જાતિઓ'માં રૂપાંતર તથા હસ્તકલાની સ્થાનિક વારસાની લાક્ષણિકતાઓ નવી જાતિઓની રચનાની પ્રક્રિયાને મદદરૂપ થઈ. આઠમી સદીમાં રચાયેલો ગ્રંથ 'વિષ્ણુધર્મોત્તર પુરાણ' જણાવે છે કે હજારો મિશ્ર જાતિઓ ઉત્પન્ન થવાનું કારણ એ હતું કે વૈશ્ય સ્ત્રીઓ નિમ્ન કોટિની જાતિવાળાઓ સાથે લગ્ન કરતી હતી. ઈશુની શરૂઆતની સદીઓમાં આથી વિપરીત પરિસ્થિતિ હતી, કેમકે 'મનુસ્મૃતિ'માં મિશ્ર જાતિઓની સંખ્યા તો માત્ર 61 ગણાવેલી છે. શૂદ્ર જાતિમાં આટવિકો અને પછાત લોકોનું સંસ્કૃતીકરણ અને સમાવેશ કર્યાથી નવી જાતિઓની સંખ્યામાં ઠીક ઠીક વધારો થયો હતો. તદુપરાંત અસ્પૃશ્ય જાતિઓ પણ હતી જેનાં વિવિધ ઉદ્‌ભવસ્થાનો હતાં.

**વર્ણસંકર (Varnasamkar)**

સમાજે જેને સામાન્ય રીતે માન્યતા બક્ષી નથી એવા આંતરવર્ણીય /આંતરજ્ઞાતીય અને /અથવા આંતરમિશ્ર જોડાણોએ મિશ્ર જાતિઓના ઉદ્‌ભવ તરફ દોરી જઈને જે સામાજિક અવ્યવસ્થાને જન્મ આપ્યો તેને આપણે 'વર્ણસંકર' શબ્દથી ઓળખીએ છીએ.

નવી જ્ઞાતિઓની સંખ્યામાં ઠીક પ્રમાણમાં વધારો થવાથી જ્ઞાતિપ્રથામાં વધુ જકતા પ્રવેશી અને આંતરજ્ઞાતીય લગ્નો તરફ નાપસંદગી વ્યક્ત થવા લાગી. અગાઉ અનુલોમ લગ્નો, અર્થાત્ ઉચ્ચ વર્ગના કુમાર અને નિમ્ન વર્ગની કન્યા વચ્ચે થતાં લગ્નો માટે સામાજિક માન્યતા અપાતી. પરંતુ પ્રતિલોમ લગ્નો (જેમાં ઉચ્ચ વર્ગની કન્યા અને નિમ્ન વર્ગના કુમારનાં લગ્ન થતાં) ઘૃણાપાત્ર ગણાતાં, જોકે વધતાં જતાં અનુલોમ લગ્નો પણ નાપસંદ થવા લાગ્યાં.

## 37.3 કાયસ્થોનો વિકાસ (Growth of The Kayasthas)

'લહિયા'ઓની અથવા 'કાયસ્થ' જ્ઞાતિનો પ્રાદુર્ભાવ બદલાયેલી સામાજિક-આર્થિક પરિસ્થિતિને લીધે થયો. જમીન-દાનની ક્રિયામાં જમીન મહેસૂલ અને જમીનને બ્રાહ્મણોને, ધાર્મિક સંસ્થાઓને અને અધિકારીઓને હસ્તાંતરિત કરવામાં આવતી હતી. આ અને આવી જટિલતાએ લહિયાઓની અને એવા દફતરપાલકોની સંસ્થાની જરૂરિયાતને જન્મ આપ્યો, જેઓ મહેસૂલ સંબંધી વિવિધ બાબતો સહિત જમીનના હાથબદલાની વિગતો રાખે અને જમીનખતના ખરડાઓ તૈયાર કરે. ગુપ્તકાલમાં જમીનના નાના ટુકડા થવા શરૂ થયા. ધર્મશાસ્ત્રોમાં જમીનના ભાગલા કેવી રીતે કરવા અને ગામના સીમાડાઓના ઝઘડાની પતાવટ કેવી રીતે કરવી તેના નિયમો આપ્યા છે. આને લીધે વ્યક્તિગત માલિકીની જમીન વિશેના યોગ્ય દસ્તાવેજો આવા ઝઘડા પતાવવા માટે ખૂબ જરૂરી બનવા લાગ્યા. એક જ જમીનના ટુકડા કે ગામના હક્કોની વિવિધતાના અસ્તિત્વને કારણે પણ જમીનનોંધણીપ્રથા વધુ જટિલ બનવા લાગી. આને લીધે જમીનના દસ્તાવેજોમાં બધી ઝીણી ઝીણી વિગતો નોંધવી જરૂરી બની. આ મુશ્કેલ કામ એક લહિયાવર્ગે હાથ ધર્યું જેઓને કાયસ્થ, કરણ, કર્ણિક, પુસ્તપાલ, ચિત્રગુપ્ત, અક્ષપટલિક વગેરે નામો અપાયાં. કાયસ્થો લહિયાઓની એક જ કોમના હતા. આથી ક્રમિક રીતે લહિયાઓ અને દફતરપાલો એક કોમ તરીકે 'કાયસ્થ' નામે ઓળખાવા લાગ્યા. શરૂઆતમાં ઉચ્ચ વર્ણના શિક્ષિત લોકોને કાયસ્થ તરીકેનું કામ કરવા રોકવામાં આવતા હતા. પરંતુ સમયના વહેણ સાથે અન્ય વર્ણોમાંથી નિમણૂક પામેલા લહિયાઓએ પોતાના સામાજિક સંબંધોને પોતાના જ વ્યવસાયના સભ્યો પૂરતા મર્યાદિત બનાવવા માંડ્યા અને પોતાની કોમમાં અંતર્લગ્નપ્રથા અને પોતાના કુટુમ્બમાં ગોત્રાંતર લગ્નપ્રથાનો અમલ શરૂ કર્યો. પરિણામે કાયસ્થોમાં જ્ઞાતિનિર્માણની પ્રક્રિયા પૂરી થઈ. (અંતર્લગ્નપ્રથા અને સહતોજિતા જ્ઞાતિપ્રથાનાં બે પાયાનાં લક્ષણો છે.) કાયસ્થોનો સૌથી જૂનો ઉલ્લેખ ઈશુની પ્રારંભિક સદીઓમાં જોવા મળે છે. ઈશુની નવમી-દસમી સદી પછી તો તેઓ એક શક્તિશાળી અને પ્રભાવક જૂથ તરીકે ઊપસી આવ્યા અને રાજ્યોમાં મોટી પદવીઓ ધારણ કરનારા તરીકે પ્રખ્યાત થયા.

## 37.4 અસ્પૃશ્યો (The Untouchables)

'અશુદ્ધ' જાતિઓ અથવા અસ્પૃશ્યોનું નિશ્ચિત સ્વરૂપ ઈશુની પ્રારંભિક સદીઓમાં બંધાયું, છતાં સંખ્યાની દૃષ્ટિએ તે નાનું હતું. લગભગ ત્રીજી સદીથી અસ્પૃશ્યતાની પ્રથા સખત બની હોવાનું જણાય છે અને અસ્પૃશ્યોની સંખ્યામાં પણ વધારો નોંધાયો. ગુપ્તકાલીન લેખક કાત્યાયને પોતાના 'ધર્મશાસ્ત્ર'માં સૌ પ્રથમ વખત આ લોકો માટે 'અસ્પર્શ્ય' જેવા શબ્દનો પ્રયોગ કર્યો હતો. ઘણી બધી નવી જ્ઞાતિઓનો સમાવેશ અસ્પૃશ્યોની કક્ષામાં ગુપ્તકાલ અને અનુગુપ્તકાલ દરમિયાન કરવામાં આવ્યો. કેવળ શિકારીઓ અને કારીગરોમાંના કેટલાંક જૂથો જ નહિ પણ પછાત ખેડૂતો પણ અસ્પૃશ્યોની કક્ષામાં ગણાવા લાગ્યા. ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના અંત સુધીમાં તો શિકારીઓ, માછીમારો, કસાઈઓ, જલ્લાદો અને સફાઈ કામદારો અસ્પૃશ્યો ગણાવા લાગ્યા જ હતા. કાલિદાસ, વરાહમિહિર , ફાહિયાન, બાણ અને બીજાઓની કૃતિઓમાં અસ્પૃશ્યોએ ભોગવવી પડતી સામાજિક મર્યાદાઓનું વર્ણન મળે છે. ચાંડાલો તો એમાંના એક જ હતા, જોકે તેઓની કક્ષા બધામાં સહુથી નીચી હતી. એ બાબત રસપ્રદ છે કે અસ્પૃશ્યોમાં પણ પોતાની અલગ સોપાનશ્રેણી ઉદ્ભવી. સમકાલીન સાહિત્યમાં તેઓને માટે ખૂબ જ તિરસ્કારયુક્ત ભાષા વપરાઈ છે. તેમનાં લક્ષણોમાં લોભ, અશુદ્ધતા, અસભ્યતા, ચોરી, કામુકતા વગેરે ગણાવ્યાં છે.

આ સમયમાં અને અનુકાલમાં પણ અસ્પર્શ્ય જાતિઓની સંખ્યામાં થયેલો અભૂતપૂર્વ વધારો સમજાવવો મુશ્કેલ છે. પરંતુ, બ્રાહ્મણો અને બૌદ્ધ સાધનો સૂચવે છે કે મોટા ભાગની અસ્પૃશ્ય જાતિઓ મૂળમાં જ પછાત કોમો હતી. એવી દલીલ કરવામાં આવે છે કે એમનું પછાતપણું તેમ જ સંસ્કૃતીકરણ તથા બ્રાહ્મણીકરણની પ્રક્રિયા પ્રત્યેના તેમના વિરોધે તેમને સમાજમાં સંમિલિત થતાં રોક્યા અને અસ્પૃશ્યોની સ્થિતિમાં તેમને ધકેલી દીધા. તેઓને તેમની જમીનથી પણ વંચિત કરાયા અને ગામ બહાર રહેવાની ફરજ પાડી હોવાનું જણાય છે. પછાત લોકો પ્રત્યેનો, ક્યારેક ખુલ્લી જગ્યાઓમાં બ્રાહ્મણો અને અગ્રવર્ગનો તિરસ્કાર, અને પ્રસંગોપાત પછાત લોકોના બ્રાહ્મણ વ્યવસ્થાના વિરોધને કારણે અસ્પૃશ્ય લોકોની સંખ્યામાં થયેલ વધારાને અને અસ્પૃશ્યતાના અમલને સ્પષ્ટ કરે છે. આ ઉપરાંત મજૂરીની વધતી જતી માંગે કચડાયેલા અને અસ્થાપિત લોકો તરીકે અસ્પૃશ્યોની હાજરી ગ્રામીણ સમાજના બીજા બધા વર્ગો માટે ઘણી લાભદાયી નીવડી. અસ્પૃશ્યો પાસે જમીન ન હતી. તેઓ ગામની બહાર રહેતા હતા, અને ખેડૂત બનવાની ક્ષમતા ધરાવતા ન હતા. કૃષિવિષયક પ્રવૃત્તિઓ વખતે તેઓ મજૂરી કરતા હતા અને અન્ય સમયે ઘરકામ કરતા હતા. આમ સમાજને જરૂરી મજૂરી આ અસ્પૃશ્યો પૂરી પાડતા હતા. પરંતુ તેઓ સામાજિક વ્યવસ્થામાં તિરસ્કૃત અને અસ્પૃશ્યના જ દરજ્જામાં ગણાતા હતા.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) અનુગુપ્તકાળમાં આર્થિક ફેરફારો સાથે સામાજિક પરિવર્તનો કઈ રીતે સંકળાયેલાં હતાં તેની પંદરેક લીટીમાં ચર્ચા કરો.

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

(ખ) નીચેનાં વિધાનોમાંથી કયાં સાચાં(✓) અને કયાં(✗) ખોટાં છે તે જણાવો:

(1) ભૂમિગત મિલકતની અને સત્તાની અસમાન વહેંચણીએ નવાં સામાજિક જૂથોનું નિર્માણ કર્યું જેણે વર્ણવિભાજનની પરંપરાની સાવ અવગણના કરી.( )

(2) બૌદ્ધ સાધનોથી જણાય છે કે અસ્પૃશ્ય જાતિઓ પછાત જનજાતિઓમાંથી નિર્માઈ હતી.( )

(3) ગુપ્તકાળ અને અનુગુપ્તકાળમાં દૂરના પ્રદેશોમાં સ્થાનિક રાજવંશો અસ્તિત્વમાં આવ્યા.( )

(ગ) 'વર્ણસંકર'નો અર્થ શું છે તે પાંચેક લીટીમાં સમજાવો.

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

## 37.5 હુન્નરો અને જાતિઓ (Crafts and Castes)

આ સમયમાં કારીગરો અને કસબીઓનાં ઘણાં જૂથોએ પોતાનો અગાઉનો મોભો ગુમાવ્યો અને એમાંના કેટલાક તો 'અસ્પૃશ્યો' તરીકે પણ ઓળખાયા. આમ થવાનું કારણ કેટલેક અંશે શહેરોની પડતી થઈ તેમ ગણાવી શકાય, જ્યાં કારીગરોની ચીજોની ખૂબ જ માગ રહેતી હતી. હુન્નર શ્રેણીઓનું જ્ઞાતિઓમાં રૂપાંતર થયું, અને આ કાયાકલ્પ જ આપણને તેમની ઉત્પાદનની વ્યવસ્થા અને સ્વરૂપમાં આવેલા ફેરફારો બતાવી આપે છે. માળી, સ્વર્ણકારો, ચિત્રકારો, નાપિતો (હજામ) વગેરે જેવી વિવિધ જ્ઞાતિઓ સંખ્યાબંધ હુન્નરોમાંથી ઉદ્‌ભવી. આમાંના કેટલાકોને તો 'અસ્પૃશ્યો'નો દરજ્જો મળ્યો. પછી વણકરો, રંગારાઓ, દરજીઓ, વાળંદો, મોચીઓ, લુહારો, ધોબીઓ અને તેવા બીજાઓને ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના અંત સુધીમાં 'અસ્પૃશ્યો'ની કક્ષાએ મૂકવામાં આવ્યા. વણકર જેવા આમાંનાં કેટલાંક જૂથોએ ગુપ્તકાળમાં તો બહુ ઊંચો સામાજિક દરજ્જો મેળવી લીધો હતો. અભ્યાસ હેઠળના કાળ દરમિયાન કારીગરોનાં ઘણાં જૂથો ક્રમશઃ સામાજિક સ્થાન ગુમાવતાં ગયાં.

## 37.6 શૂદ્રોની પ્રગતિ તથા વૈશ્યોની અધોગતિ (Decline of the Vaisyas and Rise in the Social Status of the Sudras)

ચાર વર્ણોના સામાજિક માળખામાં ઘણાં પરિવર્તનો આવ્યાં હોવાનો નિર્દેશ ધર્મશાસ્રો અને અન્ય સાહિત્યમાં જોવા મળે છે. ખેતી સાથે સંકળાયેલ વર્ગ બન્યા પછી શૂદ્રોમાં મોટા ભાગનો સામાજિક અને આર્થિક મોભો વધી

રહ્યો હતો, જ્યારે વૈશ્યોમાંના કેટલાકે જેઓ પોતાના વર્ણના નિમ્નતર છેવાડે હતા તેઓ, શૂદ્રોના સ્તરે ઊતરી રહ્યા હતા. આમ આ છેલ્લા બન્ને વર્ણોના સામાજિક મોભામાં ઠીક ઠીક ફેરફારો થયા. 'શૂદ્રો' હવે નોકરો યા દાસો ન રહ્યા; હવે તેઓ ગણોતિયાઓ, ઠેકેદારો અને ખેડૂતો તરીકે ઊપસી આવ્યા. શહેરોની પડતીને કારણે ઘણા 'શૂદ્ર' કારીગરોએ પણ ખેતીનો આશ્રય લેવો પડ્યો. કેટલાંક ધર્મશાસ્ત્રો અને સાતમી સદીના ચીની યાત્રી યુવાન શ્વાંગના અહેવાલ મુજબ ખેતીવાડી કરવી એ 'શૂદ્રો'ની ફરજ હતી. સ્કંદ પુરાણમાં શૂદ્રને 'અન્નદા' એટલે કે અન્નને-અનાજને-પૂરું પાડનાર તરીકે ઓળખાવ્યો છે.

અનુમૌર્યકાળમાં ભારતના વિદેશી વ્યાપારના અભ્યુદય દરમિયાન વૈશ્ય કોમ શહેરી વ્યવસાય અને શહેરી જીવન સાથે સંલગ્ન થઈ હતી. અનુગુપ્તકાળમાં પ્રભાવશાળી ખેતીવિષયક વ્યવસ્થામાં વૈશ્ય વેપારીઓ અને સોદાગરોએ આર્થિક નુકસાન અને સામાજિક અધોગતિનો અનુભવ કર્યો.

તેમાંની ઘણી મોટી સંખ્યામાં તેઓ પોતાના નિર્વાહ માટે વળ્યા. કેટલીક કૃતિઓના નિર્દેશાનુસાર ગુપ્તકાલ સુધી જમીનોના ખેડૂત માલિકો રહેલા વૈશ્યવર્ગના નીચલા સ્તરના લોકોનો સામાજિક દરજ્જો પરાવલંબન તથા પરવશતાની હદે નીચો ઊતરી ગયો હતો. જેમ જેમ પોતાના વ્યવસાયો સમાન થવા લાગ્યા અને જીવનશૈલી સમાન થવા લાગી તેમ તેમ શૂદ્રો અને વૈશ્યો વચ્ચેની ભેદરેખા પણ અસ્પષ્ટ થતી ગઈ. તેથી જ અનુકાલનાં લખાણોમાં - દા.ત. આલ્બેરૂનીનાં લખાણોમાં - આ બન્ને વર્ણોને એકસમાન ગણવામાં આવી છે.

## 37.7 વર્ણસોપાનશ્રેણીના વિચારનો વિસ્તાર તેમ જ કાયાકલ્પ (Spread and Transformation of the idea of Varna Hirarchy)

ઉત્તર ભારતના ગંગાતટપ્રદેશના બહારના ભાગોમાં પ્રસરી રહેલી વર્ણવ્યવસ્થાની પ્રક્રિયા દરમિયાન તેમાં કેટલાંક પરિવર્તનો આવ્યાં. દૂર દક્ષિણ ભારતના અમુક ભાગોમાં ચાતુર્વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં ન હતી. ઉત્તર ભારતમાં તો આ ચાતુર્વર્ણવ્યવસ્થાનાં ઐતિહાસિક મૂળ હતાં જ્યાં તે વિકસ્યાં અને સમયાંતરે સુદઢ થયાં. જ્યારે વર્ણવિભાજિત સમાજનો વિચાર અન્ય વિસ્તારોમાં પહોંચ્યો ત્યારે તેની પાયાની બાબતોમાં મૂળગત તફાવત જોવા મળ્યો. જમીન-દાનોને લીધે પાંચમી-છઠ્ઠી સદીથી બ્રાહ્મણો દેશના અન્ય અને દૂરના ભાગોમાં પણ પહોંચ્યા. સ્થાનિક પૂજારી વર્ગને તેમણે 'બ્રાહ્મણ'નું સ્થાન આપ્યું. નવા વિસ્તારોની આટવિક જાતિઓનું પણ સંસ્કૃતીકરણ થયું અને બ્રાહ્મણીય સમાજ આધારિત ખેડૂતો સાથે એકરૂપ થયા.

અગાઉ દક્ષિણ ભારતમાં જોકે થોડાક બ્રાહ્મણો અને વર્ણવ્યવસ્થાના બ્રાહ્મણીય વિચારો પણ સ્થળાંતરિત થઈ ચૂક્યા હતા. 'અગ્રહાર' નામથી ઓળખાતી વસાહતો બ્રાહ્મણોની હતી જે દક્ષિણ ભારતમાં પલ્લવકાળમાં અને અનુકાળમાં અસ્તિત્વમાં આવી ચૂકી હતી. પલ્લવ રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ પણ બ્રાહ્મણવાદની પ્રતીતિ કરાવે છે. પાંચમી છઠ્ઠી સદી પછી તો બ્રાહ્મણો જુદી જુદી દિશામાં સ્થળાંતર કરવા લાગ્યા. પાંચમીથી સાતમી સદી દરમિયાન તેઓ દખ્ખણ, મધ્ય ભારત, ઓરિસા, બંગાળ તેમ જ આસામમાં પણ પહોંચી ગયા. આ બધાં ક્ષેત્રોમાં બ્રાહ્મણીય સંસ્કારોના વધતા પ્રભાવની પ્રતીતિ તેમને અપાતાં જમીન-દાનો અને તેમને મળેલા સ્થાનિક સમાજોમાં ઉચ્ચ સામાજિક મોભા પરથી થાય છે.

આપણા જટિલ સામાજિક ઢાંચામાં આટવિકોનું ખેડૂતોની કક્ષામાં રૂપાંતર અને શૂદ્ર કક્ષામાં તેમની ગણતરી અભ્યાસ હેઠળના સમયની બે મુખ્ય સામાજિક પ્રક્રિયાઓ હતી. ઉત્તર ભારતની બહાર 'ક્ષત્રિય' વર્ણનાં મૂળ ખાસ ફેલાયાં જણાતાં નથી. જોકે નવાં રચાયેલાં રાજ્યોનાં શાસક કુટુમ્બોએ પોતે 'ક્ષત્રિય' હોવાનો દાવો કર્યો અને તેઓ 'સૂર્યવંશી' અથવા 'ચંદ્રવંશી' શાખાના વંશજો હતાં તેવું પુરવાર કરવા પણ મથ્યાં. 'વૈશ્ય' વર્ણ પણ એ જ પ્રમાણે આ વિસ્તારોમાં પ્રસર્યો નહિ, કેમ કે ઉત્તર ભારત, પૂર્વ ભારત, દખ્ખણ અને દક્ષિણમાં ત્યાં સુધીમાં બ્રાહ્મણવાદ પહોંચી ચૂક્યો હતો, અને તેથી 'વૈશ્યો' અને 'શૂદ્રો' વચ્ચેની ભેદરેખા અસ્પષ્ટ થઈ ચૂકી હતી.

આમ, ગંગાતટનાં ક્ષેત્રોની બહાર બે જ વ્યાપક વિભાગો સમાજમાં હતા : બ્રાહ્મણો અને શૂદ્રો. ક્ષત્રિયો ક્યારેય પારદર્શક અને ચોક્કસ કોમ તરીકે ઊભરી શક્યા નહીં, અને વૈશ્ય તરીકેનો દરજ્જો પ્રસંગોપાત અને ટૂંકા ગાળા માટે ઊભરતો. ખાસ કરીને સમૃદ્ધિના કાળમાં અને વેપાર ઉદ્યોગની ઉન્નતિના કાળમાં તેનું સ્થાન ઊંચું જતું, પરંતુ મુખ્યત્વે તો વ્યાવસાયિક ધોરણે બનાવાતી 'જાતિ'ને કારણે તેની સંખ્યામાં જ સમય જતાં ખૂબ વધારો થયો.

## 37.8 સ્ત્રીઓની સ્થિતિ (Position of Women)

આ સમયમાં સ્ત્રીઓના સ્થાન વિશે વિચારીએ તો જણાય છે કે તેઓની સ્થિતિ ગતિશીલ રીતે અવનતિ ભણી જતી હતી. સ્મૃતિઓમાં છોકરીઓના કુમળી વયે લગ્ન કરી નાંખવાની સલાહોના ઉલ્લેખો છે. ખાસ કરીને પૂર્વ-યૌનત્વ લગ્નની પસંદગી પણ વિશેષ જણાય છે. વ્યવસ્થિત શિક્ષણ લેવાની સ્ત્રીઓને મનાઈ હતી. સ્ત્રી અને મિલકતને એકસમાન ગણવામાં આવતાં હતાં, જેને લીધે સ્ત્રીઓના મોભા પર વિપરીત પરિણામો આવ્યાં. વિધવાઓના સંદર્ભે મિલકતના હક્ક ધરાવવા અંગે થોડોક સુધારો થયેલો જણાય છે. પરંતુ 'સ્ત્રી-ધન'ની આ જોગવાઈનું અસ્તિત્વ હોવા છતાંય તેનું મહત્ત્વ પણ ઘણું ઓછું હતું તે બાબત ધ્યાનાર્હ છે, કેમ કે અંગત ઝવેરાત, આભૂષણો અને ભેટસોગાદ પૂરતું જ તે સીમિત 'સ્ત્રીધન' હતું. બૃહદ્‌સંહિતા જેવી સમકાલીન કૃતિમાં સ્ત્રીઓ શૂદ્રોનો થયેલો સંયુક્ત સંદર્ભ સ્ત્રીઓની અવદશા સૂચિત કરે છે. ઘણી બધી ધાર્મિક ક્રિયાઓ અને યજ્ઞોમાંથી સ્ત્રીઓને બાકાત રાખવામાં આવી હતી. આ સમયમાં જ સતીપ્રથાને સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થઈ. પતિ મૃત્યુ પામે પછી તેના શબની સાથે તેની વિધવા સ્ત્રીએ સૌભાગ્યવતીના શણગાર સજીને તેની ચિતા પર જીવતાં બળી મરવાનું રહેતું (અને એ રીતે પુણ્ય મળતું) તે 'સતી'પ્રથા હતી. 'સતી'નો સર્વપ્રથમ ઉલ્લેખ ગુપ્તકાળના અંતર્ભાગમાં અને હર્ષવર્ધનના સમયમાં મળે છે. ત્યાર બાદ લગ્ન પછી સ્ત્રીના ગોત્રમાં થતો ફેરફાર અમલી બન્યો. આ એક મહત્ત્વનો ફેરફાર હતો. આ પરિવર્તનને લઈને સ્ત્રીઓનાં માતાપિતાના ઘર પરના અધિકારો સીમિત થયા અને તે પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાનો એક મોટો વિજય હતો.

## 37.9 જમીનદારો અને ખેડૂતો (Lords and Peasants)

આપણે અગાઉ જોયું છે તેમ આ સમયના ખેતીવિષયક સંબંધોમાં પરિવર્તન આવ્યાં તેમાં ખેડૂતો ઉપરાંત વિભિન્ન સ્તરના જમીન-ધારકો હતા. જમીન-દાનના લાભાર્થીઓ 'ભોગી', 'ભોક્તા', 'ભોગ-પતિ', 'મહાભોગી', 'બૃહદ્ ભોગી' વગેરે નામે ઓળખાતા. જમીનદારોના ઉપલા વર્ગમાં 'રાણક', 'રાજા', 'સામંત', 'મહાસામંત', 'મંડલેશ્વર' વગેરેનો સમાવેશ થતો હતો. રાજાને પણ ઘણાં ભવ્ય બિરુદો અપાતાં જે તેના પોતાના રાજ્યની જમીન પરની માલિકી અને તેની સત્તાનું આધિપત્ય બતાવતાં. જે વિવિધ પરિભાષાથી આ જમીનદારો ઓળખાતા હતા તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ કયા શ્રેષ્ઠ મોભાથી જમીનનો માલિકીહક ભોગવતા હતા. પરંતુ આ પરિભાષાથી કશું સ્પષ્ટ નથી થતું કે તેઓ જાતે ખેતી કરતા કે નહિ. (આપણે અગાઉ ચર્ચા કરી છે તે મુજબ) અત્રે આપણે જમીન-દાનમાં અપાતા જુદા જુદા હક્કો અને વિશેષાધિકારોને યાદ કરીએ. આ હક્કોમાં દસ જાતના (વર્ણન કરેલા) અપરાધોની સજા આ જમીનધારકો ત્યાં વસતા લોકોને ફરમાવી શકતા. ખાસ તો તેવા અપરાધો માટે જે જમીનધારકોના કુટુમ્બ, ખાનગી મિલકત અને જાત પર થયા હોય. નાગરિક મુકદ્દમા પણ તેઓ સાંભળી શકતા. આવી સત્તા તેમ જ આર્થિક સમૃદ્ધિને લીધે મોટા જમીનદારો ખેડૂતોનું શોષણ કરવામાં સફળ થયા.

ખેડૂતો પણ સદશ સમાનતા ધરાવનાર સમુદાય નહોતા. તેઓને પણ વિવિધ નામોથી ઓળખાવવામાં આવતા, જેવાં કે કૃષક, કૃષિવળ, કિનસા, ક્ષેત્રજીવી, હલિક, અર્ધસિરિ, અર્ષિક, કુટુમ્બી, ભૂમિકર્ષક વગેરે. આ બધાં નામોમાં એક સામાન્ય ત વ એ છે કે તેમાંનું કોઈ એક પણ નામ જમીન ઉપરનું પ્રભુત્વ સૂચવતું નથી. પરંતુ તે તો ખેતર ખેડનારની વિવિધ કક્ષાઓનું જ સૂચન કરે છે, દા.ત. આશ્રિત ખેડૂતો, ભાગિયો, ખેતમજૂર વગેરે. આમાંના એકેયને પોતે જે જમીનો પર કામ કરતા હોય તેના પર સ્વતંત્ર અને પૂર્ણ અધિકાર, એટલે કે માલિકી હક્ક હતો નહિ. એટલું જ નહિ પરંતુ પોતાના પરિશ્રમના ફળ ઉપર પણ તેમનો સંપૂર્ણ અધિકાર હતો નહિ. તેનો મોટો ભાગ જમીનદારોને સોંપવાનો હતો. આ ઉપરાંત તેણે ઉત્પાદન માટે વેઠ કરવી પડતી તેમ જ કિલ્લાઓ, મંદિરો, સુંદર રહેઠાણો વગેરે બાંધવા લાભાર્થીઓ માટે મજૂરી કરવી પડતી. આથી રસપ્રદ બાબત એ છે કે ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના ઉત્તરાર્ધમાં કિલ્લાઓની સંખ્યા અને મહત્ત્વ વધવા માંડ્યાં. કિલ્લા તેમ જ વિશાળ બાંધકામોએ જમીનદારોની સૈનિક તાકાત માટે આદર અને ભયની છાપ ઊભી કરી, અને એ રીતે ખેડૂતોનું ગુલામીખત નિમાઈ ગયું.

ચોથીથી સાતમી સદી દરમિયાન ફરજિયાત મજૂરી (વિષ્ટિ)ની પ્રથાનો ફેલાવો થયો. કોંકણ, મહારાષ્ટ્ર, ગુજરાત અને માળવામાં ખેડૂતો અને કારીગરોને પણ ફરજિયાત મજૂરી કરવી પડતી. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને કર્ણાટકના કેટલાક ભાગોમાં જમીનના ધાર્મિક લાભાર્થીઓ પણ વેઠનો હક્ક ભોગવતા હતા. છઠ્ઠી-સાતમી સદીમાં ગામના મુખીઓ અને નાના અમલદારો પોતાના વ્યક્તિગત લાભાર્થે વેઠનો ઉપયોગ કરતા હતા. જોકે ખેતીના કામમાં વેઠના ઉપયોગનો સૌથી પૂર્વકાલીન ચોક્કસ પુરાવો આઠમી સદીના ભાગવત પુરાણમાંથી મળી આવે છે. આ સમય સુધીમાં તો ફરજિયાત મજૂરીની પ્રથા સમગ્ર ભારતમાં ફેલાઈ ચૂકી હતી.

અનુગુપ્તકાળમાં ખેતીપ્રધાન અર્થતંત્રનાં લક્ષણોમાં સ્થાનિકતા અને ફરજિયાત મજૂરીનો વ્યાપ તેમ જ મહત્ત્વનો સમાવેશ થાય છે.

## 37.10 જાતિઓમાં પ્રચુરતા (Proliferation of Castes)

આ સમયની જાતિપ્રથાનાં કેટલાંક લક્ષણો તો અગાઉ જણાવાઈ ગયાં છે. એમાં એવું દર્શાવાયું હતું કે આ સમય દરમિયાન એક મહત્ત્વનો વિકાસ થયો. તે હતો ઠીક ઠીક પ્રમાણમાં વધેલી જાતિઓની સંખ્યા. આની અસર બ્રાહ્મણો, ક્ષત્રિયો (પછીના રાજપૂતો) શૂદ્રો અને અસ્પૃશ્યોને પણ થઈ. વિદ્યમાન ચાર વર્ણો સંખ્યાબંધ જ્ઞાતિઓમાં અને ઘણી બધી જનજાતિઓમાં વિભાજિત થયા, જે પછીથી 'જ્ઞાતિ'ઓ તરીકે ઓળખાઈ. વર્ણો અંતર્ગત ભિન્નતાથી બ્રાહ્મણવાદી સમાજ મજબૂત બન્યો. સાંસ્કૃતિક વિકાસના વિભિન્ન સ્તરે લોકો અને સમુદાયોનાં વિવિધ જૂથોના સમાવેશથી અને સંસ્કૃતિકરણથી દરેક વર્ણઅંતર્ગત સોપાનશ્રેણી ઉદ્ભવી. સત્તા અને આર્થિક સમૃદ્ધિમાં અસમાનતા પ્રવેશને લીધે પણ આ સમય દરમિયાન જાતિઓનું નિશ્ચિત સ્વરૂપ બંધાવા લાગ્યું. એક તરફ સંખ્યાબંધ જાતિઓનો દરેક 'વર્ણ'માં સમાવેશ થવા લાગ્યો, તો બીજી તરફ અગાઉના સંયોજિત સમુદાયો ઘણા વર્ણોમાં વિભાજિત થયા હોવાનાં ઉદાહરણો છે જ. 'અભીર' લોકો આ માટે સારું ઉદાહરણ પૂરું પાડે છે. કેમ કે તેમનામાંથી અભીર બ્રાહ્મણો, અભીર ક્ષત્રિયો અને અભીર શૂદ્રો જેવાં વિભાજનો થયાં હતાં.

### 37.10.1 બ્રાહ્મણો (The Brahmanas)

બ્રાહ્મણોમાં ઉદ્ભવેલી સંખ્યાબંધ જાતિઓ ધ્યાનાર્હ છે. તેમાંના કેટલાકે પોતાની કર્મકાંડની સેવાઓનું વ્યવસાયીકરણ કર્યું; કેટલાકે આટવિકો સાથે સંપર્કો વધાર્યા અને કેટલાક સંયોગવશાત્ શારીરિક મહેનત છોડી શકતા ન હતા, તે બધા પ્રત્યે 'શ્રોત્રિય અગ્રહાર' બ્રાહ્મણો તિરસ્કારનો ભાવ રાખતા હતા, જેઓ સ્વયં કોઈ શારીરિક શ્રમ ઉઠાવતા નહિ. જમીનદાનના ભોગવટા માટે વિવિધ વિસ્તારોમાં થયેલાં બ્રાહ્મણોનાં સ્થળાંતરો વર્ણઅંતર્ગત જ્ઞાતિ અને પેટાજ્ઞાતિના નિર્માણની પ્રક્રિયાને ઉત્તેજન મળ્યું. સ્થળાંતર કરી ગયેલા બ્રાહ્મણોએ પોતાની ઓળખ મૂળ વતનના આધારે, તેઓ જે ક્રિયાકાંડ કરતા હતા તેને આધારે, વેદના જે ગ્રંથના તેઓ અભ્યાસુઓ હતા તેને આધારે, જાળવી રાખી. એમની કૌટુમ્બિક ઓળખ એમની ભિન્ન ઓળખનો બીજો આધાર બની ગયો. ઘણી જનજાતિઓ જ્યારે જ્ઞાતિઓમાં રૂપાંતર પામી ત્યારે પણ પોતાના અગાઉના આટવિક પુરોહિત ચાલુ રાખ્યા અને માનભંગ થયેલા આ બ્રાહ્મણોને કારણે બ્રાહ્મણવર્ણમાં વધારે વિભાજન થવા લાગ્યું. એક વખત વર્ણના વિચારનો સ્વીકાર થયો પછી સ્થાનિક પુરોહિતોનો બ્રાહ્મણ તરીકે સ્વીકાર કરવાનો કે ઓળખ આપવાનો કોઈ પ્રશ્ન રહ્યો નહિ. જે બ્રાહ્મણો રાજકીય સત્તાકેન્દ્રની નજીક હતા અને રાજ્યમાં ઊંચી પદવીઓ ભોગવતા હતા તેઓનો વિભાગ જુદો પડતો હતો. આવા બ્રાહ્મણો મહત્ત્વનાં સ્થાનો ધરાવતા એટલું જ નહિ, પરન્તુ બ્રાહ્મણ વર્ણ અંતર્ગત વિભિન્ન વર્ગના નિર્માણ માટે પણ જવાબદાર બન્યા. કાયસ્થો માટે પણ આ પ્રક્રિયા જોવા મળે છે.

### 37.10.2 ક્ષત્રિયો (The Kshatriyas)

સ્થાનિક આટવિકોમાંથી ઉદ્ભવેલાં નવાં શાસક કુટુમ્બો અને વિદેશી નૃવંશીય જૂથોના સમાવેશને કારણે ક્ષત્રિયોમાં પણ, સમાજના મુખ્ય પ્રવાહ અંતર્ગત જ્ઞાતિઓમાં વધારો થયો અને તેણે રાજકીય સત્તા હાંસલ કરી. વિદેશી નૃવંશીય જૂથોમાં બેક્ટ્રિયાઈ ગ્રીકો, શકો, પાર્થિયનો, હૂણો વગેરેનો વર્ણવ્યવસ્થામાં બીજી શ્રેણીના ક્ષત્રિયો તરીકે સમાવેશ કરવામાં આવ્યો. ફક્ત ક્ષત્રિયો જ શાસન કરી શકે એવી નીતિને કારણે નવાં શાસક કુટુમ્બોને બ્રાહ્મણોની સહાયથી ક્ષત્રિયપણું પ્રાપ્ત કરવાની ફરજ પડી જેથી તેમના શાસન માટે લોકપ્રિય સ્વીકૃતિ અને સમર્થન મેળવી શકાય. વૈદિક યજ્ઞો કરાવતા અને આશ્રય પામેલા બ્રાહ્મણોને કારણે ઘણા આટવિક મુખીઓ પણ હિન્દુ રાજા તરીકે પરિવર્તન પામ્યા. તેથી પાંચમી છઠ્ઠી સદીથી ક્ષત્રિયોના જ્ઞાતિઓનો ગુણાકાર થતો ગયો. અનુગુપ્તકાળમાં ઘણા રાજવંશો ઉદ્ભવ્યા જે પછીથી ક્ષત્રિયત્વના મોભાથી દીક્ષિત થયા. દક્ષિણના પલ્લવો અને ચાલુક્યો, બંગાળ અને બિહારના પાલો, અને ઓરિસાના પણ કેટલાક પ્રાદેશિક રાજવંશો આ જ રીતે જનજાતિમાંથી વિકાસ પામ્યા હતા. પછીની સદીઓમાં ઘણા રાજપૂતોનો પણ આધાર જનજાતિ કે ખેતીમાં હતો. શાસક વંશોનાં ભિન્ન ભિન્ન મૂળ અને સામાજિક સ્વીકૃતિ માટેની તેમની મહેચ્છાથી ક્ષત્રિય કોમમાં થયેલો જ્ઞાતિવિસ્તાર સમજાય છે.

### 37.10.3 શૂદ્રો (The Sudras)

વિવિધ વિસ્તારો અને ભિન્ન કોમમાંથી ઉદ્ભવેલાં આંતરવિવાહી જૂથોને લીધે શૂદ્ર વર્ણના પાયાનો વિસ્તાર

થયો. ગુપ્તકાલ અને અનુગુપ્તકાળમાં નાની ખેડૂત જ્ઞાતિઓ, સમૃદ્ધ ખેડૂતો, ભાગિયાઓ અને કારીગર જ્ઞાતિઓ જેને આર્થિક અસમાનતાના ભોગ બનવું પડ્યું હતું, તેઓનો સમાવેશ 'શૂદ્ર' વર્ણમાં થયો. આ રીતે એક બીજાથી ઘણાં જુદાં પડી આવતાં જૂથોનો સમાવેશ 'શૂદ્ર'વર્ણમાં થયો અને તેમાં સહુથી વધુ જાતિઓ સંમિલિત હતી. સંખ્યાબંધ 'શુદ્ધ' કે 'અશુદ્ધ' મિશ્રિત જાતિઓ પણ સાતમી-આઠમી સદીઓમાં જોવા મળે છે. જે 'અશુદ્ધ' ગણાઈ તે જાતિઓને 'અસ્પૃશ્ય'નો દરજ્જો મળ્યો. બ્રાહ્મણોની નિયમિત હલચલની પ્રતિમાથી દૂરના વિસ્તારોમાં રહેતી આટવિક કોમોનું સંસ્કૃતીકરણ અને ખેડૂતીકરણ થયું અને આ રીતે બ્રાહ્મણીય સંસ્કારોનો ફેલાવો કરવામાં સહાય કરી. ક્રમશઃ ખેડૂતોમાં રૂપાંતરિત થવાને કારણે આટવિકો તેવી જ્ઞાતિઓ તરીકે ઓળખાવા લાગ્યા અને ખેડૂત-જૂથોનો સમાવેશ બ્રાહ્મણ સમાજમાં 'શૂદ્ર વર્ણ'માં થયો. આથી શૂદ્ર જાતિઓમાં ઠીક ઠીક સંખ્યા વધી અને વૈવિધ્ય ઉમેરાયું.

જોકે અગાઉ નોંધ્યું છે તેમ આટવિકોમાંના મુખીઓ અને અગ્રણી કુટુમ્બોને પરિવર્તનની પ્રક્રિયામાં ક્ષત્રિયો અંતર્ગત ઉચ્ચ જ્ઞાતિઓમાં અથવા એવી જ રાજપૂત અને બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સંમિલિત કરવામાં આવ્યા.

નિગમોનું જાતિમાં રૂપાંતર થવાથી અને વિવિધ કક્ષાના અસ્પૃશ્યોના ઉદ્ભવને લીધે જાતિઓની સંખ્યામાં સતત વધારો થયો. નવમી દસમી સદીઓમાં અને પછીથી પણ જાતિઓ અને પેટા-જાતિઓ બનાવાની પ્રક્રિયા ચાલુ રહી, તેટલું જ નહિ, તે ઝડપી પણ બની. એક આધુનિક અભ્યાસમાં જણાવાયું છે કે આજે ભારતમાં લગભગ પાંચ હજાર જાતિઓ છે, અને દરેક ભાષાકીય રાજ્યમાં લગભગ ત્રણ હજાર જાતિઓ તો હોય જ છે. આમાંની ઘણી સ્થાનિક જાતિઓના ઉદ્ભવનો સમય મુખ્યત્વે અનુગુપ્તકાળ હતો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) આર્થિક પડતીના સંદર્ભમાં વૈશ્યોની સામાજિક સ્થિતિ વિશે દસેક લીટીમાં ચર્ચા કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(ખ) આ સમયમાં સ્ત્રીઓની સ્થિતિ અંગે દસેક લીટીમાં જણાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(ગ) ગુપ્તકાળ અને અનુગુપ્તકાળમાં જાતિની સંખ્યામાં પ્રચુરતા આવી તે બાબત સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 37.11 સારાંશ

અનુગુપ્તકાળનું મુખ્ય લક્ષણ હતું મહત્ત્વનાં સામાજિક પરિવર્તનો. ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલી વર્ણસોપાનશ્રેણીનાં લક્ષણ અને સંરચનામાં મોટાં પરિવર્તન આવ્યાં. પૂર્વ ભારતના શૂદ્રોથી ઉત્તર ભારતના વૈશ્યોની ભિન્નતા ભાગ્યે જ પામી શકાય, તો દખ્ખણ અને દક્ષિણ ભારતમાં મુખ્યત્વે બ્રાહ્મણો અને શૂદ્રો હતા. વર્ણગત સોપાનશ્રેણી સમાજ માટે માત્ર નમૂનારૂપ બની રહી, અને વ્યાવસાયિક જ્ઞાતિઓ સમાજની વાસ્તવિકતા તરીકે કાર્યરત રહી. જોકે સંખ્યાબંધ જ્ઞાતિઓની આ સોપાનશ્રેણીમાં મોડેલ પ્રસ્તુત જણાયું, કારણ કે તેના દ્વારા જ્ઞાતિઓની શુદ્ધતા અને અશુદ્ધતા સાબિત થઈ શકતી હતી. વિભાજનના કાયદાનો અમલ, જમીનોના ટુકડા અને જમીનોના હસ્તાંતરણ જેવાં વિવિધ કારણોને લીધે કાયસ્થો જેવી નવી જ્ઞાતિઓ ઉદ્ભવી. ખેતી કરનાર તરીકે શૂદ્રોના મોભામાં તુલનાત્મક વધારો થયો અને વૈશ્યોની પ્રતિભામાં પડતી આવી. જમીન વિહોણા અસ્પૃશ્યોની સ્થિતિ સ્પષ્ટ થઈ અને તેમની સંખ્યા વધી. આ સમયના વિકાસનું ઝળહળતું લક્ષણ હતું જ્ઞાતિઓની પ્રચુરતા. સમાજની પ્રતિષ્ઠા ક્રમિક રીતે બનતી સોપાનશ્રેણીથી વધી, અને ઘણી જ્ઞાતિઓ નિમ્ન સ્તરે ધકેલાઈ ગઈ. બ્રાહ્મણીય સમાજનું તુલનાત્મક રીતે થોડીક ઉચ્ચ જ્ઞાતિઓ અને સંખ્યાબંધ નીચી જ્ઞાતિઓ વચ્ચે ધ્રુવીકરણ થયું. દ્વિજ (અથવા બે વાર જન્મેલા) ઉપલા ત્રણ વર્ગોમાં અને શૂદ્ર વચ્ચેની ભેદરેખા રહેવા પામી નહિ. હવે પછીથી ધાર્મિક રીતે શુદ્ધ અને અશુદ્ધ જ્ઞાતિઓ જ કહેવાતી. આ બધા વિકાસ દરમિયાન જમીનના નાના-મોટા બધા લાભાર્થીઓ દ્વારા એકસરખી રીતે ખેડૂતોને કચડવામાં આવ્યા અને તેમનું શોષણ કરવામાં આવતું. અગાઉના એકમમાં ચર્ચિત આર્થિક પરિવર્તનોએ સામાજિક ફેરફારો માટે ભૂમિકા પૂરી પાડી.

## 37.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

(1) આંતર્લગ્નપ્રથા : પોતાના જ ગોળ (ઘોર)માં (ગોત્રમાં) પરણવાની પ્રથા.

(2) પિતૃપ્રધાન : પૈતૃક અધિકારથી કુટુમ્બનું સંચાલન.

(3) બહિર્લગ્નપ્રથા : પોતાના ગોળની બહાર પરણવાની પ્રથા.

(4) સંસ્કૃતીકરણ : નવી સંસ્કૃતિમાં બંધ બેસવું (અહીં એનો અર્થ બ્રાહ્મણીય સંસ્કૃતિમાં બંધ બેસવું એવો થાય.)

## 37.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) તમારા ઉત્તરમાં મુખ્ય આર્થિક ફેરફારો જે તે સમયે થયા, નવાં સામાજિક જૂથોનો ઉદ્ભવ, નવી જાતિઓની સંખ્યામાં પ્રચુરતા, ક્રિયાકાંડની દૃષ્ટિમાં અને વાસ્તવમાં જૂથોના સામાજિક દરજ્જામાં તફાવત વગેરે મુદ્દાઓ હોવા જોઈએ. ખાસ તો જુઓ 37.1 અને 37.2.

(ખ) (1) ✓ (2) ✗ (3) ✓

(ગ) જુઓ 37.2.1

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) તમારા ઉત્તરમાં ખેતીવિષયક વિકાસ, વ્યાપારમાં પડતી, તેમ જ શહેરી વ્યવસાયોમાં પડતીના મુદ્દાઓ હોવા જોઈએ. જુઓ 37.6

(ખ) જુઓ 37.8

(ગ) જુઓ 37.10.1

37.10.2 અને

37.10.3

# એકમ 38 રાજ્યવ્યવસ્થાનું માળખું (Structure of Polity)

રૂપરેખા

38.0 ઉદ્દેશો
38.1 પ્રસ્તાવના
38.2 રાજા
38.3 અમલદારશાહી
38.4 લશ્કર
38.5 વહીવટી વિભાગો
38.6 સામંત
38.7 કરવ્યવસ્થા
38.8 ન્યાયવ્યવસ્થા
38.9 સારાંશ
38.10 ચાવીરૂપ શબ્દો
38.11 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 38.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે આટલું જાણશો :

* ઈશુની ચોથીથી આઠમી સદી દરમિયાન રાજકીય સંગઠન અથવા રાજનીતિનું સ્વરૂપ;
* આ સમયની રાજ્યવ્યવસ્થા અને મૌર્યોની રાજ્યવ્યવસ્થા વચ્ચેનો તફાવત.
* ઘણા ઇતિહાસકારો આ સમયના રાજકીય સંગઠનને સામંતશાહી પ્રકારનું વર્ણવે છે તેનાં કારણો વિશે.

## 38.1 પ્રસ્તાવના

આપણા અભ્યાસ હેઠળના આસમય ગાળા દરમિયાન ઉત્તરમાં ગુપ્ત સમ્રાટો અને પુષ્યભૂતિઓથી લઈને દખ્ખણમાં વાકાટકો, કદમ્બો અને બાદામીના ચાલુક્યો, તથા દક્ષિણમાં આંધ્ર અને તામિલનાડુમાં પલ્લવોનાં રાજ્યોનું આધિપત્ય હતું. અલબત્ત, નાનાં રાજ્યો અને નાયકોનાં રાજ્યો પણ સંખ્યાબંધ હતાં, જે ભારતભરમાં ઘણે ઠેકાણે હતાં. આ સમયખંડની રાજનીતિના અભ્યાસની માહિતી આપણને શિલાલેખો, ધર્મશાસ્ત્રો, બાણનું 'હર્ષચરિત' અને ચીની યાત્રાળુઓ ફા-હિયાન અને હ્યુ એન સાંગના અહેવાલો પરથી મળે છે. સામાન્યતઃ આ સમયની રાજનીતિ વંશપરંપરાગત રાજાશાહીથી બનેલી હતી. આ રાજાઓ નાનાં ક્ષેત્રો પર શાસન કરતા હતા અને તેમાંના એકાદ બે અવારનવાર વધુ વિશાળ સાર્વભૌમત્વ ધરાવતા હતાં. દા.ત. ગુપ્ત સમ્રાટો (ઈ.સ. 300થી ઈ.સ. 500 સુધી) અને હર્ષવર્ધન (7મી સદીના પૂર્વાર્ધમાં) ઘણા વિશાળ ક્ષેત્રમાં સાર્વભૌમત્વ ભોગવતા હતા. તેમના રાજકીય ઇતિહાસની ચર્ચા આપણે વિભાગ 8માં કરી જ દીધી છે. આ એકમમાં આપણે ઈ.સ. 300થી ઈ.સ. 700 દરમિયાનના રાજકીય સંગઠનનાં મુખ્ય લક્ષણોની ચર્ચા કરીશું. અહીં અગાઉના સમયમાંના રાજકીય સંગઠન કરતાં આ સમયખંડની લાક્ષણિકતાઓ કઈ રીતે ભિન્નતા દર્શાવે છે તે જોઈશું અને એ રીતે થતા મહત્ત્વના ફેરફારોની નોંધ લઈશું.

## 38.2 રાજા (The King)

દેશનો ઘણો ખરો ભાગ રાજાઓના શાસન હેઠળ હતો. સરહદ પરનાં થોડાંક ક્ષેત્રો ગણરાજ્ય વ્યવસ્થા પર આધારિત હતાં. ઉત્તર ભારતમાં (ચોથી સદીના પ્રારંભમાં) સમુદ્રગુપ્તની લશ્કરી પ્રવૃત્તિઓ પછી આટવિકોનાં ગણરાજ્યોમાંથી ઘણાં રાજકીય ક્ષિતિજેથી અદશ્ય થયાં, દા.ત. પંજાબમાંના માદ્રો અને યૌધેયો તથા મધ્ય ભારતના અભીરો. કેટલાક જનજાતિના નાયકો પણ પછીથી 'રાજા' બન્યા. રાજાઓએ ભવ્ય ખિતાબો અને

બિરુદો (titles) ધારણ કરવા માંડ્યાં, જેવાં કે પરમ માહેશ્વર, રાજાધિરાજ, પરમભટ્ટારક વગેરે. આ બિરુદો અન્ય નાનાં રાજ્યો ઉપરના એમના આધિપત્યનું સૂચન કરે છે. આ જ અરસામાં રાજાઓને શાસન કરવાનો ''દૈવી'' હક્ક છે તેવો સિદ્ધાન્ત ઉદ્ભવ્યો. આ સિદ્ધાન્તને અનુસરીને રાજાઓના ખિતાબોમાં ''પૃથિવીવલ્લભ'' એટલે કે પૃથિવી દેવીના પ્રિય જેવાનો સમાવેશ થયો. રાજાને પાંચમો 'લોકપાલ' કહેવામાં આવતો કેમ કે બીજા ચાર વિદ્યમાન લોકપાલો ચાર દિશાઓમાં હતા જેમનાં નામ હતાં, કુબેર, વરુણ, ઇન્દ્ર તથા યમ. રાજા ''દૈવી'' પણા અને પ્રભુત્વની સાથોસાથ રાજા બધાનો 'પાલક' અને 'રક્ષક'નો પણ સિદ્ધાન્ત અમલી બન્યો.

ગાદીવારસ સામાન્ય રીતે અંગ્રેજના સિદ્ધાન્તથી નક્કી થતો હતો, અર્થાત્ જ્યેષ્ઠ પુત્ર ગાદીનો હકદાર બનતો હતો. જોકે આમાં કેટલાક અપવાદ હતા. ક્યારેક રાજાની ચૂંટણી ઉમરાવો અને સલાહકારો દ્વારા થતી હતી. સરકારના વડા તરીકે પોતાના રાજ્યની બધી વહીવટી પ્રવૃત્તિઓનો સ્રોત હતો. તે વરિષ્ઠ ન્યાયાધીશ હતો અને યુદ્ધમાં તે પોતાના સૈન્યની દોરવણી કરતો હતો અને તેનું નાયકપદ સંભાળતો હતો.

કેટલીક જગ્યાઓએ રાણીઓનું શાસન હોય તેવા ઉલ્લેખો પણ મળે છે, જેમ કે 'પ્રભાવતી'. આ એક 'વાકાટક' રાણી હતી અને ગુપ્તસમ્રાટની પુત્રી હતી. 'દિધા' નામે રાણી અનુકાલમાં કાશ્મીરમાં થઈ. સામાન્યતઃ આવા ઉલ્લેખો જૂજ છે.

## 38.3 અમલદારશાહી (Bureaucracy)

મૌર્ય સામ્રાજ્યના કાળમાં હતી તેવી કોઈ રાજાને સલાહ આપવા માટેની કેન્દ્રીય મંત્રી પરિષદ કે પ્રધાનમંડળનો સ્પષ્ટ ઉલ્લેખ આ સમયખંડમાં ક્યાંય નથી મળતો. પરંતુ ઉચ્ચ અધિકારો ધરાવતા ઘણા એવા અમલદારો હતા જેને ક્યારેક 'મંત્રિન્' તરીકે ઓળખાવાતા. ઉચ્ચ વર્ગના અધિકારીઓના હોદ્દાઓમાં 'સંધિવિગ્રહિક' (યુદ્ધ અને શાંતિ તથા વિદેશખાતાના મંત્રી), મહાબલાધિકૃત અને મહાદંડનાયક (આ બન્ને લશ્કરના વરિષ્ઠ હોદ્દેદારો હતા)નો સમાવેશ થાય છે. કેટલીક વાર એક જ વ્યક્તિ એકથી વધુ હોદ્દા પણ સંભાળતી, દા.ત. પ્રખ્યાત (પ્રયાગ-પ્રશસ્તિ અથવા) અલાહાબાદ સ્તંભ શિલાલેખના રચનાકાર કવિ હરિષેણ માત્ર સંધિવિગ્રહક જ નહિ પરંતુ મહાદંડનાયક પણ હતા.

આ ઉપરાંત ગુપ્ત કારોબારી વ્યવસ્થામાં અમલદારોનો ખાસ એક વર્ગ હતો જેઓ 'કુમારામાત્યો' કહેવાતા. એમ જણાય છે કે ઉચ્ચતમ અધિકારીઓ આ જ સ્તરમાંથી પસંદ કરાતા હતા. આથી આ કુમારામાત્યો સંધિવિગ્રહિક તથા મહાબલાધિકૃત તરીકે પણ જવાબદારીઓ સંભાળતા. આમાંના કેટલાક રાજકુમારો તથા પ્રાંતીય રાજ્યપાલોને અધીન હતા. વહીવટ એકમ 'ભુક્તિ'નો વહીવટી 'ઉપરિક'સંભાળતો, અમલદારશાહીનો એક સભ્ય 'આયુક્ત' હતો જે 'વિષયપતિ'ની જેમ ગ્રામથી વધારે ઊંચા સ્તરે કાર્ય કરતો હતો, અને તે ગ્રામ અને 'ભુક્તિ' વચ્ચે મહત્ત્વનો વહીવટી સંકલનકાર હતો.

છઠ્ઠી-આઠમી સદીની શરૂઆતમાં અમલદારોને રોકડો પગાર ચૂકવવામાં આવતો હોય એવું જણાય છે, અને અનુકાલમાં તેમને અમુક નિશ્ચિત ગામ/ગામોનાં મહેસૂલ ફાળવવામાં આવતાં. તેથી તેઓ 'ભોગિક' અથવા 'ભોગપતિ' પણ કહેવાતા. આ માહિતી આપણને 'હર્ષચરિત'માંથી મળે છે જેમાં ગામલોકોએ આ અમલદારો સામે હર્ષવર્ધન સમક્ષ ફરિયાદો નોંધાવી હતી તેવું વર્ણન છે. વખત જતાં આ હોદ્દાઓ પણ વંશપરંપરાગત બન્યા અને આને લીધે રાજાની સત્તા ક્રમશઃ નબળી પડી.

## 38.4 લશ્કર (The Army)

આંતરિક શાંતિની જાળવણી માટે તેમ જ બહારનાં આક્રમણો સામે સુરક્ષા માટે કાયમી સેના રાખવાની પ્રથા એ આ સમયનું એક સામાન્ય લક્ષણ હતું. અગાઉ જણાવ્યા મુજબ, ઘણા ઉચ્ચ અધિકારીઓ સેનામાં ઊંચા હોદ્દાઓ ભોગવતા. સેનાનો એક મહત્ત્વનો વિભાગ હતો અશ્વસેના. પલ્લવો જેવાં કેટલાંક કાંઠાળાં રાજ્યોમાં નૌસેના પણ રખાતી. આ સમયે રથની મહત્તા જણાતી નથી. રાજાના લશ્કરની મદદમાં સામંતોની નાની સેનાઓ રહેતી.

## 38.5 વહીવટી વિભાગો (Administrative Divisions)

રાજ્યને વહીવટી હેતુસર ઘણા વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યું હતું. આ પ્રાદેશિક વિભાગોમાં સૌથી મોટો

વિભાગ હતો 'ભુક્તિ'. ઉચ્ચ અધિકારી 'ઉપરિક' તેનું સંચાલન કરતો. કેટલીક વાર રાજકુમારો પણ 'ભુક્તિ'નું સંચાલન કરતા. ત્યાર પછીનો વિભાગ હતો 'વિષય' અને ત્યાર પછી હતું ગ્રામ એટલે કે ગામ અથવા ગામડું. કેટલાંક ક્ષેત્રોમાં 'વિષય'ને 'રાષ્ટ્ર' પણ કહેતા. પૂર્વી ભારતમાં 'વિષય' અને 'ગ્રામ'ની વચ્ચે પણ એક વિભાગ રહેતો જેને 'વિથિ' કહેતા. 'વિષય'ની જવાબદારીઓ 'વિષયપતિ'ઓ, સ્થાનિક રીતે સક્ષમ લોકો સંભાળતા અને જેઓ સમગ્ર વહીવટમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા. પ્રત્યેક ગ્રામમાં એક મુખી રહેતો જેને મોટેરાઓની સમિતિ સલાહકાર તરીકે મદદમાં રહેતી. શહેરો કે નગરોમાં કારીગરો અને વેપારીઓનાં 'મહાજનો' કે 'નિગમો' વહીવટની દેખરેખ રાખતા.

## 38.6 સામંત (The Samanta)

અર્ધ-સ્વતંત્ર સ્થાનિક નેતાઓ 'સામંત' કહેવાતા. તેઓ આ સમયના રાજકારણમાં એક પ્રભાવક પરિબળ હતા. આપણે એ જોઈ ચૂક્યાં છીએ કે સમુદ્રગુપ્તે ઘણા પ્રદેશો જીત્યા અને અધીન બનાવ્યા. ગુપ્ત સામ્રાજ્યની સીમાને અડકીને આવેલાં રાજ્યોમાંના રાજાઓને તાબેદાર રાજાઓ બનાવ્યા, જેઓ સમ્રાટના 'મિત્રો' પણ હતા. આમ તે રાજાઓ સમ્રાટના સામંતો બન્યા અને સામયિક ધોરણે સમ્રાટને ખંડણી આપતા હતા એમ કહી શકાય. તેમાંના કેટલાકે પોતાની પુત્રીઓ સમુદ્રગુપ્ત સાથે પરણાવી. સમ્રાટની સભામાં તેઓ હાજર રહેતા અને એ રીતે રાજા પ્રત્યેનો આદરભાવ સ્વયં વ્યક્ત કરતા. આના બદલામાં સમ્રાટે તે રાજાઓને પોતપોતાના પ્રદેશ પર રાજ્ય કરવાનો હક્ક માન્ય રાખ્યો અને તે માટે તેમને તામ્રપત્રો પણ આપ્યાં. યુદ્ધના સમયે સમ્રાટના લશ્કરમાં આ અધીન રાજાઓ પોતાના માણસો મોકલીને ઉપકારવશ થતા. આ ઉપકાર કર્યા પછી આ સામંતો અથવા ખંડિયા રાજાઓ પોતાના વિસ્તારનો વહીવટ સંભાળી શકતા, જે કાર્ય મુખ્યત્વે તો સમ્રાટના અધિકારીઓ તરીકે વર્તતા.

વિકેન્દ્રિત રાજનીતિમાં ઉમેરાયેલું બીજું એક લક્ષણ હતું : પુરોહિતો અને અધિકારીઓને નિભાવ માટે અપાયેલી જમીન. સામાન્ય રીતે સમ્રાટ માત્ર જમીન આપીને જ અટકતો નહિ પણ પોતાના કેટલાક વહીવટી હક્કો પણ તેમને સોંપી દેતો, દા.ત. કરવેરા નાખવા, અપરાધીઓને સજા કરવી વગેરે. અનુદાનમાં અપાયેલા વિસ્તારોમાં સમ્રાટના લશ્કરને પ્રવેશનો પ્રતિબંધ રહેતો. સ્વાભાવિક રીતે આવી રીતે જમીન-દાન મેળવનારાઓ રાજાથી લગભગ સ્વતંત્ર થઈ ગયા અને પોતે જ 'સામંત' બની બેઠા. પરિણામે, આવા સામંતો મોટા મોટા ખિતાબો અપનાવતા, જેમ કે 'મહાસામંત' 'પંચમહાશબ્દ' (એટલે કે જેને પાંચ મહાન શબ્દોનો વિશિષ્ટાધિકાર છે તે) વગેરે. આ ખિતાબોના વિનિયોગથી સામંતો અને મહાસામંતોએ એમની સ્વાયત્તતા જાહેર કરી રાજનીતિમાં આ બધાં લક્ષણોની ઉપસ્થિતિને લીધે ઇતિહાસવિદોએ વિધાન કરેલ છે કે ગુપ્તકાલથી ભારતમાં જે રાજ્યસંગઠન ઊભું થયું તેને 'સામંતશાહી' પ્રકારનું રાજકીય સંગઠન કહી શકાય.

## 38.7 કરવ્યવસ્થા ( Taxation)

રાજ્યની આવકનું મુખ્ય સાધન કરવેરા હતા. 'ભાગ', 'ભોગ' વગેરે જમીન પરના મુખ્ય કરવેરા હતા, જે સદીઓ દરમિયાન વધતા ગયા. વેપારઉદ્યોગની આ સમયખંડ દરમિયાન પડતી શરૂ થઈ હોવાથી વાણિજ્યિક કરવેરાનું પ્રભુત્વ અને પ્રદાન ઘટ્યાં. સ્થાનિક લોકોએ ગામોમાં રહેતા (ગરીબ ? ) લોકોનાં રહેઠાણ અને ભોજનનો ખર્ચ પણ ઉઠાવવાનો હતો. અધિકારીઓ અથવા બ્રાહ્મણોને દાનમાં આપેલી જમીનને લાગેવળગે છે ત્યાં સુધી સરકારને આ જમીનોમાંથી અગાઉ પ્રાપ્ત થતું મહેસૂલ તો ગુમાવવું પડતું.

## 38.8 ન્યાયવ્યવસ્થા (Judicial System)

પહેલાં કરતાં હવે ન્યાયવ્યવસ્થાનો ઘણો વિકાસ થયો હતો. ઘણા નવા નીતિનિયમો અને પ્રબંધો આ સમયમાં તૈયાર થયા. તેમાં પણ 'ધર્મશાસ્ત્રો'માં કાનૂની બાબતોની ચર્ચા વિગતવાર થયેલી છે.

અદાલતો જુદા જુદા પ્રકારની હતી. દા.ત. કરણ, અધિકરણ, ધર્માસન વગેરે. ફોજદારી અને દીવાની મુકદ્દમામાં સ્પષ્ટ તફાવત કરવામાં આવતો. મિલકત તથા વારસાગત સંપત્તિને લગતા નિયમો ખૂબ જ વિસ્તૃત હતા. ન્યાયનો આધાર અલબત્ત સમાજના 'વર્ણ'ના વર્ગીકરણ ઉપર જ હતો. એક જ પ્રકારના ગુના માટે ઉચ્ચ વર્ણ કે જાતિના ગુનેગારને ઓછી સજા મળતી, જ્યારે નીચ વર્ણ કે જાતિના ગુનેગારને તે જ ગુના માટે ઘણી વધારે સજા અપાતી. ધર્મશાસ્ત્રોએ એ વાત ઉપર પણ ભાર મૂક્યો છે કે સ્થાનિક પ્રથાઓ અને પરંપરાઓ વિભિન્ન જ્ઞાતિ

અને શ્રેણીઓમાં પ્રચલિત હોય તેને ન્યાય આપતી વખતે જરૂરી ધ્યાન આપવું જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) મૌર્ય રાજનીતિ અને ઈ.સ. 300થી 700 દરમિયાનની રાજનીતિ વચ્ચેના તફાવતો દર્શાવો.

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

(ખ) કયાં વક્તવ્યો સાચાં (✓)છે કે ખોટાં (✗) છે તે જણાવો :

(1) સામંતો પોતાનું લશ્કર નિભાવતા હતા. ( )

(2) વહીવટનું સૌથી નીચું એકમ 'ભુક્તિ' હતું. ( )

(3) આ સમયમાં રાજાઓ ભવ્ય ખિતાબો ધારણ કરતા. ( )

(4) પલ્લવો પાસે કોઈ નૌસેના હતી નહીં. ( )

(5) 'વર્ણ'ના વિભાગ ઉપર ન્યાય આધારિત રહેતો. ( )

(ગ) રાજનીતિમાં 'સામંત'ની ભૂમિકા વિશે જણાવો. ( )

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

## 38.9 સારાંશ

પ્રસ્તુત વિવરણથી ઈ.સ. 300થી ઈ.સ. 700 સુધીમાં પ્રવર્તતી રાજનીતિની પ્રથાનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેમ છતાં સમગ્ર ભારતમાં બધાં જ રાજ્યોમાં આ જ પ્રથા હતી એમ ન કહી શકાય. પરંતુ તે બધાંનાં સર્વસામાન્ય લક્ષણો તો એકબીજાને મળતાં આવતાં જ હતાં. આ ઉપખંડમાં ચારે તરફ નિયમિત લક્ષણ રાજાશાહી જ બન્યું. વહીવટી હેતુસર દરેક રાજ્યની ભૂમિના વિભાગો કરવા, તેમાં શાસન ચલાવવા માટે અધિકારીઓની સોપાનશ્રેણી ઊભી કરવી, એક કાયમી સૈન્ય કેન્દ્રમાં રાખવું, અને નિયમિત જણાતી કરવ્યવસ્થા તો ઊભી કરવી વગેરે લક્ષણો બધાં જ રાજ્યોમાં હતાં, ખાસ કરીને દરેક સ્વાયત્ત કેન્દ્રીય વિભાગોમાં. પરંતુ જ્યારે મૌર્યકાલની રાજનીતિ સાથે તેને સરખાવીએ છીએ ત્યારે લાગે છે કે આ સમયમાં શાસન પાસે અસરકારક સત્તા વધુ પ્રમાણમાં નહોતી અને તેનું ચલણ પણ આખાયે રાજ્યમાં નહોતું.

બહારનાં ક્ષેત્રોમાં સામંતો અથવા તાબેદાર રાજવીઓ પોતાનો જુદો વહીવટ ચલાવતા, અને રાજાની સત્તાને નામની જ માન્ય રાખતા. જ્યારે મૌર્ય શાસનતંત્રમાં ઉચ્ચ હોદ્દા પર ઘણી મોટી સંખ્યામાં અધિકારીઓ નિમાતા જેઓ સામ્રાજ્યના મોટા ક્ષેત્રમાં સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓ પર કેન્દ્રીય અંકુશ રાખતા. આવી સત્તા ગુપ્ત સામ્રાજ્ય કે તેના સમકાલીન રાજ્યસંગઠનો ભોગવતાં નહોતાં. ઘણી બાબતો તેમના અંકુશની બહાર રહેતી. દા.ત. મૌર્યસામ્રાજ્યમાં કારીગરો અને વેપારીઓનાં મહાજનો તથા નિગમો પર કેન્દ્રની સખત નજર રહેતી, જ્યારે ગુપ્તકાલમાં આ સંસ્થાઓ સ્વાયત્ત બની ગઈ. ઊલટાનું તેઓનાં પોતાનાં નિયમો અને પરંપરાઓનું ધ્યાન રાજ્યના ન્યાયતંત્રમાં રાખવું પડે તેવી પ્રથા હતી. આમ રાજાશાહી સત્તાના ટુકડા થયા, જે તે સમયનાં સામાજિક-આર્થિક પરિવર્તનોને પણ ઘણે અંશે આભારી છે. 7મી સદીમાં આ લક્ષણો ઘણાં તીવ્ર બન્યાં જ્યારે પ્રો. આર.એસ. શર્માના શબ્દોમાં 'ભારતીય સામંતશાહી' નો જન્મ થયો. આપણા અભ્યાસના સમયખંડમાં નવાં તત્ત્વોનો હજી ઉમેરો થવાનો પ્રારંભ થયો અને તેમનું સ્પષ્ટ સ્વરૂપ ત્યાર પછીની સદીઓમાં જોવા મળે છે.

## 38.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અધિકરણ (Adhikarana) :** ન્યાયાલય

**કુમારામાત્ય (Kumaramatya) :** ઉચ્ચ અધિકારીની શ્રેણી/વર્ગ

**ગણ (Gana) :** જનજાતિનું પ્રજાતંત્ર જેમાં શાસન નાયકો દ્વારા થાય, શાસક કુળનો મુખ્ય પુરુષ વડો થાય. આ શાસન રાજાશાહી નથી હોતું. તેમાં નિર્ણય લેવા બધા લોકો ભેગા થાય છે.

**દૈવી હક્ક સિદ્ધાન્ત (Divine right theory) :** એવો સિદ્ધાન્ત કે જેમાં રાજાને શાસન કરવાનો અધિકાર સીધો ભગવાન તરફથી સોંપાયો મનાય છે.

**ભાગ (Bhaga) :** જમીન પરનો કર

**ભુક્તિ (Bhukti) :** સર્વોચ્ચ વહીવટી વિભાગ (એકમ)

**મંત્રી (Mantri) :** પ્રધાન

**સંધિવિગ્રહિક (Sandhivigrahika) :** વિદેશનીતિના મંત્રી, શાંતિ અને યુદ્ધસમયના મંત્રી

**સામંત (Samanta) :** તાબેદાર રાજવી

**સામંતશાહી (Feudalism) :** એક આર્થિક-સામાજિક સંબંધ જે ઉચ્ચ વર્ગના સભ્ય (સામંત)ને તેના તાબેદાર (મજૂર/ખેડૂત) સાથે જમીન-દાનખતથી બંધાય છે. તે અનુસાર સામંતે તાબેદારનું રક્ષણ કરવાનું હોય છે અને તેના બદલામાં તાબેદારે સામંતને જરૂરના સમયમાં સૈનિક સેવા આપવાની હોય છે.

## 38.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

(ક) જુઓ 38.2 અને 38.9 જેના આધારે તમારો ઉત્તર લખાવો જોઈએ.

(ખ) (1) ✓ (2) ✗ (3) ✓ (4) ✗ (5) ✓

(ગ) જુઓ 38.6

# એકમ 39 ધર્મમાં વિકાસ (Developments in Religion)

## રૂપરેખા

39.0 ઉદ્દેશો
39.1 પ્રસ્તાવના
39.2 બ્રાહ્મણધર્મમાં ભક્તિનો પ્રાદુર્ભાવ
39.2.1 દેવોનું સમન્વયીકરણ
39.2.2 આટવિક ક્રિયાકાંડનો સ્વીકાર
39.2.3 મંદિરોને રાજ્યાશ્રય અને ઈશ્વરવાદ
39.3 દક્ષિણ ભારતમાં ભક્તિનો પ્રસાર
39.4 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન
39.5 દક્ષિણ ભારતના ભક્તિ આંદોલનમાં વિરોધ, સુધારા અને પછીથી પરિવર્તન
39.6 તાંત્રિકવાદનો ઉદ્ભવ
39.6.1 તંત્રવિદ્યાનાં કેટલાંક લક્ષણો
39.6.2 તાંત્રિકવાદ અને વિધર્મો
39.7 સારાંશ
39.8 ચાવીરૂપ શબ્દો
39.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
39.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 39.0 ઉદ્દેશો

આ એકમના અધ્યયનનો ઉદ્દેશ્ય છે છઠ્ઠીથી આઠમી સદી દરમિયાનના ધાર્મિક વિકાસનાં મુખ્ય લક્ષણોની સંક્ષિપ્ત ચર્ચા કરવી, ખાસ કરીને ભક્તિ વિભાવના અને તાંત્રિકતાવાદે (તંત્રવાદે) ધારણ કરેલા સ્વરૂપના સંદર્ભમાં આનો અભ્યાસ કરવો. આ એકમના અધ્યયન બાદ તમે આટલું જાણી શકશો :

* બ્રાહ્મણ ધર્મમાં 'ભક્તિ'નાં મૂળ;
* બ્રાહ્મણધર્મના છેવટના ભાગનાં લક્ષણોના સામાજિક સંદર્ભ અને પ્રતિષ્ઠા;
* આ સમયગાળા દરમિયાન ભક્તિનો સામાજિક સંદર્ભ અને પ્રતિષ્ઠામાં આવેલો ફેરફાર;
* રાજ્યાશ્રયને લીધે ભક્તિપંથને સંપ્રાપ્ત સમૃદ્ધ સંસ્થાકીય આધાર;
* તંત્રવાદનાં મૂળ, લક્ષણો અને પ્રદાન વિશે; અને
* બૌદ્ધ તથા જૈન ધર્મોમાં તંત્રવાદનો પ્રવેશ.

## 39.1 પ્રસ્તાવના

હવે તમે પૂર્વકાલીન ભારતના ધાર્મિક ઇતિહાસના વ્યાપક તબક્કાઓથી પરિચિત થયા છો. વેદોની પહેલાંની પુરાવસ્તુકીય સંસ્કૃતિમાં ભારતીય ધર્મોનાં કેટલાંક તત્ત્વો વિદ્યમાન હોવાનું પુરાવસ્તુકીય સાધનોથી સૂચિત થાય છે, તો ઋગ્વેદના મંત્રો સૌ પ્રથમ વાર દેવોને રાજી રાખવા કેવી રીતે પ્રાર્થના કરાતી તેનો ખ્યાલ આપે છે. જોકે ઋગ્વેદમાંની સાદી પ્રાર્થનાને સ્થાને બ્રાહ્મણોથી પ્રભાવિત જટિલ ક્રિયાકાંડનું પ્રચલન વધ્યું અને બ્રાહ્મણો તથા શાસકો અને યોદ્ધાઓ વચ્ચેના ગાઢ સંબંધોનો વિકાસ થયો હોવાનું આપણે નોંધી શકીએ. સ્થાપિત સમાજને છોડી સંન્યસ્ત લેનારા ભ્રમણશીલ સાધુઓએ જ નહિ પણ જૈનો અને બૌદ્ધોએ બ્રાહ્મણોના આધિપત્યનો સ્વીકાર કર્યો જ નહિ, તેમ જ બ્રાહ્મણોએ કરેલી જડ સામાજિક તથા નીતિવિષયક નિયમોની હિમાયતનો પણ સ્વીકાર ન કર્યો. આને લઈને વિરોધી ચળવળો શરૂ થઈ જેને માત્ર શાસકોનો જ નહિ બલ્કે વેપારીઓ તેમ જ અન્ય સામાજિક વિભાગોનો પણ ટેકો મળ્યો. પ્રાક્-ગુપ્તકાલમાં બૌદ્ધ ધર્મ તેની કીર્તિની ચરમ સીમાએ પહોંચ્યો હતો. ભારત બહારના દેશોમાં પણ તેનો ફેલાવો થયો અને મોટે પાયે ત્યાં બૌદ્ધ કેન્દ્રો સ્થપાતાં ગયાં. આ દરમિયાન બ્રાહ્મણધર્મમાં તેમ જ વિરોધી પંથોમાં આંતરિક ફેરફારો થવા લાગ્યા. ધાર્મિક દૃષ્ટિ અનુસાર તેમાં મુખ્ય ફેરફાર એ હતો કે ઈશ્વરભક્તિ દ્વારા પરમેશ્વર સમકક્ષ ગણાવા લાગ્યો અને આ પરમેશ્વર મૂર્તિના સ્વરૂપે

પૂજાવા લાગ્યો. બ્રાહ્મણધર્મની બે શાખાઓ વૈષ્ણવ અને શૈવ ધર્મો પ્રત્યે ઘણા લોકોને આકર્ષણ થયું. બૌદ્ધોમાં પણ મૂર્તિપૂજા વ્યાપક બની અને માત્ર બુદ્ધની જ નહિ પણ બોધિસ વોની અને બીજી અનેક મૂર્તિઓની પૂજા થવા લાગી હતી. જૈનો પણ તીર્થંકરોની મૂર્તિઓની, અન્ય ઘણા બધા ગૌણ દેવોની મૂર્તિઓ અને પથ્થરના આયાગપટ્ટોની અને બીજા પદાર્થોની પૂજા કરવા લાગ્યા.

વિવિધ પ્રકારનાં દેવો અને દેવીઓનો સમન્વય કરીને દેવગણની પ્રસ્થાપના કરવા માટે બ્રાહ્મણોએ મૂર્તિપૂજાનો ઉપયોગ કર્યો અને આ રીતે ઘણી દેવીઓ (શકિત સ્વરૂપો) ગુપ્તકાલથી બ્રાહ્મણધર્મમાં પ્રભાવશાળી બની ગઈ. આમ જુઓ તો બ્રાહ્મણધર્મમાં કોઈ જ પ્રકારે એકતા હતી નહિ, અને ધાર્મિક માન્યતાઓ અને ક્રિયાકાંડમાં પણ ઘણું વૈવિધ્ય હતું. બ્રાહ્મણોના પ્રભુત્વનો વિરોધ જુદી જુદી શાખાપ્રશાખાઓમાં પણ થયો, જેમાં પાશુપતો, કૌલ-કાપાલિકો અને કાળમુખા જેવા શૈવ પંથોના સમાવેશ થાય છે. તેઓનાં પોતાનાં અલગ ધાર્મિક માળખાં મઠો અને વિહારો આસપાસ કેન્દ્રિત થયેલાં હતાં. ઘણા રાજવી કુટુમ્બો તરફથી તેમને આશ્રય મળ્યો. આની સાથે સાથે વેદોના વિચારોના ખેડાણ કરનાર તથા વૈદિક યજ્ઞો તથા ક્રિયાકાંડ કરનારા બ્રાહ્મણો પણ રાજ્યાશ્રય પામતા રહ્યા. બ્રાહ્મણોની 'અગ્રહાર' વસાહતો દ્વારા સમગ્ર ભારતમાં બ્રાહ્મણવાદી વિચાર અને આચારનો પ્રચાર થયો. મંદિર પણ એક એવી સંસ્થા બનવા પામ્યું કે જેને લીધે લોકો સંગઠિત અને એકત્રિત થવા લાગ્યા અને વિચારોના ફેલાવામાં અસરકારક કેન્દ્ર તરીકે તેનું સ્થાન બનવા પામ્યું.

છઠ્ઠીથી આઠમી સદીના ભારતમાં આમ સંકુલ વાતાવરણ ધાર્મિક દષ્ટિએ રહ્યું અને તેમાં બ્રાહ્મણોનું મહત્ત્વ વધતું જતું હતું. છતાં કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે:

(1) રૂઢિગત બ્રાહ્મણવાદને પડકાર આપવાનું ચાલુ હતું - ખાસ તો શૈવપંથ અંતર્ગત ચળવળને કારણે સંત-કવિઓ દ્વારા અને તંત્રવાદનો અમલ કરનાર અનુયાયીઓ દ્વારા.

(2) ઘણા ખરા ધર્મોએ - બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન - પોતાનાં મંદિરો, મઠો અને વિહારો જેવા સંસ્થાકીય આધારો વિકસાવ્યા.

(3) શાસકીય તત્ત્વોએ તથા ઉમરાવ વર્ગે ધાર્મિક સંસ્થાઓને, બ્રાહ્મણોને, સાધુઓને, આચાર્યોને અથવા નવા ધર્મોના સ્થાપકોને અને અન્યોને જમીનદાન કરીને સંપત્તિ આપીને તથા અન્ય રીતે સહાય કરી. આવા આશ્રયનાં પગલાંને લીધે શાસકો અને ઉચ્ચ વર્ગો પોતાના જ સામાજિક દરજ્જાને વધુ મજબૂત કરી રહ્યા હતા.

## 39.2 બ્રાહ્મણધર્મમાં ભક્તિનો પ્રાદુર્ભાવ (Emergence of Bhakti in Brahmanism)

ઇન્દ્ર તથા વરુણ જેવા વૈદિક દેવોની સાથોસાથ શિવ અને વિષ્ણુ જેવા દેવોની વધતી મહત્તાનો બ્રાહ્મણોએ સ્વીકાર કરવો જ પડ્યો. સાથે સાથે તેણે વાસુદેવ, સ્કંદ વગેરે જેવા બીજા પણ દેવોને અપનાવ્યા. આ બધાને લીધે 'ભક્તિ' પંથનો વિકાસ થયો.

ઈશુ પૂર્વેની ચોથી સદીની આસપાસ વાસુદેવનો પંથ લોકપ્રિય થવા લાગ્યો. ચંદ્રગુપ્તના દરબારમાં આવેલા મેગેસ્થનીસ જેવા શિષ્ટ લેખકોના અહેવાલોમાં તેનો ઉલ્લેખ મળે છે.

વાસુદેવના પૂજકો 'ભક્તિ'ને યોગ્ય ધાર્મિક અભિગમ માનતા અને પોતાને 'ભાગવતો' કહેવડાવતા. ઈશુની આરંભની સદીના સંખ્યાબંધ અભિલેખો મધ્ય ભારત અને દખ્ખણમાં વાસુદેવના પંથની પ્રચલિતતાની સૂચના આપે છે. તેની સાથોસાથ પાશુપતપંથ પણ ઉદ્ભવ્યો જેઓ શિવ, અથવા 'પશુપતિ', ના (અર્થાત્ ફળદ્રુપતાના દેવના) અનુયાયી હતા. આ પંથ હડપ્પા સંસ્કૃતિના સમયથી બિન-બ્રાહ્મણ જૂથોમાં જીવંત રખાયો હતો.

આ નવા દેવોની લોકપ્રિયતા શુંગ અને કુષાણના સમયમાં ઘણી વધી. શુંગ સમયમાં થઈ ગયેલા પાતંજલિ તેમના 'મહાભાષ્ય'માં સ્કંદ, શિવ અને વિશાખની મૂર્તિઓનાં પ્રદર્શન અને વેચાણ વિશે ઉલ્લેખ કરે છે. કુષાણ રાજાઓના સિક્કાઓ ઉપર પણ આ દેવો કોતરાયેલા છે. ખાસ કરીને હુવિષ્ક રાજાના આવા સિક્કાઓ મળ્યા છે. ઉત્તરકાલના બ્રાહ્મણધર્મની મહત્ત્વની વિશિષ્ટતા નવા નવા પ્રવાહોને સમાવી લેવામાં હતી. બ્રાહ્મણધર્મના વિરોધી (પાખંડીક?) પંથોના પડકારને પહોંચી વળવા માટે આમ કરવું ઘણું જરૂરી હતું. નવા દેવોનો પોતાના દેવગણમાં સમાવેશ કરવા ઉપરાંત બ્રાહ્મણધર્મમાં ક્રિયાકાંડને બદલે હવે પૂજા માટે 'ભક્તિ'ની ભાવના પર વધુ જોર અપાવા માંડ્યું. તેમાં ભગવાન અને ભક્ત વચ્ચે વ્યક્તિગત ભાવનાપૂર્ણ સંબંધનું ખેડાણ અને વિકાસ જોવા મળે છે. શિવ અથવા વિષ્ણુના પ્રગટીકરણમાં ઈશ્વરની જ અભિવ્યક્તિ છે એવી એકેશ્વરવાદની ભક્તિની વિભાવના મજબૂત બનતી ગઈ. 'ભક્તિ' ઝડપથી ઉત્તરકાલના બ્રાહ્મણધર્મ (જેને હિન્દુધર્મ પણ કહેતા)નું ગતિશીલ પરિબળ બની.

### 39.2.1 દેવોનું સમન્વયીકરણ (Syncretism of Deities)

નવા બ્રાહ્મણધર્મનું એક મહત્ત્વનું લક્ષણ હતું: ઘણા સ્થાનિક દેવોનો સમન્વય કરવાની અને તેમ છતાં એકેશ્વરવાદને વિકસાવવાની પ્રતિભા. આ સંદર્ભમાં સમન્વયવાદનો અર્થ એ થશે કે વિભિન્ન લોકો દ્વારા પૂજાતા દેવદેવીઓને એકસમાન ગણવા અને એક જ વરિષ્ઠ દેવના પ્રગટીકરણ તરીકે તેમનું પૂજન કરવું. વૈદિક ગૌણ દેવ વિષ્ણુ સાથે અને બ્રાહ્મણ સાહિત્યમાં ઉલ્લેખિત અસ્પષ્ટ મૂળ ધરાવતા દેવ નારાયણ સાથે વાસુદેવને એક તરીકે ઓળખાવવામાં આવ્યા. પછીથી લશ્કરી વીર અને વાંસળીવાદક ગ્રામીણ દેવના સમન્વિત પ્રતિનિધિ એવા કૃષ્ણના નામ સાથે વિષ્ણુને ગાઢ રીતે સાંકળવામાં આવ્યા. વિષ્ણુ અન્ય પંથોના દેવોમાં પણ સમાવી લેવાયા, દા.ત. માળવાની કેટલીક આટવિક જાતિઓમાં પૂજાતા 'વારાહ' દેવના પંથમાં, એક બ્રાહ્મણવીર 'પરશુરામ' અને 'રામાયણ'ના મુખ્ય પાત્ર 'રામ'ના પંથમાં. આ રીતે ભગવદ્‌ગીતામાં વિષ્ણુ સર્વત્ર પ્રવર્તમાન અને સર્વોચ્ચ દેવતા તરીકે ઊપસી આવ્યા.

તે જ રીતે વૈદિક દેવ રુદ્ર અને આટવિક દેવ ભૈરવ સાથે 'શિવ'નું ઐક્ય સધાયું. ઉપરાંત લિંગના સ્વરૂપે પણ શિવનું પૂજન થતું હતું. પાછળના સમયે સ્કંદ અને ગજમુખી ગણેશ સાથે પણ શિવને સાંકળવામાં આવ્યા.

આ ઈશ્વરવાદી પંથોમાં પણ વૈદિક યજ્ઞો જેવા ક્રિયાકાંડ કરતાં પૂજન પર વધારે ભાર મુકાયો હતો.

### 39.2.2 આટવિક ક્રિયાકાંડનો સ્વીકાર (Adaptation of Tribal Rituals)

પછીના બ્રાહ્મણવાદનું અન્ય મહત્ત્વનું લક્ષણ હતું: વૈદિક યજ્ઞોને માત્ર સિદ્ધાંતમાં જ સર્વોપરી ગણાવતા રહીને આટવિકોના ક્રિયાકાંડનો સ્વીકાર. સમય જતાં આ નવા ક્રિયાકાંડમાંથી ઉદ્‌ભૂત લક્ષણને વૈદિક ઉદ્‌ભૂત લક્ષણ સાથે સમાન ગણાવામાં આવ્યું. ઉપરાંત નવાં તીર્થસ્થાનોમાં આટવિકોનાં પવિત્ર સ્થાનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો. યોગ્ય કથાઓ સાંકળીને તે સ્થાનોને સન્માનિત કરવામાં આવ્યાં. ઇતિહાસ અને પુરાણો આવી ઘણી સામગ્રીથી ભરપૂર છે જેણે ભક્તિને પ્રેરિત કરી.

### 39.2.3 મંદિરોને રાજ્યાશ્રય અને ઈશ્વરવાદ (Royal Support to Temples and Theism)

પુરાણકથાઓએ યાત્રાનાં મુખ્ય સ્થળો સમાં મથુરા અને વારાણસી જેવાં ધાર્મિક કેન્દ્રોની યાત્રાથી મળતા સદ્‌ગુણો (પુણ્ય) અંગે ખૂબ પ્રચાર કર્યો. આને લીધે મંદિર સંસ્થાની વિભાવના મજબૂત બની. હકીકતમાં આ સમયનાં પુરાણો તથા અન્ય કૃતિઓમાં યાત્રાનાં અનેક સ્થળોની યાદીઓ જોવા મળે છે. તેમની યાત્રા માટે મોટી સંખ્યામાં ભક્તો તથા શ્રદ્ધાળુઓ આકર્ષાવા લાગ્યાં, કેમ કે તીર્થયાત્રાથી ઘણું પુણ્ય મળતું. દેવને સ્થાપિત કરવા માટે બંધાયેલું મંદિર હવે પૂજનની જગ્યા બન્યું. ઘરથી દૂર એક જાહેર સ્થળ બનીને ભક્તોને તે આકર્ષવા લાગ્યું. ગુપ્તકાળમાં મંદિરના સ્થાપત્યની શરૂઆત થઈ જેણે ભારતભરમાં મંદિર-સ્થાપત્યની લાક્ષણિક શૈલીનો પાયો નાખ્યો. તે સમયનાં થોડાં ઘણાં જે મંદિરો બચવા પામ્યાં છે તેમાં દેવગઢનું દશાવતાર મંદિર, તિગાવાનું વિષ્ણુમંદિર, અને ભૂમારાનું શિવમંદિર તેમના સૌંદર્ય માટે ખૂબ પ્રખ્યાત છે. મહાકાવ્યો અને પુરાણોમાંની રામ અને કૃષ્ણ સંબંધી કથાઓ મંદિરોના શિલ્પોમાં અભિવ્યક્ત થવા લાગી. દેવગઢના મંદિરમાં આજ સુધી તેની ઉત્કૃષ્ટ કલાત્મકતા જોઈ શકાય છે. ગુપ્ત સમ્રાટોએ વૈષ્ણવપંથ અને શૈવપંથ બન્નેને રાજ્યાશ્રય આપ્યો હતો. પરંતુ મોટા ભાગના ગુપ્ત સમ્રાટોનો વ્યક્તિગત ધર્મ વૈષ્ણવપંથ હતો. એને લીધે મહત્ત્વનાં વૈષ્ણવ કેન્દ્રો અને વૈષ્ણવ શિલ્પો તેમના સમયમાં સંખ્યાની દૃષ્ટિએ વધુ જોવા મળે છે. 'અવતાર'નો વિચાર અથવા વિષ્ણુના અવતારોનો ખ્યાલ ગુપ્તકાલ દરમિયાન વ્યવસ્થિત થયો હોય તેમ જણાય છે. તે અનુસાર વિષ્ણુ પૃથ્વી ઉપર વારાહ, મત્સ્ય કે માનવ તરીકે જન્મે છે જેથી પૃથ્વીને (અધર્મની) કટોકટીમાંથી બચાવી લેવાય.

ઈશુની છઠ્ઠી અને સાતમી સદી દરમિયાન ઉત્તર ભારતમાં રાજ્યાશ્રય મેળવવા અન્વયે શૈવપંથે વૈષ્ણવપંથનું સ્થાન પ્રાપ્ત કર્યું. શૈવપંથના અનુયાયીઓમાં દેશી અને વિદેશી એવા વરિષ્ઠ શાસકોની ગણના થતી હતી, દા.ત. મિહિરકુલ, યશોધર્મા, શશાંક અને હર્ષ. સમકાલીન અભિલેખોમાં પાશુપત અથવા શૈવ આચાર્યોનો નિર્દેશ વખતોવખત જોવા મળે છે, જેમાં શિલાલેખો અને વરાહમિહિર, બાણ અને યુઆન શ્વાંગ જેવાનાં સાહિત્યિક લખાણોનો સમાવેશ થાય છે.

## 39.3 દક્ષિણ ભારતમાં ભક્તિનો પ્રસાર (Spread of Bhakti to the South)

ઉત્તર ભારતના બધા જ મુખ્ય ધર્મો - બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન - દક્ષિણમાં પ્રસારણ પામ્યા. બ્રાહ્મણો પોતાની સાથે વૈદિક 'યજ્ઞ'ની માન્યતા અને બે પંથો - વૈષ્ણવ અને શૈવ - પણ લઈ આવ્યા. રાજાઓ ક્રિયાકાંડમાં વધારે રસ ધરાવતા, કેમ કે તેમને તેનાથી ધાર્મિક પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી. ઈશ્વરવાદી પંથોએ પણ પ્રજાના માનસમાં મૂળ નાંખ્યાં. પરંતુ, છેવટે અન્ય કોઈ ધાર્મિક માન્યતા કરતાં ઈશ્વરવાદી 'ભક્તિ'પંથનો જ ફેલાવો દક્ષિણમાં થયો અને આ વાતને શાસકવર્ગે પણ સ્વીકારી અને તેથી વૈષ્ણવો તેમ જ શૈવો સાથે અન્ય પંથોને પણ તેમણે આશ્રય આપ્યો.

શરૂઆતના વાતાપીના ચાલુક્ય રાજાઓમાંથી કેટલાકે ભાગવત ધર્મ અપનાવ્યો, તો કેટલાકે પાશુપતમતને અપનાવ્યો. બાદામીની પ્રખ્યાત શિલ્પકોતરણીઓ પણ ઈશ્વરવાદી પંથોની લોકપ્રિયતા પુરવાર કરે છે, જે છઠ્ઠી-સાતમી સદીમાં દખ્ખણમાં પ્રભાવશાળી બની ગયા હતા. તે જ પ્રમાણે કાંચીના પલ્લવો પણ તે બન્ને પંથોને રાજ્યાશ્રય આપતા હતા, જેની પ્રતીતિ મહાબલિપુરમ્‌ના 'રથ'અને તેના પરનાં શિલ્પો ઉપરથી થઈ જાય છે.

બ્રાહ્મણોની વસાહતો અને મંદિરતીર્થોની મારફતે દક્ષિણ ભારતમાં ચોક્કસ દેવની પૂજા અને ભક્તિનો ઝડપી ફેલાવો શરૂ થયો, કારણ કે સ્માવતી જમીન અનુદાનો વડે મહાકાવ્યો અને પુરાણકથાઓનું પ્રગટીકરણ સંસ્થાકીય બન્યું. અત્રે એ નોંધવું જોઈએ કે જે રીતે બ્રાહ્મણોએ અગાઉનાં ધાર્મિક સ્વરૂપોનો કાયાકલ્પ ઉત્તર ભારતમાં મંદિર-કેન્દ્રી આસ્તિક (ઈશ્વરવાદીય) સંસ્કૃતિ તરીકે કર્યો તેનો જ અમલ દક્ષિણ ભારતમાં પણ તેમણે કર્યો.

## 39.4 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન (Bhakti Movement in South India)

ઈશ્વરવાદી 'ભક્તિ'નું અંતિમ સ્વરૂપ મુખ્યત્વે ઘડાયું તમિળ ભક્તિભાવની અસરને પરિણામે. આ ભક્તિભાવ એ ભાવોન્માદી સ્થાનિક આટવિક સંપ્રદાય (દા.ત. વેલન વેરિયાદલ) અને ઉત્તરના આસ્તિકવાદના મિલનનું પરિણામ હતું. આ સંમિશ્રણની પ્રક્રિયા તિરૂપતિ અને કલહસ્તિ સ્થળોએથી શરૂ થઈ, જે તે સમયે તમિળદેશનાં ઉત્તરદ્વાર બન્યાં હતાં. ત્યાર બાદ તો પલ્લવોની રાજધાની કાંચીપુરમ્‌ની આસપાસ વિસ્તૃત થઈ અને ત્વરિત ગતિથી પાંડ્યોની રાજધાની મદુરાઈ ભણી વિકાસ પામી. મુરૂગની પ્રખ્યાત કૃતિ 'થિરૂ મુરૂગુ અરૂપ્પદાઈ'માં આટવિકોના એક દેવતાનો સમન્વય સ્કંદ સાથે કરવામાં આવ્યો છે તે આ સંમિશ્રણની પ્રક્રિયાનો પૂર્વકાલીન ઉત્તમ નમૂનો પૂરો પાડે છે.

જ્યારે બે ઈશ્વરવાદી પંથો - શૈવપંથ અને વૈષ્ણવપંથ - અપનાવાયા ત્યારે સત્વરે તમિળ ભક્તિવાદ એક મહાન આંદોલન બની ગયું. કેવળ દેવ પ્રત્યેની ભાવોન્માદી ઉત્કટ ધર્મનિષ્ઠાથી જ નહીં પણ રાજવી સહકાર પ્રાપ્ત કરનાર લોકોમાં જેની લોકપ્રિયતા વધતી જતી હતી તેવા વિરોધી (પાખંડી) સંપ્રદાય વિરુદ્ધ આક્રમક અને લડાયક મિજાજથી તમિળ ભક્તિ આંદોલન ઓળખાવા લાગ્યું.

ઉચ્ચ કક્ષાના મિશનરી ઉત્સાહથી જેઓ ઘણી વાર દેશના ખૂણે ખૂણા ફરી વળ્યા હતા તેવા શક્તિશાળી સંતકવિઓએ આ આંદોલનનું છઠ્ઠી સદીમાં નેતૃત્વ સંભાળ્યું. ભ્રમણ કરતાં કરતાં તેમણે ઋચાઓ ગાઈ, નૃત્ય કર્યું અને વિરોધીઓ (પાખંડીઓ) સાથે વિવાદ પણ કર્યો. આ સ્તોત્રસંગ્રહી સંત કવિઓમાંના શૈવસંતો 'નયન્માર' તરીકે અને વૈષ્ણવ સંતો 'આલ્વાર' તરીકે ઓળખાય છે. ધાર્મિક ઉત્સાહનું આ મહાન મોજું તેની ચરમ સીમાએ સાતમી સદીના પ્રારંભમાં પહોંચ્યું, અને તેના મુખ્ય વિજયો બે સદી પછી પ્રાપ્ત થયા. આ સમયના સંતકવિઓની રચનાઓ વિધર્મી જૈનો અને બૌદ્ધો પ્રત્યેના તિરસ્કાર અને ઘૃણાની ભાવનાને સ્પષ્ટ શબ્દોમાં વર્ણવે છે. પરિણામે જાહેર વિવાદો, ચમત્કાર કરવાની સ્પર્ધા અને એકબીજાના સિદ્ધાન્તોની પરીક્ષાની વિવિધ રીતો (જેમાં શારીરિક કષ્ટો પણ હતાં)નો સમાવેશ આ સમયની લાક્ષણિકતા બની રહ્યાં.

આ સપ્ત કવિઓની લોકપ્રિયતાનાં બીજાં પણ કેટલાંક કારણો હતાં. બ્રાહ્મણોએ સંસ્કૃતભાષાના માધ્યમ મારફતે અને રહસ્યમય સિદ્ધાન્તો દ્વારા હિન્દુધર્મનો ફેલાવો કર્યો. આથી વિપરીત આ સંતકવિઓએ લોકમાન્ય ભાષા (તમિળ)માં રચનાઓ કરી અને આજે પણ લોકો તે રીતે ભજનો ગાઈને ધર્મનો પ્રચાર કરે છે. તેમનો ભક્તિમાર્ગ એ અલૌકિક અને અકલ્પનીય દેવ પ્રત્યેના આદરભાવરૂપ ન હતો, પરંતુ નિકટવર્તી દેવ પ્રત્યેના સ્નેહાળ પ્રેમસ્વરૂપ હતો. આ ભક્તિના પ્રભાવ (મોભ) સામે ટકી શકવા અશક્તિમાન હોવાથી અને તેને રાજ્યાશ્રય

પણ પ્રાપ્ત થયો હોવાથી જૈન અને બૌદ્ધ ધર્મોએ દક્ષિણ ભારતમાંથી વિદાય લેવી પડી.

## 39.5 દક્ષિણ ભારતના ભક્તિ આંદોલનમા વિરોધ, સુધારા અને પછીથી પરિવર્તન (Protest and Reform in the Bhakti Movement of the South and later Transformation of the Bhakti Movement)

બ્રાહ્મણો જ્યારે જાતિનિયમનમાં ખૂબ જ સંડોવાયેલા રહ્યા ત્યારે ભક્તિઆંદોલને જ્ઞાતિપ્રથાને અવગણી તો ખરી જ, પણ બધા વર્ણનાં સ્ત્રીઓ તેમ જ પુરુષોને પણ આવકાર્યા. નયન્માર કરાઈકકલમાં 'અમ્માઈ' નામની એક સ્ત્રી હતી અને 'નન્દનાર' એક દલિત જાતિનો સભ્ય હતો. 'આલ્વારો'માં પણ 'અંદાલ' એક સ્ત્રી હતી અને 'થિરુપ્પન' એક 'નીચી' અથવા 'હલકી' જાતિનો કવિ હતો. આથી સમગ્ર આંદોલનમાં વિરોધ અને સુધારાનાં તત્ત્વો એક સાથે નિહિત થયાં હતાં. સત્વરે તે સંસ્થાસ્વરૂપ બન્યું અને રૂઢિચુસ્ત બ્રાહ્મણોથી ઘેરાઈ ગયું.

છઠ્ઠીથી આઠમી - સદી દરમિયાનની રાજાશાહીનાં વિકાસ અને સ્થાપનાને સમાંતરે ભક્તિઆંદોલન પણ વિકાસ પામતું ગયું, પ્રથમ પલ્લવો હેઠળ અને પછી ચૌલ, પાંડ્ય અને ચેરા રાજ્યવંશો હેઠળ. લગભગ બધા જ શાસકવંશોએ સમગ્ર તામિળનાડુમાં ઘણી મોટી સંખ્યામાં શિવ અને વિષ્ણુ માટેનાં ખડકમંદિરો કોતરાવ્યાં અને કેટલાંય મંદિરોનું નિર્માણ કર્યું.

આ મંદિરોને અફાટ જમીન-સંપત્તિ દાનમાં મળી હતી અને તે પણ કરમુક્ત રાખી હતી. દક્ષિણ ભારતનાં મંદિરોની દીવાલો ઉપરના હજારો સખાવતી લેખો પરથી જાણી શકાય છે કે વિશાળ સ્વરૂપનાં જમીનનાં દાન બ્રાહ્મણોને આપવામાં આવ્યાં હતાં. આમાંથી રાજા-પુરોહિતોની ધરીનો વિકાસ થયો. રાજાશાહીના ખ્યાલોને અનુરૂપ એવી મંદિરકેન્દ્રી સમૃદ્ધ ભક્તિને રાજાઓએ ઉષ્માથી આવકારી. બ્રાહ્મણોએ પણ આ બાબત સ્વીકારી કેમકે તેથી બ્રાહ્મણ ધર્મને સંસ્થાગત મંદિરકેન્દ્રી કૃષિવિષયક વસાહતોનો ઝડપથી લાભ મળવા પામ્યો.

દરેક સ્થળે ધાર્મિક જીવનનું કેન્દ્ર સ્થાનિક મંદિર બન્યું અને સાથે જ નવી સામાજિક રચનાનું પણ કેન્દ્રબિન્દુ બન્યું. ક્રિયાકાંડી વૈદિક પંથ અને આસ્તિક ભક્તિવાદ જેવી બ્રાહ્મણધર્મની બે ભુજાઓનું મિલન આ મંદિરોમાં થયું. દક્ષિણ ભારતની મૂળ આટવિક પ્રજાઓને મંદિરકેન્દ્રી ભક્તિએ સર્વલક્ષી જ્ઞાતિપ્રથામાં આકર્ષ્યા, અને જ્ઞાતિપ્રથાની સોપાનશ્રેણીમાં તેમને ગોઠવી આપવામાં સહાય કરી. આ વ્યવસ્થામાં બ્રાહ્મણોને ધ્રુવકેન્દ્રમાં રાખીને આટવિક પ્રજાઓનું કર્મકાંડવિધિ માટેની અને સમાજની સોપાનશ્રેણીમાં તેમનાથી અંતર મુકરર કરી આપ્યાં જેના દ્વારા તેમનો સામાજિક દરજ્જો જ્ઞાત થઈ શકતો. ભક્તિની વિભાવનાએ રાજાઓ, પુરોહિતો અને સામાન્ય લોકોને એક જ સામાજિક માળખામાં પોતપોતાના અંતર્ગત સંબંધોની સ્પષ્ટતા સાથે એકત્ર કરી આપ્યાં એમ કહી શકાય.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(ક) મંદિરોમાં પ્રાપ્ત રાજ્યાશ્રયનાં કારણો વિશે પાંચ લીટીમાં ચર્ચા કરો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(ખ) દક્ષિણ ભારતમાં બ્રાહ્મણધર્મ કરતાં ભક્તિઆંદોલન કઈ રીતે જુદુ હતું તેની દસેક લીટીમાં ચર્ચા કરો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 39.6. તાંત્રિકવાદનો ઉદ્ભવ (Emergence of Tantrism)

આર્યેતર આટવિક વર્તુળોની ફળદ્રૂપતાની પ્રાથમિક વિધિઓમાંથી જે ધાર્મિક ક્રિયાઓ ઉદ્ભવી તે પછીથી તંત્રવિદ્યા તરીકે ઓળખાઈ. આ વિદ્યા અન્ય સંસ્કૃત પંથો (જૈન, બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ વગેરે)માં માત્ર ફેલાઈ ગઈ એટલું જ નહિ પણ આ બધા પંથોની સામે પડકારરૂપે અને પ્રતિક્રિયારૂપે તેનો ઉદ્ભવ થયો, કારણ કે આ બધા પંથોએ (સંપ્રદાયોએ) છઠ્ઠીથી આઠમી સદી દરમિયાન, સ્થાપિત હિતો અને સંસ્થાકીય લક્ષણો વિકસાવ્યાં. ધર્મના પ્રસ્થાપિત સ્વરૂપે તંત્રવાદનું રૂપાંતર કર્યું, અને રહસ્યમય અર્થઘટનો તથા પ્રતીકો મારફતે તેને ઉન્નત કરવાના પ્રયાસો થયા. આથી આધુનિક શિક્ષિત લોકોની દૃષ્ટિએ તંત્રવાદનો અર્થ છે મત્સ્ય, માંસ, મદ્ય, મૈથુન અને મુદ્રા જેવાં પાંચ 'મ'કાર વિધિઓથી થતી પ્રવૃત્તિ.

### 39.6.1 તંત્રવિદ્યાનાં કેટલાંક મુખ્ય લક્ષણો (Some Main Features of Tantrism)

પ્રત્યેક યુગમાં કેટલીક એવી વસતી હોય છે જ જે અંધશ્રદ્ધા, ઉર્વરિતાને લગતી વિદ્યાઓ અને રહસ્યમય આટવિક ધર્મોની જરૂરિયાત ધરાવતા હોય. સામાન્ય રીતે, પ્રવર્તમાન 'સ્વીકૃત' અને 'સુસંસ્કૃત' ધર્મો જ્યારે લોકોને સંપૂર્ણ સંતોષ આપી ન શકે ત્યારે આવી રહસ્યમય વિધિઓ શીખવા-શીખવવાનું કામ યુગો દરમિયાન ચાલુ જ રાખતા આવ્યા હતા. છઠ્ઠીથી આઠમી સદીની તાંત્રિક વિધિઓમાં આપણે ત્રણ મહત્ત્વનાં લક્ષણો જોઈ શકીએ છીએ, જે પરસ્પર સંકળાયેલાં હતાં. તે છે : સ્ત્રીઓને બક્ષેલું ઊંચું સ્થાન, કામુક વિધિઓ અને ઘણી દેવીઓનું અસ્તિત્વ.

આટવિકોની ફળદ્રૂપતાની વિધિઓમાં આનાં મૂળ સમાયેલાં છે. બધા જ આટવિક વિસ્તારોમાં સ્ત્રીઓ સ્પષ્ટ રીતે ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. સંસ્કૃત કૃતિઓમાં સ્ત્રીઓની શૂદ્રો સમાન કક્ષા ગણવામાં આવતી હોવાને પરિણામે તેઓનો પારંપરિક ધાર્મિક મોભો ઉન્નત કરવા માટે તંત્રવિદ્યાનો માર્ગ પસંદ કરવો જરૂરી બન્યો.

એવી જ રીતે, ભારતના અને અન્યત્ર પ્રદેશોના આટવિક લોકોમાં કામુક વિધિઓ એમની ધાર્મિક ક્રિયાઓમાં એક મહત્ત્વનો ભાગ બની રહે છે. આટવિકોની માન્યતા એવી હતી કે આવી વિધિઓ પૃથ્વીની ફળદ્રૂપતાને પ્રોત્સાહિત કરે છે.

તંત્રવાદમાં દેવીઓની મહત્તાનું કારણ એ છે કે આટવિક પ્રદેશોમાં માતૃદેવીના પંથનું વ્યાપક પ્રચલન હતું. આ મૂળગત દેવીઓ બ્રાહ્મણધર્મમાં 'શક્તિ' તરીકે, બૌદ્ધ ધર્મમાં 'તારા' તરીકે અને જૈન ધર્મમાં 'યક્ષિણી'ઓ તરીકે સ્થાન પામી. છઠ્ઠી-આઠમી સદીની કૃતિ 'ગૌડવાહ', જે પ્રાકૃત ભાષામાં પ્રાપ્ય છે, તેમાં કાલિ અને પાર્વતીને 'કોળ' જેવી જનજાતિ સાથે સાંકળી લેવામાં આવ્યાં છે, અને સબરસ શક્તિને 'માતંગી' નામ આપવામાં આવ્યું છે. (જે 'માતંગ' નામની જનજાતિ પર આધારિત છે.), તેનું બીજું (ચંડાળોની દેવી તરીકે) નામ ચાંડાલિની અપાય છે. ગુપ્તકાળના અંતમાં ઘણી આટવિક દેવીઓ ઉચ્ચ સંપ્રદાયોમાં સમાવી લેવામાં આવી હતી, ખાસ કરીને તેમની ઘણી ચમત્કારિક વિધિઓ, ધાર્મિક કામુકતા અને પશુબલિદાનનું નવું સ્વરૂપ અપનાવી લેવામાં આવ્યાં હતાં. છઠ્ઠીથી આઠમી સદી દરમિયાન આ બધું મહત્ત્વનું બની રહ્યું. છઠ્ઠી સદીમાં તંત્રવાદ ધાર્મિક લક્ષણ તરીકે ઊભરી આવ્યો અને નવમી સદી સુધીમાં એક મજબૂત પરિબળ બની ચૂક્યો.

છઠ્ઠીથી આઠમી સદી દરમિયાન તંત્રવાદે પોતાની મૂળગત લાક્ષણિકતા ગુમાવી દીધી હોવા છતાં પણ તેને રાજાઓનો, અધિકારીઓનો અને તંત્રવાદને સુસંસ્કૃત કરનાર વરિષ્ઠ વર્ગોનો આશ્રય મળ્યો. તેમ છતાં બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ જેવા મુખ્ય ધર્મો માટે તંત્રવાદ એક નવા પડકારરૂપ બનવા લાગ્યો.

તંત્રવિદ્યાના પૂજારીઓએ બ્રાહ્મણોની વિરલ પ્રારંભિક વિધિઓને પડકાર ફેંક્યો હતો. જો બ્રાહ્મણો વૈદિક વિધિઓને કારણે શ્રેષ્ઠતાનો દાવો કરતા તો આટવિક પૂજારીઓ પણ રહસ્યમય વિધિઓ અને કામુક-યૌગિક ક્રિયાઓ દ્વારા જાદુઈ શક્તિનો દાવો કરતા. આમ, બ્રાહ્મણધર્મની વ્યવસ્થામાં જેમને ઊતરતું સ્થાન આપવામાં આવ્યું હતું તે સ્ત્રીઓ અને નીચલા વર્ણોને દીક્ષાની જોગવાઈ બક્ષીને તંત્રવાદે મહત્ત્વનો સામાજિક હેતુ સાધ્યો.

તાંત્રિક પૂજારીઓ સંખ્યાબંધ કર્મકાંડના નિપુણ હોવાનો દાવો કરતા, જેમાં ગૂઢ આચરણ અને કાષ્ઠૌષધિઓ અને ઇલાજોનો સમાવેશ થતો જેથી ફક્ત સર્પદંશ, જીવાતોના ડંખ વગેરે બીજી પણ ઉપાધિઓના ઉપચાર જ નહિ પણ સાથે સાથે ભૂતપ્રેતાદિ ગ્રહોની ખરાબ અસરોથી રક્ષણ પણ અપાતું. આ રીતે આપણા અભ્યાસ હેઠળના સમયખંડ દરમિયાન તંત્રવિદ્યાના પુરોહિત વૈદ્યો, જ્યોતિષીઓ, ગ્રહશમન કરનાર કર્મકાંડીઓ તરીકે પણ કાર્ય કરતા હતા.

### 39.6.2 તાંત્રિકવાદ અને વિધર્મો (Tantrism and the Heterodox Religions)

ઘણી આરંભિક ફળદ્રુપતાની વિધિઓ વધુ ઉન્નત સ્વરૂપે ફરીથી દેખાવા લાગી. તંત્રવિદ્યા તરીકે અને બૌદ્ધ, જૈન તથા બ્રાહ્મણધર્મના ધર્મશાસ્ત્રોના સ્વરૂપે તેમાં સમાવેશ પણ પામી.

બુદ્ધ તથા મહાવીરના સમકાલીન તાંત્રિક ગુરુ ''મખ્ખલી ગોશાલ'' દિગંબર અવસ્થામાં જ હરતા-ફરતા હતા, એટલું જ નહિ પરંતુ મદ્યપાન કરી કામોન્મત્ત કામુક વિધિઓ પણ કરતા, જેનાં મૂળ નિશ્ચિત રૂપે આરંભિક આટવિક વિધિઓમાં હતાં. બૌદ્ધ અને જૈન ધર્મે પોતાના પ્રારંભકાળ દરમિયાન તંત્રવિદ્યાના આચારો પોતાના પંથોમાં પ્રવેશી જાય નહિ તેની ખાસ તકેદારી રાખી હતી. પોતાના પ્રારંભકાળના વિકાસમાં બૌદ્ધ તથા જૈન ધર્મોએ મૂર્તિપૂજાનો સિદ્ધાન્ત, ક્રિયાકાંડની વિધિઓ અને નીતિમત્તાના વિનાશ માટેના યજ્ઞો વિરુદ્ધ વ્યવસ્થિત પ્રતિકાર જંગ ચલાવ્યો હતો. મોક્ષ અથવા નિર્વાણ મેળવવા માટે આત્માની પવિત્રતા ઉપર તેમણે વિશેષ ઝોક આપ્યો હતો.

કુષાણકાળ દરમિયાન બૌદ્ધ ધર્મની મહાયાન શાખાએ મૂર્તિપૂજાનો સ્વીકાર કર્યો. મહાયાન શાખામાંથી તંત્રવિદ્યાના સિદ્ધાન્તો અપનાવીને આંધ્ર પ્રદેશમાં ઉપશાખા ઉદ્ભવી હોવાનું જણાય છે, જેને મંત્રયાન અથવા વજ્રયાન તરીકે ઓળખવામાં આવે છે. આંધ્ર અને કલિંગમાંથી ઈશુની ત્રીજી સદીથી ઘણી તંત્ર-રચનાઓ લખાઈ અને વંગ (બંગાળ) અને મગધમાં તેનો પ્રચાર થવાથી પાલ રાજાઓના સમયમાં નાલંદામાં તંત્રવિદ્યાના અભ્યાસનું મોટું કેન્દ્ર પણ વિકાસ પામ્યું. 'શ્રીગુહ્ય સમાજ તંત્ર' નામનું પુસ્તક ત્રીજી સદીમાં રચાયું હોય એમ જણાય છે. વજ્રયાન તંત્રસાહિત્ય એટલું વિપુલ છે કે તેનાં નામોની સામાન્ય યાદી જે તિબત્તી ભાષામાં પ્રાપ્ય છે તે ત્રણ વિશાળ ગ્રંથોનું કદ ધરાવે છે.

ઈશુની આરંભની સદીમાં જૈન ધર્મમાં પણ મૂર્તિપૂજા અને વિધિઓ દાખલ થઈ. (ત્રીજી સદીના) સામંતભદ્રે તેમના 'પૌમચરિય'માં મંદિરની પૂજા અને વિધિઓની ખૂબ પ્રશંસા કરી છે. જૈન, પૌરાણિક અને અન્ય સાહિત્યમાં એવો ઝોક છે કે આદિનાથના ભક્તો શત્રુઓ પર વિજય મેળવી શકે છે અને ભૂતપ્રેત તથા રોગોથી બચી શકે છે.

અન્ય ધર્મોની જેમ જૈન ધર્મમાં પણ છઠ્ઠી સદી દરમિયાન તંત્રવિદ્યાએ મોટા પાયા ઉપર પ્રવેશ કર્યો. પરિણામે અનેક યક્ષો તથા યક્ષિણીઓ (તીર્થંકરોની સેવામાં રહેતા નાનાં દેવદેવીઓનો ગણ) તથા મોટી સંખ્યામાં મંત્રો (અથવા જાદુઈ સૂત્રો) તેમને આનંદિત કરવા માટે રચવામાં આવ્યા. જાદુ અને ચમત્કારોને માન્યતા આપતી ઘણી જૈન કૃતિઓ પદ્માવતી, અંબિકા, સિદ્ધાયિકા, જ્વાલામાલિની જેવી યક્ષીદેવીઓની પૂજાનું મહત્ત્વ સમજાવે છે. એમ મનાતું કે આ યક્ષીઓ પોતાના ભક્તોને અમાનવીય શક્તિઓ પ્રદાન કરી શકતી. કર્ણાટકમાં છઠ્ઠી-આઠમી સદીઓ દરમિયાન જૈનોની 'યાપનીય' શાખા તંત્રવાદના પ્રચારમાં અગ્રણી હતી.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) તંત્રવિદ્યાનાં મુખ્ય લક્ષણો દસ લીટીમાં જણાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

(ખ) તંત્રવિદ્યાનો (પાખંડી?) વિરોધી ધર્મો સાથેનો સંબંધ કેવો હતો ? દસેક લીટીમાં ઉત્તર લખો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 39.7 સારાંશ

આ એકમમાં તમે જોયું કે બ્રાહ્મણધર્મે નવાં દેવદેવીઓની વધતી મહત્તાને કેવી રીતે સ્વીકારવી પડી, અને તેથી તેમણે ઘણા લોકપ્રિય દેવીદેવતાઓને પોતાનામાં સમાવી લીધાં. વિભિન્ન ધાર્મિક પંથોમાંથી ''ભક્તિપંથ'' ઉદ્ભવ્યો અને દક્ષિણ ભારતમાં ખૂબ પ્રભાવશાળી બન્યો. તેમાં જાતિવાદને સ્થાન નહોતું અને બ્રાહ્મણધર્મની સરખામણીએ ભક્તિઆંદોલનમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી ઉન્નત હતી. દેવીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો - ખાસ કરીને તાંત્રિકવાદમાં. તંત્રવાદની વિધિઓ ધીમે ધીમે 'સભ્ય' અથવા 'સંસ્કૃત' ધર્મોમાં પણ દાખલ થઈ ગઈ.

## 39.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આલ્વારો (Alvars) :** છઠ્ઠી-આઠમી સદીના તામિળ દેશમાં થયેલા વૈષ્ણવ સંતો જેની સંખ્યા 12 હતી.

**તંત્રવાદ (Tantrism) :** પ્રાથમિક કક્ષાની જનજાતિઓ, આટવિકોમાં ફળદ્રુપતા/ઉર્વરિતાની પૂજાના સિદ્ધાન્તો અને વિધિઓ આર્યેતર લોકોમાં હતી, તેઓનો ધર્મ. પછીથી તે 'સભ્ય' કે 'સંસ્કૃત' ધર્મોમાં ઉદા ા સ્વરૂપ પામીને અપનાવાયેલા સિદ્ધાન્તો/વિધિઓ બન્યાં.

**નયન્માર (Nayanmar) :** છઠ્ઠી-આઠમી સદીના શૈવ ભક્તસંતો જેમની સંખ્યા 63 હતી અને તેમાંના કેટલાક અત્યંત ઉચ્ચ કક્ષાના કવિઓ હતા.

**નિર્વાણ (Nirvana) :** આત્માની મુક્તિ અથવા મોક્ષના વિચારને વિરોધી (પાખંડી?) ધર્મોએ આપેલું નામ.

**પાશુપતો (Pasupatas) :** શિવ અથવા પશુપતિના ભક્તો. તેમનો પંથ ઉત્તર ભારતમાં શરૂ થયો અને તેમાં કેટલાંક વિશિષ્ટ તાંત્રિક લક્ષણો હતાં.

**બ્રાહ્મણવાદ (Brahmanism) :** બ્રાહ્મણોની નેતાગીરી હેઠળનો સમન્વયકારી ધર્મ. વૈદિક વિધિઓને સૈદ્ધાન્તિક રીતે હરહંમેશ સર્વોચ્ચ પદે રાખીને તેમાં ભક્તિ, ઘણા આટવિક દેવીદેવતા તેમ જ વિધિઓનો પણ સમાવેશ કરતો ધર્મ.

**ભાગવત (Bhagavata) :** વાસુદેવ-કૃષ્ણના ભક્ત

**મુરૂગ (Muruga) :** પૂર્વકાલીન તામિળ લોકોના આટવિક દેવતા, જેનો ત્રીજી-ચોથી સદીમાં બ્રાહ્મણ ધર્મમાં સ્કંદ-કાર્તિકેય તરીકે સમાવેશ થયો.

**યજ્ઞ (Vajna) :** એક જટિલ વિધિ જેમાં પાછલા વૈદિક સમયમાં પશુબલિનો એક વિધિ પણ થતો.

**વિરોધી ધર્મો(પાંખડી?) (Heterodox Cults) :** જૈન, બૌદ્ધ અને આજીવિક પંથો, જેમણે પ્રારંભમાં વૈદિક વિધિઓ તેમ જ પછીથી બ્રાહ્મણોના પ્રભુત્વને નકાર્યું.

**વેલાન વેરિયાદલ (Velan Vriyadal) :** મુરૂગને કેન્દ્રમાં રાખીને પ્રાચીન તામિળ જનજાતિઓમાં કામુક-વિધિઓ ધરાવતો એક પંથ.

**વૈષ્ણવ પંથ (Vaishnavism) :** સામાન્ય શબ્દ જે એ એવા બધા પંથો માટે વપરાય છે જે વિષ્ણુને સર્વોપરી દેવ માને છે. આ પંથમાં પણ સ્થાનિક વૈવિધ્ય વિપુલ પ્રમાણમાં છે.

**શૈવ માર્ગ/પંથ (Saivism) :** કોઈ પણ એવો પંથ જેમાં શિવનો સર્વોચ્ચ દેવતા તરીકે સ્વીકાર થતો હોય. આ પંથમાં ઘણી સ્થાનિક વિવિધતા હોય છે.

## 39.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) જુઓ 39.2.3

(ખ) જુઓ 39.3 અને 39.4

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) જુઓ 39.6.1

(ખ) જુઓ 39.6.2

## 39.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

R.S.Sharma, *Indian Feudalism*

Romila Thaper, *History of India V.I.*